Reffered Peear Review Journal ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ અંક : ૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : અર્થવ્યવસ્થામાં 'K' આકારની વૃદ્ધિથી અસમાનતા - ગરીબી અને ભૂખમરાનો પડકાર | ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | એકવીસમી સદી માટે ગાંધીનો માનવવાદ | વિદ્યુત જોષી | 05 |
| 3. | ભારતમાં ઔદ્યોગિક અને શ્રમનું સમાજશાસ્ત્ર પ્રો.નારાયણ રણછોડલાલ શેઠ (N. R. Sheth)ની સાથે એક મુલાકાત - ભાગ - 2 | ડૉ. એન. રાજારામ | 11 |
| 4. | સમાજશાસ્ત્રી : પ્રો. વાય. એ. પરમાર | પ્રો. મનુભાઈ એચ. મકવાણા | 31 |
| 5. | લોકરાજા શાહુ મહારાજ | ડૉ. હરપાલ બૌદ્ધ | 35 |
| 6. | સ્ત્રીઉન્નતિ અંગે ગાંધીજીની વિભાવના | ડૉ. હરિભાઈ એમ. પટેલ | 40 |
| 7. | આત્મહત્યાનું નારીવાદી અર્થઘટન | ડૉ. પરેશ ચૌહાણ | 45 |
| 8. | સ્ત્રીસશક્તીકરણનાં સમર્થક - શ્રી વસુબહેન | ડૉ. ચંદ્રિકા રાવલ | 60 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - 380009

**સંપાદન :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**લેખ મોકલવા માટેનું સરનામું :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૩, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે,
જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર,
અમદાવાદ-380008. ફોન : 9879278128
email : bjbrahmbhatt1@yahoo.co.in

**પરામર્શન :**
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**
વાર્ષિક લવાજમ : રૂ. 100-00


**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ-સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન-પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.


## ગુજરાત સામાજિક સેવામંડળ
## કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| 1. | શ્રી થોમસભાઈ પરમાર | પ્રમુખ |
| 2. | શ્રી હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | શ્રી ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | શ્રી રમેશભાઈ બી. શાહ | સભ્ય |
| 5. | શ્રી વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 6. | શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ | સભ્ય |
| 7. | શ્રી ધવલભાઈ મહેતા | સભ્ય |
| 8. | શ્રી અરુણભાઈ વાઘેલા | સભ્ય |
| 9. | શ્રી અલ્પેશભાઈ પ્રજાપતિ | સભ્ય |


### ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ :** આજીવન સભ્ય બનનારને ‘સમાજકારણ’ અંક પહોંચાડવામાં આવે છે.

મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-

‘અંતર્મુખ થઈ જા અને તારા અંતરને જો. તેમ કરતાં પણ તને તારામાં સૌંદર્ય ન દેખાય તો શિલ્પકાર જેમ મૂર્તિને વિશે કરે છે તેમ તું કર. મૂર્તિ સુંદર તો થવી જ જોઈએ. એટલે અમુક ભાગ તે કાપી નાખે છે. અમુક ભાગ છોલી નાખે છે. આમ ઘડતો ઘડતો તે પોતાની મૂર્તિને સુંદરતા અર્પે છે. તે પ્રમાણે તું પણ કર. તારામાં જે અતિશયતા હોય તે ફેંકી દે, વક્તા હોય તે કાઢી નાખ અને ઋજુતા ધારણ કર.’

**-ગાંધીજી**


**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

**સંપાદકીય** — ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## અર્થવ્યવસ્થામાં 'K' આકારની વૃદ્ધિથી અસમાનતા — ગરીબી અને ભૂખમરાનો પડકાર

મહામારી કોરોનાએ સમગ્ર વિશ્વને વિકાસની પટરી ઉપરથી ઉતારી દીધું, ઘણાબધા દેશોના વિકાસવૃદ્ધિદર માઈનસમાં લાવી દીધા. મહામારી કોરોનાએ ઉદ્યોગ, વેપાર-ધંધા, સેવાવિષયક પ્રવૃત્તિઓની રફતાર અટકાવી દીધી. તો કેટલીક તો બંધ જ થઈ ગઈ અને કેટલીક નામ-માત્ર ચાલુ રહી. લોકોની કામ કરવાની રીતભાતો બદલાઈ, વર્ક ફ્રોમ હોમ, હોમ ડિલિવરી સાથેના વેપાર એવા અનેક નવા ખ્યાલો બજારમાં - વ્યવસાયમાં પ્રચલિત થયા. કોરોનાને લીધે દુનિયાના વિવિધ દેશોમાં લદાયેલા લૉકડાઉને સૌથી વધુ અસર અર્થવ્યવસ્થા અને કુટુંબજીવન પર કરી છે.

કોરોના મહામારીમાં લોકડાઉન પછી વિશ્વમાં જે અર્થવ્યવસ્થાની રિકવરીનો વૃદ્ધિ-વિકાસ થયો છે તેની પૅટર્ન જોતાં ખ્યાલ આવે છે કે અર્થવ્યવસ્થાની રિકવરી K આકારની બની રહી છે. આપણે જાણીએ છીએ કે સામાન્ય રીતે અર્થવ્યવસ્થા V, W, L, U તેમજ K આકારમાં વિકસતી હોય છે. પરંતુ હાલમાં તે K આકારમાં વિકસી રહી છે. K આકારની અર્થવ્યવસ્થા કે રિકવરી શબ્દને અમેરિકન અર્થશાસ્ત્રી અને લેખક પીટર ઍટવૉટરે (Peter Atwater) પ્રચલિત કર્યો. એમનું કહેવું છે, The biggest and welthest have been on clear path toward recovery.

Meanwhile for most small business and those worst off, things have only become worse. The contrast is piercing : One group feels better than even while the other burden on hoelessness એટલે કે આ પૅટર્નમાં જે સુખી-સંપન્ન, ધનવાન લોકો છે તેમનો વધુ વિકાસ થાય અને મધ્યમ - ગરીબ વર્ગનો નહિવત્ વિકાસ થાય. બીજા અર્થમાં બે વર્ગ વચ્ચેની ખાઈ વધે છે. આવું હાલ બની રહ્યું છે, તેની ચર્ચા લૉકડાઉન દરમિયાન મે મહિનાથી આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) કહેવાનું શરૂ કર્યું. વર્લ્ડ ઇકોનોમી ફોરમમાં IMFએ બ્લોગ લખ્યો હતો. જેનું શીર્ષક આવું હતું : "The pandemic will leave the poor further disadvantage" — જે ગરીબ છે તેની પાસે કશું જ નહીં રહે. ગરીબોને ખૂબ વેઠવાનું આવ્યું છે. આ જ બાબતને સમર્થન આપતી બે પોસ્ટ જોઈએ. CNBC 5th Sept Jeff Cox : "Worries grove over K shaped economic recovery that favours healthy." એટલે કે ધનવાનોને ફાયદો થયો છે, જ્યારે ગરીબ વર્ગને વધુ તકલીફો વેઠવાનું આવ્યું છે. ભારતમાં જ્યાં આર્થિક અસમાનતા પહેલેથી જ વધુ છે તે આપણી અર્થવ્યવસ્થા માટેની એક પોસ્ટ The Printમાં જોવા મળે છે : "Indian economy is heading for K shape recovery and won't be a pretty sight."

"K shape recovery means the grooving gap betwen winners and losers. An example in India is stock market being healthy while millions have lost their job" જોબ અંગે તો વૉશિંગ્ટન પોસ્ટમાં ટોમ પીટરસને જાન્યુઆરીથી જૂન 2020 સુધીનો એમ્પ્લોયમેન્ટ ચાર્ટ બનાવ્યો છે. એમાં પણ K આકાર દેખાય છે. એટલે કે +2% માંથી 20% સુધી નીચે ગયો છે. બ્લુમબર્ગે સંશોધન કરીને કહ્યું કે The lowest paid Industries saw the biggest job loss in pandemic. આર્થિક અસમાનતાને માપવા માટે Gini Coefficientની વાત કરવામાં આવે છે. આ માટે IMF 100 વરસના ડેટા લઈને સંશોધન કરી રહ્યું છે કે ગરીબીમાં વધારો થયો છે અને આગળ હજુ ગરીબોની સંખ્યા વધશે તેવી ચેતવણી આપતું રહે છે. અમીર અને ગરીબ વચ્ચે અંતર વધશે. વિશ્વમાં એની શરૂઆત થઈ ગઈ છે અને ભારતમાં પણ આપણે આસપાસ જોઈ શકીએ છીએ, જેમ કે શેરબજારમાં પણ K આકાર બની રહ્યો છે. 5 શેર 73%

વધ્યા બાકી નીચે રહ્યા. દેશનો જીડીપી ગ્રોથ નેગેટિવ રહ્યો પણ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કૅપિટલાઇઝેશન 54% વધીને 161 લાખ કરોડની વિક્રમી સપાટીએ જોવા મળે છે. બ્લુમબર્ગ ઇન્ડેક્સ મુજબ આ વરસે અદાણીની સંપત્તિ 1.41 લાખ કરોડ અને અંબાણીની 1.21 લાખ કરોડ વધી. હારુન ઇન્ડિયા રિચ લિસ્ટ મુજબ કોરોના કાળમાં પણ ટોચના 10 ધનિકોની સંપત્તિ વધીને 29 લાખ કરોડ, દર કલાકે 13 કરોડની આવક વધી. ટૂંકમાં છેલ્લા એક વરસમાં ભારતના અર્થતંત્રમાં લગભગ 10%નો ઘટાડો આવ્યો છે. લાખો લોકોની નોકરીઓ ગઈ છે, ગરીબી વધી છે. પરંતુ બે શ્રીમંતોની સંપત્તિમાં ભારે વધારો થયો છે. આમ, આ પૅટર્ન આર્થિક અસમાનતા વધારી રહી છે તે સાબિત થાય છે.

આજે આપણે ચારેબાજુ આર્થિક અસમાનતા જોઈએ છીએ અને અનુભવીએ પણ છીએ. અસમાનતા ઘટવાને બદલે વધતી જાય છે. જે વર્તમાન વિશ્વ માટે અને ભારત માટે ઊંડી ચિંતાનો વિષય છે. કારણ કે આપણે જાણીએ છીએ કે દુનિયામાં જે અસમાનતા પ્રવર્તે છે તે અન્યાયી છે. આવી અન્યાયી અસમાનતા શોષણ, ગરીબી અને ભૂખમરો વધારે છે. જે અંતે માનવ-અધિકાર ભોગવટામાં ઊણપ લાવે છે. મહામારીમાં અમેરિકા જેવા દેશમાં પણ લાખો લોકોએ નોકરી ગુમાવી અને 15 થી 20 ટકા પરિવારો ભૂખમરા સામે ઝઝૂમી રહ્યા છે. ગત જુલાઈથી અંદાજે 140 લાખ બાળકોને પૂરતું ભોજન મળતું નથી. ચીનમાં પણ ખાદ્ય ચીજોની અછત વર્તાય છે. પરિણામે તેલ, ચોખા ભારતમાંથી ખરીદી કરવા લાગ્યો છે. તો હંગર વૉચ સર્વે મુજબ ગુજરાતમાં પણ 21.8% લોકોને ભૂખ્યા સૂવું પડે છે. કારણ કે ઘરમાં અન્નનો દાણો નથી. લૉકડાઉન પછી અનેક શ્રમિક અને વંચિત પરિવારોને ખાવાના સાંસા છે. આવા ભૂખમરા માટે વધેલી બેકારી અને વધેલી મોંઘવારી પણ જવાબદાર છે. આખા વિશ્વમાં ખાદ્ય ચીજોની કિંમત 6 વર્ષમાં સૌથી વધુ જોવા મળે છે. 'ફૂડ પ્રાઇઝ ઇન્ડેક્સ' મુજબ નવેમ્બર દરમિયાન અનાજના ભાવમાં 19.9%, ખાદ્યતેલના ભાવમાં 14.5%, ડેરી પ્રોડક્ટમાં 0.9%, ખાંડના ભાવમાં 3.3% જેટલો વધારો નોંધાયો છે અને હજુ મોંઘવારી વધતી જ જાય છે. જે વ્યક્તિ-કુટુંબને પોષણયુક્ત આહારથી વંચિત રાખે છે અને કેટલીક વખત ભૂખે સૂવું પડે છે.

ટૂંકમાં K આકારની રિકવરી આર્થિક અસમાનતામાં ખૂબ વધારો કરે છે અને માનવસમાજ સમક્ષ ગરીબી અને ભૂખમરાનો પડકાર ઊભો કરે છે. આટલો બધો વિજ્ઞાન અને ટેક્નૉલોજીનો વિકાસ છતાં બધાનો લાભ : સંપન્ન લોકોને જ મળી રહ્યો છે અને ગરીબોને હજુ આજે પણ ભૂખ્યા સૂવું પડે છે તે માનવસમાજ માટે શરમજનક કહેવાય અને હજુ પણ એવી અસમાનતામાં વધારો થતો રહે છે. કારણ કે હજુ આને અટકાવવા માટેના પ્રયત્નનો કોઈ અણસાર દેખાતો નથી. પરંતુ હવે જાગવું પડશે, કારણ કે આવી અસમાનતા દેશ અને સમાજ માટે ખૂબ ગંભીર અસરો જન્માવશે માટે તેની ગંભીરતા સમજીને તેને દૂર કરવા માટે જોરદાર પ્રયત્નો શરૂ કરવા પડશે.

જીવનમાં સૌથી અઘરું સમજવું એ છે કે, કયા પુલ પાર કરવાના છે અને કયા નષ્ટ કરવાના છે.

તમે એવું મેળવવા માગો છો જે પહેલાં મેળવ્યું ન હોય, તો એવા બની રહો કે જેવા પહેલાં ક્યારેય નહોતા.

પોતાના સંબંધીઓનો વિરોધ ન કરવો જોઈએ. બળવાન સાથે સ્પર્ધા કરવી યોગ્ય નથી. સ્ત્રી, બાળક, વૃદ્ધ અને મૂર્ખા સાથે વિવાદ કરવો જોઈએ નહીં. સ્વાદિષ્ટ ભોજન એકલા ન કરવું જોઈએ. વિચારણાયોગ્ય બાબતોનું ચિંતન એકલાએ ન કરવું જોઈએ. યાત્રા પણ એકલા ન કરવી તેમજ ઊંઘેલા લોકોમાંથી એકલો જાગે તે યોગ્ય નથી.

# એકવીસમી સદી માટે ગાંધીનો માનવવાદ

– વિદ્યુત જોષી*

સામાન્ય રીતે આપણે મહાત્મા ગાંધીને એમનાં વ્યાપક અને પ્રમાણપૂર્વકના કાર્યક્રમ અને કાર્ય માટે જાણીએ છીએ. સત્યાગ્રહ, ખાદી, અસ્પૃશ્યતા, સામાજિક એકતા, વિવિધ આશ્રમોનું નિર્માણ, 'મજૂર મહાજન' અને અસંખ્ય બીજા કાર્યક્રમો એમના વિશે કહ્યા વિના ઘણું કહી જાય છે.

અલબત્ત, એ વસ્તુઓને શબ્દોમાં ઢાળવામાં કૃપણ ન હતા. 'હિન્દી સ્વરાજ', 'સત્યના પ્રયોગો', 'મારા સ્વપ્નનું ભારત' અને બીજાં અનેક પુસ્તકો પર કરેલું એમનું કામ, આપણને એમનાં સિદ્ધાંતવાદી હોવાનું જણાવે છે. પણ આ કાર્યો, કાર્યલક્ષી હતાં. 1915માં ભારત આવ્યા બાદ, એ વિવિધ કાર્યક્રમોમાં એટલા વ્યસ્ત રહ્યા કે એમના વિચારોને ટૉલ્સ્ટોય, રસ્કિન, એમર્સન કે થોરો જેમ ફિલસૂફીની ચર્ચા કરવાનો સમય ન મળ્યો. એ પણ સાચું છે કે, ગાંધી રાજકીય કાર્યકર હતા. જ્યારે આમાંથી બીજા કોઈ ન હતા. માર્ક્સ અને લેનિન વચ્ચે પણ ભેદ છે. માર્ક્સ (Karl Marx) પાસે ફિલસૂફી માટેનો સમય હતો, લેનિને એનો સમય ક્રાંતિ લાવવા માટે સંસ્થાઓને આપી દીધો હતો. પણ એક વાત સ્વાભાવિક છે કે જ્યાં સુધી એની પાસે ફિલસૂફીનાં મૂળ ન હોય ત્યાં સુધી ગાંધીનું કદ ધરાવતો માણસ આવાં આંદોલન અને કરોડો લોકોને પ્રભાવિત ન કરી શકે. આપણને ગાંધીના કાર્યક્રમો પર થતાં ઘણાં લખાણો મળી શકે. પણ ભાગ્યે જ ફિલસૂફી પરનાં ગાંધીનાં કાર્યો આપણને મળે. કિશોરલાલ મશરૂવાળા, બી. એન. ગાંગૂલી, જેમ્સ હંટ, ભીખુ પારેખ, સુધીન્દ્ર કુલકર્ણી અને દક્ષાબહેન પટ્ટણી, આમના સિવાય ગાંધીનાં તત્ત્વજ્ઞાની વિચારો પર લખનારાં બહુ ઓછા લેખકો છે.

એક આંદોલનનું કોઈ આગેવાન, જે રાજકીય કાર્યક્રમાં ભળેલું હોય, એનાં તત્ત્વજ્ઞાની સિદ્ધાંતોનાં મૂળ ઊંડાં હોય છે. અને સમય, જગ્યા તથા આસપાસનાં લોકો થકી આ સિદ્ધાંતોનું અર્થઘટન થતું હોય છે. ગાંધીએ આ સિદ્ધાંતોનો છેદ ઉડાડ્યો અને એના ઉપર નવા કાર્યક્રમો લાવ્યા. ગાંધીજી પાસે પશ્ચિમ અને પૂર્વ એમ બંને તત્ત્વજ્ઞાનનાં મૂળ હતાં. એમના જમાનામાં તકલીફોનો ઉકેલ આ મૂળ દ્વારા લાવવામાં આવતો. અને આ કારણે આપણે એમના સમયની મુશ્કેલીઓના કાર્યલક્ષી પ્રતિભાવ અને તત્ત્વજ્ઞાની સમજણ વચ્ચે ભેદ પાડવો પડશે. આપણે સારી રીતે જાણીએ છીએ કે મુશ્કેલીઓ 1947 પહેલાંની ભારતની હતી. હવે આપણે એમના દર્શનશાસ્ત્ર પર નજર કરીએ.

**ગાંધીનો વારસો :**

ગાંધીનાં મૂળ ભારતીય તત્ત્વજ્ઞાનમાં હતાં. એ ધાર્મિક, હિન્દુ વૈષ્ણવ પરિવારમાંથી આવ્યા હતા. અદ્વૈત, વેદાંત અને ઉપનિષદ (ઈશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્) સાથે એમનાં મૂળ મજબૂત રીતે જોડાયેલાં હતાં અને આ કારણે જ 'અપરિગ્રહ' અને 'અસત્ય' પર એમની દૃષ્ટિનું સર્જન થયું હશે. સત્ય પરના એમના વિચાર વૈદિક અને અનુવૈદિક સાહિત્યમાંથી સર્જાયા છે. એટલે કે, એ વૈજ્ઞાનિક કરતાં સિદ્ધાંતવાદી વધુ છે. ઉપવાસ વિશેનો એમનો વિચાર સ્વ-શુદ્ધતાના તત્ત્વજ્ઞાન પરથી આવ્યો છે. ગાંધીએ સત્યને ઈશ્વર સાથે સરખાવી જોયું. જો સત્ય છે તો ઈશ્વર છે. ગાંધીનાં સત્યમાં ઘણાં વ્યક્તિગત અને સામાજિક મૂલ્યોનો સમાવેશ થયો હતો. એટલે એમનું સત્ય, સાચા અર્થમાં સામાજિક અને નૈતિક બદલાવ લાવી શકે એમ હતું. 'અહિંસા' ઉપરના એમના વિચારોમાં જૈન ધર્મનાં મૂળ હતાં. એ સમાનતામાં માનતા હતા, પણ એમણે સમાનતા, વૈવિધ્ય અને બહુમતીને નગણ્ય નહોતી કરી, જે અનેકાંતવાદના મૂળમાં છે. આ કારણોસર એ ઉદાર અને વિવિધ સંસ્કારમાં આસ્થા રાખતા અને બધાની સલાહનું માન રાખતા થયા હતા. 'અહિંસા' થકી એમણે સામાજિક કાર્ય અને ભગવાન વચ્ચેનો એક સેતુ રચ્યો હતો. 'સ્વ'નો એમનો વિચાર 'આત્મા' પરથી આવ્યો. આ વિચારને એમણે 'સ્વરાજ' અને 'સ્વતંત્રતા' સુધી ખેંચ્યો. આપણે જાણીએ છીએ કે, ગાંધી માટે રાજકીય સ્વતંત્રતા પૂરતી ન હતી. પણ સૂક્ષ્મ સ્તરે

* પૂર્વ કુલપતિ, મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર યુનિ. અને જાણીતા સમાજશાસ્ત્રી.

'સ્વરાજ'નું નિર્માણ એ સાચી સ્વતંત્રતા છે. જો કોઈ વ્યક્તિ કે કોઈ ગામ, પોતાના માટે નિર્ણય કરી શકે તો એ આર્થિક અને સામાજિક વિકેન્દ્રીકરણ સુધી પહોંચી શકે.

ભારતીય તત્ત્વજ્ઞાન સ્વ-શુદ્ધતામાં માને છે. ગાંધીજી આ તત્ત્વને સામાજિક સ્તર સુધી ખેંચી લાવ્યા અને સરળ જીવનને, 'પોતાનું કામ જાતે કરવું' અને ઉપવાસને સામાજિક અને રાજકીય ક્ષિતિજ સુધી લાવ્યા.

'ગાંધીજી વ્યક્તિગત-આધ્યાત્મિક નૈતિકતા સામાજિક સ્તરે લાવ્યા અને અહિંસાના સિદ્ધાંતને ક્રાંતિની દિશા આપી.' (ગાંગૂલી બી. એન. 2006)

જેમ ગાંધીએ જૈનમાંથી 'અનેકાંતવાદ' સ્વીકાર્યો, એમ એમણે બૌદ્ધ ધર્મમાંથી 'સમ્યકદર્શન'ની નીતિ પણ અપનાવી. આઠ માર્ગો છે : સાચું જોવું, સાચું ધારવું, સાચું બોલવું, સાચું કરવું, સાચું જીવવું, સાચો પ્રયત્ન કરવો, સાચું વિચારવું અને સાચું ધ્યાન ધરવું. ગાંધીએ આ માર્ગોનો અમલ ઘણા સામાજિક નીતિશાસ્ત્રનાં કાર્યક્રમોમાં કર્યો છે.

ગાંધીજીની ફિલસૂફી સામાજિક સંતોષની છે. જે તેઓ ભારતીય દર્શનશાસ્ત્રમાંથી પામ્યા છે, ખાસ કરીને 'મનુસ્મૃતિ' અને 'ભગવદ્ગીતા'. ચાર વર્ણની સામાજિક વ્યવસ્થાને સ્વીકારવા બદલ એમની ટીકા થઈ હતી. પણ હકીકતમાં ગાંધીજીએ, વર્ગભેદ અને શ્રમવિભાજનને રાખવા જ વર્ણનો સ્વીકાર કર્યો હતો. એ સ્પષ્ટતાપૂર્વક એકતામાં માનતા હતા અને એમનું કહેવું હતું કે, ''આ આધ્યાત્મિક અર્થકારણની વ્યવસ્થા હતી અને એને શ્રેષ્ઠતા કે લઘુતા સાથે કોઈ સંબંધ ન હતો.'' (ગાંગૂલી બી.એન. : 2006 : 27)

**પશ્ચિમી ફિલસૂફી અને માનવવાદી પરંપરા :**

ઈમેન્યુઅલ ક્રાંતિની ફિલસૂફીનો કેન્દ્રીય વિચાર હું અને બીજા સાથેનો મારો સંબંધ છે. આવી ઘોષણા પછી પશ્ચિમી ફિલસૂફીએ મૂળ માનવસ્વભાવની શોધ કરવાની શરૂઆત કરી. (વિલ ડૂરા, 1961 : 278-282) માનવસ્વભાવ અને સંબંધ પર ત્રણ પ્રકારનાં વિશ્વદર્શન નીપજ્યાં. માનવસ્વભાવને અલૌકિક શક્તિઓથી દૂર કરી એક માણસના બીજા માણસ અને કુદરત સાથેના સંબંધ પરનું થોડુંક જ્ઞાન માંડ પામી શકાયું છે. એ ત્રણ વિશ્વદર્શન નીચે પ્રમાણે છે :

**ત્રણ વિશ્વદાર્શનિક રંગપટ**

| માનવસંબંધ : | સ્પર્ધાત્મક | વિરોધાત્મક | સકારાત્મક |
|---|---|---|---|
| વિશ્વદર્શનઃ | મૂડીવાદ | સમાજવાદ | માનવવાદ |
| મુખ્ય મૂલ્યઃ | સ્વતંત્રતા | સમાનતા | બંધુતા |
| બોધઃ | વ્યક્તિગત | સામુદાયિક | વ્યક્તિગત અને સામુદાયિક |
| સામાજિક રચનાઃ | અધિક્રમિક | વર્ગહીન | બહુલતાવાદી |
| અધિકાર | બિનસરમુખત્યારશાહી | સરમુખત્યારશાહી | સમાનતાવાદી |
| ઉત્પાદનપદ્ધતિ | કૉર્પોરેટ | રાજ્ય | વિકેન્દ્રિત |
| આધુનિકતા | સ્વીકાર્ય | સ્વીકાર્ય | સ્વીકાર્ય (અડધી-પડધી) |

એ જાણવું રહ્યું કે પ્રથમ બંને વિશ્વદર્શન અમલમાં ઊતર્યાં હતાં. જ્યારે માનવવાદને ઝીલી લેનાર કોઈ નહોતું, તેથી એ કોઈ સામાજિક તંત્ર નથી બની શક્યો. જોકે રશિયાના ડૂબ્યા પછી અને આર્થિક તણાવને લીધે માનવવાદ માટેની આશાઓ ઉમેરાઈ છે.

માનવઅધિકારો, ટકાઉ વિકાસ, Happiness index અને આવા બીજા પ્રયત્નો વિશ્વની પ્રજા સમક્ષ જુદી દિશાઓ ખોલી આપે છે. ગાંધીજી ઇંગ્લૅન્ડ ગયા

ત્યારે મૂડીવાદીઓ અને સામાજિક કાર્યકરોથી પરિચિત થયા. પણ છેવટે એ માનવવાદીઓ અને વ્યક્તિઓ વચ્ચે વસી ગયા. (હંટ, જેમ્સ : લંડનમાં ગાંધી). હવે આ માનવવાદના દસ પ્રકારો છે. અલબત્ત ગાંધીજી પર લખનાર ઘણા ભારતીયો એમના પશ્ચિમી અને ખાસ માનવવાદી વિચારો નથી જાણતા. પણ ખાસ ગાંધીજીનો દૃષ્ટિકોણ નૈતિક માનવવાદ સાથે જોડાયેલો છે. આપણે પશ્ચિમી તત્ત્વજ્ઞાનીઓ સાથેના ગાંધીજીના સંબંધને જોઈએ. કાન્ટે (Kant) કહ્યું છે, ''શુદ્ધ વિચાર, વાસ્તવિક બની શકે, એટલે કે એમનો પોતાનો છે, એ કોઈ પ્રયોગમૂલક વાતને નિર્વિવાદ નિર્ધારી શકે છે. બીજા શબ્દોમાં, નૈતિક સૂઝ નૈસર્ગિક હોય છે. કાન્ટે અંતરાત્માના હુકમ વિશે કહ્યું છે. આ ગાંધીનો અંતરનો અવાજ છે.'' (ગાંગૂલી બી. એન. 2006 : 40). ગાંધીજી, કાન્ટની અનેક વાત સાથે સહમત હતા. કાન્ટ અને ગાંધીજી, બંને આ વાતથી સહમત હતા કે માનવવાદ પોતાનામાં જ અંત છે અને એ કોઈ સાધન નથી. કાન્ટ અને ગાંધીજી બંનેએ કહ્યું છે કે અહીં નૈતિક પસંદગી ખૂટે છે. કાન્ટમાં પણ એવો બિન સરમુખત્યાર-શાહી ખૂણો હતો, જેવો ગાંધીજીમાં હતો. ગાંધીજીની જેમ કાન્ટ પણ તક માટેની સમાનતામાં માનતા. બંનેએ જન્મ અને વર્ગના પરમાધિકારને નકાર્યો હતો. ગાંધીજી કાન્ટની આ વાત સાથે સહમત હતા કે ''ચર્ચ અને અંધવિશ્વાસનું મૂલ્ય ત્યાં સુધી જ હતું જ્યાં સુધી એ નૈતિક વિકાસની ગુલામી કરતા હતા, અને માણસે દુર્દશામાંથી ભાગવું જ રહ્યું. આમાં માર્ગ અને રિવાજોએ સારા જીવનનું નિર્માણ કર્યું. જો આપણે આધુનિક વ્યવહારવાદી વિલિયમ જેમ્સ અને સંતાના (Santana)ને તપાસીએ તો જાણવા મળે કે એમના વિચારો અમુક રીતે ગાંધીજી સાથે મળતા હતા. ગાંધીજીએ સ્પષ્ટતાપૂર્વક રાલ્ફ વાલ્ડો એમર્સન અને હેનરી ડેવિડ થોરોની પ્રશંસા કરી છે. બંને ગાંધીજીની જેમ જ ગુણાતીત હતા. બંને ગાંધીજીની જેમ બિનસરમુખત્યારશાહી હતા. એમર્સન અને ગાંધીજીને, બંનેને સંસ્થાઓ પર વિશ્વાસ નહોતો અને સ્વનિર્ભર વ્યક્તિઓ પરત્વે શ્રદ્ધા હતી. આનો અર્થ એ કે બંને સ્વરાજ અને સ્વાયત્તતાથી સહમત હતા. એમર્સન માનતા હતા વ્યક્તિગત શ્રમ એ એક વિદ્વાનના જીવનનો હિસ્સો હોવો જોઈએ. ગાંધીએ આ વાતને વાસ્તવિક કરી, પોતે બધું કર્યું અને ટાગોરને પણ એમ કરવા કહ્યું. ગાંધીજી જ્યારે સાઉથ આફ્રિકાની જેલામાં હતા, ત્યારે એમને થોરોને વાંચ્યા. ગાંધીનું શસ્ત્ર, 'સત્યાગ્રહ', સામાજિક અસહકાર મૂળ થોરોમાંથી આવ્યું છે. થોરોના સરીખા અનુભવમાંથી 'સત્યાગ્રહ'ની આખી વ્યૂહરચના ગાંધીએ શીખી છે. ગાંધીએ કહ્યું છે, ''હું થોરો સાથે સંમત છું કે સત્ય માટે એક સાચો નિષ્ક્રિય પ્રતિકાર જ જીત અપાવે છે.''

ગાંધીજીનું 'હિન્દ સ્વરાજ', તિલક અને બીજી મોટી વ્યક્તિઓની ટીકા પામ્યું હતું. 'હિન્દ સ્વરાજ'ના વિચારોની આવી ટીકાના પ્રતિભાવમાં પછીથી ગાંધીજીએ કહ્યું હતું, '' 'હિન્દ સ્વરાજ'માં જ્યારે મેં મારા વિચારો વ્યક્ત કર્યા છે, ત્યારે મેં નમ્રતાપૂર્વક ટૉલ્સ્ટોય, રસ્કિન, થોરો, એમર્સન જેવા તત્ત્વજ્ઞાનીઓ અને ભારતીય તત્ત્વજ્ઞાનના ઋષિઓને અનુસરવાનો પ્રયાસ કર્યો છે.'' (ગાંગૂલી બી. એન. 2006 : 50). જ્યારે એ જલિયાંવાલા બાગમાં થતી રાજકીય હિંસા પર લખતા હતા. ગાંધીએ થોરોને એવું કહેવા માટે ટાંક્યા છે કે અન્યાયી સરકાર હેઠળ રહેવું એ ગુનો છે. એની કરતાં ગરીબી સારી. થોરોની વ્યાપક દાર્શનિક ભૂમિકા ગાંધીજીએ પણ એમની સામાજિક સંસ્થાઓના હિસ્સા તરીકે સ્વીકારી હતી. વ્યક્તિગત શ્રમ પરની થોરોની મહત્તા પણ ગાંધીએ દર્શાવી હતી.

ગાંધીજીનું, જ્હૉન રસ્કિન સાથેનું જોડાણ પ્રચલિત છે. રસ્કિનના 'Unto the Last' પુસ્તકનો, ગાંધીની પ્રવર્તમાન અર્થતંત્ર માટેની વિચારશૈલી પર ઊંડો પ્રભાવ પડ્યો. એમણે પહેલાં 'અંત્યોદય'ના વિચારોનું નિર્માણ કર્યું. મુખ્ય રૂપે ગાંધીએ રસ્કિનના ત્રણ સિદ્ધાંત સ્વીકાર્યા.

(1) એક વ્યક્તિનું સારાપણું બધાંનાં સારાપણામાં સમાયેલું છે.

(2) એક વકીલનું કામ વાળંદના જેટલું જ મહત્ત્વનું છે. કારણ કે પોતાના કામમાંથી રોજી કમાવાનો અધિકાર સહુ કોઈને છે.

(3) એક શ્રમિકનું જીવન, એટલે કે ખેડૂત અને કારીગરનું જીવન જીવવા યોગ્ય છે.

આ વિચારો આર્થિક અને નૈતિક વિચારોનું સંયોજન છે.

ગાંધીજીનું ટૉલ્સ્ટોય સાથેનું બૌદ્ધિક અને આધ્યાત્મિક સગપણ સુપ્રસિદ્ધ છે. રસ્કિન જેમ ટૉલ્સ્ટોય પણ માનતા હતા કે સામાજિક પદ્ધતિઓમાં મૂળભૂત ફેરફારો જરૂરી છે. ટૉલ્સ્ટોય દૃઢપણે માનતા હતા કે માનવને નૈતિક ક્રાંતિની જરૂર છે, રાજકીય ક્રાંતિની નહીં. ગાંધી અને ટૉલ્સટોય બંનેને સરળ જીવનમાં શ્રદ્ધા હતી. બંને માનતા હતા કે રાજ્ય દુષ્ટ છે અને રાજ્યની આ દુષ્ટતાને દૂર કરવી એ આપણી ફરજ છે. આમ, ગાંધીનાં મૂળ તત્ત્વજ્ઞાન અને નૈતિક માનવવાદ સાથે મજબૂત રીતે જોડાયેલાં હતાં, પણ આ સ્પષ્ટ નૈતિક માનવવાદ નથી, આમાં ઉપરથી પૂર્વીય ફિલસૂફીનો છંટકાવ છે.

**ગાંધીના માનવવાદનાં મૂળતત્ત્વો :**

મોટા ભાગે આપણે ગાંધીજીને સ્વતંત્રતાની લડાઈ વખતે તેમણે કરેલાં વિવિધ કાર્યોને લીધે જાણીએ છીએ. અસ્પૃશ્યતાનો નિકાલ, પાયાનું શિક્ષણ, ખાદી, સાંપ્રદાયિક સંવાદિતા, વેપાર, નિષેધ, નિસર્ગોપચાર, ગામની કલાનો વિકાસ, નૈતિક ચારિત્ર અને અલબત્ત અહિંસાનો સમાવેશ થાય છે. પણ આ બધાં કાર્યો વૈશ્વિક અને સંદર્ભીય હતાં. એમાંથી અમુક કાર્યો સંદર્ભોના ફેરફારને લીધે અસંગત હતાં. એકવીસમી સદીમાં ગાંધીના નવા કાર્યક્રમ અમલી બનાવવા માટે આપણે ગાંધીજીનો નૈતિક માનવવાદ કહી શકાય તેવો પાયાનો સિદ્ધાંત સમજવો જરૂરી છે.

**ગાંધીના માનવવાદનાં મુખ્ય સૂત્રો :**

(1) ગાંધીજી એવી સામાજિક સ્વતંત્રતા ઇચ્છતા હતા કે જ્યાં દરેક પાસે પોતાનો નિર્ણય જાતે કરવાની સ્વતંત્રતા હોય, એટલું જ નહીં, પણ વ્યક્તિગત અસામર્થ્ય પણ દૂર થાય, સમાજરચનાનું વિકેન્દ્રીકરણ થાય એ વાત મૂળભૂત રીતે કોઈ પણ સમાજ રચનાના મૂળમાં હશે.

(2) અર્થતંત્રનાં ઉત્પાદન અને વિતરણકાર્યો વિકેન્દ્રિત થાય તે માટે ગાંધીજીએ આર્થિક બાબતોમાં પણ કામ કર્યું. આર્થિક વિકેન્દ્રીકરણ માટે ખાદી અને ગ્રામઉદ્યોગ પર ભાર મૂકવામાં આવ્યો. અહીં સામૂહિક ઉત્પાદન નહીં થાય પણ સમૂહ દ્વારા ઉત્પાદન થશે.

(3) ગાંધીજી સર્જનાત્મક શ્રમને મહત્ત્વ આપવા માગતા હતા. જ્યાં એક શ્રમિક સન્માનિત થાય અને પ્રકૃતિનાં મૂળ જળવાય. વિકેન્દ્રિત અર્થતંત્ર અને આત્મનિર્ભર સંસ્થાઓ માટે આ યોગ્ય છે.

(4) વ્યક્તિ સ્વતંત્ર હોય ત્યારે માણસ-માણસ વચ્ચે અને માણસ-પ્રકૃતિ વચ્ચેની સંવાદિતા વધે છે, નહીં કે હરીફાઈ કે તકરાર. જગતનો હુકમ સંવાદિતા પર ટકે છે અને વ્યક્તિગત સુખ કે સામાજિક સુખ વચ્ચે વિરોધાભાસ રહેતો નથી. આ વર્ગીય વિરોધાભાસને દૂર કરશે.

(5) કોઈ માણસ, ખંડિત વ્યક્તિત્વ નથી. એને માત્ર એક કામદાર કે મજૂરની રીતે જ ન જોવો જોઈએ. જો આપણે એક માણસને સંપૂર્ણતાથી જોઈએ, તો સ્વભાવનો ભેદ કાઢી શકીએ. એકીકૃત દૃષ્ટિ તમામ વિરોધાભાસને દૂર કરે છે.

(6) ગાંધીજીની સામાજિક ફિલસૂફીના મૂળમાં એક વ્યક્તિનું સ્વરાજ છે. માણસ સરખી રીતે જન્મે છે, છતાં એ નોખો હોઈ શકે છે. આ માટે સુમેળ સંબંધો અને પૂરકતા હોવાં જોઈએ.

(7) ઉચ્ચ શક્તિ નકારવાનો અર્થ અરાજકતા નથી. જો માણસો વચ્ચે સુમેળ અને પૂરકતા છે. બીજા પર રાજ કરવાની ચાહના 'સ્વરાજ'નો નાશ કરે છે અને જો આપણે આ લાલસાને તોડી શકીએ તો ગૌરવ, હિંમત, શિષ્ટાચાર અને દયાભાવની જીત હશે.

(8) ગાંધીજીને સામગ્રીની અધિકતાવાળી સમાજ-વ્યવસ્થા નહોતી જોઈતી. એ માનતા હતા કે કોઈ પણ વસ્તુની અધિકતા સામાજિક અને કુદરતી સમરસતાનો નાશ કરે છે.

(9) જો કોઈ વ્યક્તિને સંપૂર્ણ રીતે જોવામાં આવે તો એનું શિક્ષણ પણ એના સંપૂર્ણ વ્યક્તિત્વને વિકસાવે એવું હોવું જોઈએ. એટલે કે, એનું હૈયું (ચારિત્ર્ય), મસ્તક (જ્ઞાન), હાથ (કસબ)ને દીપાવે એવું હોવું જોઈએ.

**એકવીસમી સદીના સંદર્ભો :**

ગાંધીજીના મતે પૂર્વીય મૂલ્યો અને પશ્ચિમી નૈતિક માનવવાદને મળતી વિચારસરણીને આગળ વધારવા વ્યક્તિને પોતાના નિર્ણયો લેવાની સ્વતંત્રતા તો છે, પણ એ બીજાના સુમેળ સાથે પરાકાષ્ઠા, શક્તિહીનતા, અસ્વસ્થતા, નિર્મળતા, અસુરક્ષિતતા અને અજાણતા જ પશ્ચિમી સંસ્કૃતિમાં અનુભવાય છે, એને દૂર કરે છે. જે કાર્યક્રમો ગાંધીજી લાવ્યા, એ 1997થી પહેલાની સ્થિતિ માટે હતા. હવે સંદર્ભ જુદા છે. હવે આપણી પાસે ત્રણ વિભાગ નથી. સામ્યવાદ કે સંઘર્ષવાદ પાછળ ધકેલાઈ ચૂક્યા છે. વિશ્વએ આડેધડ મૂડીવાદી દેશોની સર્વોચ્ચતા સ્વીકારી લીધી છે. આ કારણે હરીફાઈના મૉડેલની જીત થાય છે, પણ ઘણી એવી તકલીફો છે જે આ મૉડેલ દૂર કરી શકતું નથી.

મુખ્યત્વે એ છે કે,

(1) પર્યાવરણીય સંકટ લાંબા સમયથી છે. આ મુદ્દો 'Club of rome meet'થી શરૂ થયો છે અને આનો અહેવાલ 'Limits to Growth' 1969માં આવ્યો. 'UNO's earth summit' 1972માં બેલ્જિયમમાં ભરાઈ તેનો અહેવાલ 'Our common future' ત્યારબાદ 1992માં Agenda-21 પર્યાવરણ અને વિકાસ પરના અહેવાલમાં ઉમેરાયો હતો અને ટકાઉ વિશ્વાસની પરિણામી ખોજથી વિકાસનાં સશસ્ત્ર લક્ષ્યો અને હવે ટકાઉ લક્ષ્યો. પણ આ લાંબી સફર પછી આ મુદ્દો પર્યાવરણીય સકંટોનાં સ્તર સુધી પહોંચ્યો છે. સન 2000માં મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ અને સન 2015માં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પછી પણ આ કટોકટી ચાલુ છે.

(2) વધતી હિંસા; બે દેશ વચ્ચેના રાજકીય યુદ્ધની જેમ નહીં, પણ કટ્ટરવાદના આંતક રૂપે વધી છે. Hnuttingsotn બતાવે છે તેમ આ 'સાંસ્કૃતિક અથડામણ' નથી. આ વૈચારિક અને આર્થિક અથડામણ પણ છે. આમાં માત્ર સામાજિક હુકમની પણ માંગ છે. હિંસા, એ બહુરાષ્ટ્રીય કંપનીઓનાં પ્રભુત્વ, આર્થિક તફાવત, પશ્ચિમી લોકશાહી અને બળૂકી સરકારને અંતિમ જવાબ છે; આ એક માન્યતાનું પરિણામ છે.

(3) શિક્ષણ અને વિકાસનો આભાર માનવો રહ્યો કે સાંસ્કૃતિક-સામાજિક લોકો હવે શક્તિશાળી બન્યા છે અને જુદા પ્રકારના વિકાસનો દાવો કરે છે. જેમ પ્રો. પાઠકે કહ્યું છે, ''માણસોમાં નોંધનીય જાગૃતિ લાવવા માટે શિક્ષણ અને વિજ્ઞાનના પ્રસારનો આભાર માનવો રહ્યો. સાધારણ રીતે આ દુનિયા અને ખાસ કરીને આ સમાજ, કુદરત અને માનવજીવનના જ્ઞાન તરફની પારદર્શકતા, એક ઘાતક રીતે વધી રહી છે. આ તમામ વિકાસ સ્વૈચ્છિક, બિનસરકારી અને દેશની અધિકારયુક્ત વ્યક્તિઓની તકાત વધારી છે.'' (પાઠક, ડી. એન. 2009 : 31)

(4) વિવિધ વર્ગો અને રાષ્ટ્રો વચ્ચે વધતા મતભેદો સામાજિક રચનામાં ઘણી સમસ્યાઓ, તાણ અને દબાણનું સર્જન કરે છે. ફુકુયામા (Fukuyama) કહે છે કે, ''પશ્ચિમી જગતની જીત સાથે વિચારધારાનો અંત આવી જાય છે.'' એ કહે છે, ''એ માનવના વૈચારિક વિકાસનો અને પશ્ચિમી લોકશાહીનાં વૈશ્વિકીકરણનો અંત છે.'' માનવ સરકાર રૂપે (Fukuyama F. 1992 : xi) પણ ઉદાર મતવાદી લોકશાહી રચનાઓ એટલે શક્તિશાળી છે કે સાધારણ માણસ પોતાને સાવ પરાજિત અને અસ્વસ્થ ગણે છે. ફુકુમાયાએ નૈતિક માનવવાદનો કોઈ ત્રીજો વિકલ્પ નહોતો જોયો.

(5) આતંકવાદ અને સાંસ્કૃતિક-સામાજિક વર્ગના વધારા સાથે, કાયદા-કાનૂનના નામે સરકાર વધારે ને વધારે નિરંકુશ બની રહી છે. સ્થાનિક સામાજિક સંસ્થાઓ નબળી થતી જાય છે. તે એક વ્યક્તિના સ્વરાજને છીનવી લે છે અને જૂથોને પ્રોત્સાહન આપે છે. UNOએ માનવ-અધિકારો માટેની 1949માં કરેલી વૈશ્વિક ઘોષણા બાદ પણ એકવીસમી સદીમાં માનવ-અધિકારોનું ઉલ્લંઘન વધી ગયું છે.

**ગાંધીજીની માનવવાદી કાર્યસૂચિ :**

મુખ્યત્વે, જીડીપી અને આર્થિક વિકાસના મુદ્દાને ફરી ચકાસવા જેવો છે. જ્યારે આપણે એને નૈતિક માનવવાદની દષ્ટિએ જોઈએ ત્યારે આપણે તેની સાથે અર્થતંત્ર અને નૈતિકતા પણ જોડવી પડશે. અલબત્ત, આપણે અહીં વ્યાપક બનવું પડશે અને નૈતિકતા સાથે જોડાયેલાં બધાં અર્થતંત્રનો સમાવેશ કરવો જોઈશે. શુમાકર (Schumakar) (Small is beautiful), એમ. એન. રૉય (Co-operatious), અમર્ત્ય સેન, મુહમ્મદ યૂનુસ અને હવે જૉસેફ સ્ટીગ્લીટ્ઝને નૈતિક માનવવાદી માનવા રહ્યા.

આપણે ગ્રામીણ ઉત્પાદકોને સજીવન કરવા પડશે. પ્રાઈવેટ કંપનીને ટ્રસ્ટમાં બદલી શકાય. આર્થિક વિકાસને જીડીપીના આધાર પર નહીં, પણ માનવવિકાસ અને સુખના આધારે મૂલવવો પડશે. આપણે વિકાસ ટકાવી રાખવા ગાંધીજીના આર્થિક કાર્યક્રમને અમલી બનાવવો પડશે.

(1) પર્યાવરણીય મુદ્દાઓને માનવ અને કુદરતનાં બીજાં જૈવિક અને અજૈવિક દ્રવ્યોના સુમેળ સંબંધો સાથે વધારે લેવા-દેવા છે. કુદરતી સંપત્તિનો ગેરલાભ બંધ થવો જોઈએ. આપણે પરિસ્થિતિવશ અને કુદરતને લગતા કાર્યક્રમોનો સાથ આપવો જોઈશે. પર્યાવરણને ટકાવવા વિવિધ સૂચકો વિકસાવવા જોઈશે અને રાજ્યો શસ્રો દ્વારા આ મુદ્દાનો હલ નથી લાવી શક્યાં. વિશ્લેષણ, સત્યાગ્રહ, લવાદ, ધ્યાન અને નૈતિક અરજીઓ ત્યારે જ કામ કરશે, જ્યારે આમાં ઉગ્રવાદી જૂથોનો અને હિસ્સેદારોનો સમાવેશ થાય. જો અહિંસક સામાજિક હુકમ જોઈતો હોય તો સામાજિક ન્યાય માટેના બધા મુદ્દાઓનો ઉલ્લેખ કરવો પડશે. સામાજિક ન્યાય શોધવા માટે આપણે અહિંસક કાર્યક્રમોને સહયોગ આપવો જોઈશે.

(2) યુદ્ધ સ્વરૂપે નહીં પણ આતંકવાદના સ્વરૂપે વિકસે છે. આ આતંકવાદ બુનિયાદપરસ્તી છે અને તે વિકસતો જાય છે. હટિંગ્ટને આને સભ્યતાનો સંઘર્ષ કહ્યો છે. આ માત્ર સાંસ્કૃતિક સંઘર્ષ નથી. તેમાં વિચારધારા અને આર્થિક વર્ચસ્વની લડાઈ પણ સામેલ છે. તેમાં એક ન્યાયયુક્ત સમાજવ્યવસ્થાની માગણી છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના આર્થિક તફાવત અને પાશ્ચાત્ય લોકશાહીની મજબૂત પકડ સામે આ આતંકવાદ ઊભર્યો છે.

(3) આપણું શિક્ષણ માનવીય જ્ઞાન અને માનવીય ક્ષમતાને ખોલી આપે છે, પણ માનવીય ચારિત્ર્યને નહીં. બીજા માણસો અને કુદરત સાથે સુમેળપણે જીવતા પણ શીખવવું રહ્યું. (UNESCO - 1992 : 91-93)

ગાંધીજીએ કહ્યું હતું કે, ''શિક્ષણમાં 3 'H'નું આલેખન થવું જોઈએ. Head (હાથ-જ્ઞાન), Hand (હાથ-કસબ) અને Heart (હૃદય-ચારિત્ર). શિક્ષણમાં ત્રીજી દિશાનો સમાવેશ કરવાનો આ જ ખરેખરો સમય છે.

(4) વિવિધ વર્ગો વચ્ચે અને રાષ્ટ્રો વચ્ચે આર્થિક અસમાનતા વધી જાય છે અને તેને પરિણામે અને સવાલો ઊભા થાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓની પકડ વધતી જાય છે. આર્થિક વિકેન્દ્રીકરણ અને સમુદાયોની આત્મનિર્ભરતા એ આનો એકમાત્ર ઉપાય છે.

(5) કેન્દ્રિય શક્તિઓના મુદ્દાને આલેખવા જરૂરી છે. રાજકીય સાધકોએ લોકશાહીના નામે ઘણી શક્તિઓ પોતાને નામે કરી છે, પણ આપણે જોયું છે કે શક્તિઓનું કેન્દ્રીકરણ, આતંકવાદ અને અમુક હાથમાં સંપત્તિની સાંદ્રતા વધારે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ, અમુક શાસનમાં વધુ શક્તિશાળી બની છે. સામર્થ્યનો મૂળભૂત એકમ ગ્રામ્યપરિષદ અને ગ્રામ્યસભા હોવો જોઈએ.

(6) આપણી કાનૂની રચનાઓમાં સખત બદલાવની જરૂર છે. કાયદો એક વ્યક્તિને એક સંપૂર્ણ અસ્તિત્વની જેમ વર્તે છે. સામાજિક લક્ષીય કાનૂની રચનાવિજ્ઞાન આ વૈજ્ઞાનિક શોધે વધારે વિક્ષેપને જન્મ આપ્યો છે. શસ્રવાદ, સાંસ્કૃતિક હિંસા અને શાંતિભંગનું પરિણામ આવે છે. આપણે વિજ્ઞાનનીતિને ટકાઉ વિકાસ, માનવીય અધિકાર અને નૈતિક માનવવાદ સાથે જોડવું જોઈએ.

છેવટે, ત્રણ સ્વાભાવિક પરિણામોના (વ્યક્તિગત, સંસ્થાકીય અને સાંસ્કૃતિક) બદલાવમાં ગાંધીજીનો માનવવાદ દેખાય છે. કોઈ એક પરિણામમાં થોડાક ફેરફારથી કામ નહીં ચાલે. સમગ્રવાદી કાર્ય થવું જરૂરી છે.

●

# ભારતમાં ઔદ્યોગિક અને શ્રમનું સમાજશાસ્ત્ર*** પ્રો. નારાયણ રણછોડલાલ શેઠ**** (N. R. Sheth)ની સાથે એક મુલાકાત**

– એન. રાજારામ*

**ભાગ-2 : 18 જુલાઈ, 2017**

રાજારામ : આજે હું આઈ.આઈ.એમ. અમદાવાદમાં આપની કારકિર્દી અને પછી ભારતમાં ઔદ્યોગિક સમાજશાસ્ત્રની સ્થિતિ અંગે આપની સાથે વાત કરવા ઇચ્છું છું. ઔદ્યોગિક સમાજશાસ્ત્રમાં કેવા કેવા મુદ્દા છે અને સમયાંતરે એમાં કેવાં પરિવર્તન આવ્યાં છે. જ્યારે તમો શરૂઆત કરી હતી ત્યારે અને આજની સ્થિતિમાં તમો કેવું મૂલ્યાંકન કરો છો અને એવા કયા કયા નવા ઉદ્ભવતા મુદ્દા છે, જેમાં આજના યુવાઓ સંશોધન કરી શકે છે અને બીજી વાત મારી નવી અભિરુચિ, જે તમોએ સ્વાધ્યાયના વિશે કરી છે. પરંતુ અધ્યાત્મ જેવી રુચિ કેવી રીતે ઉદ્ભવે છે અને આ ક્ષેત્રોમાં બીજું કરવાનું બાકી છે. અને છેલ્લી તમારા પુસ્તકોનાં લેખન અંગે કેવી રીતે વિચાર આવ્યો અને તેમાં તમારા યોગદાન વિશે હું વાત કરવા ઇચ્છીશ.

**શેઠ :** હું આઈ.આઈ.એમ.થી શરૂઆત કરું છું.

**રાજારામ :** તમોએ સાઈઠ અને સિત્તેરના દશકામાં આઈ.આઈ.એમ. અમદાવાદનો એક ખૂબ સુંદર સમયગાળો દેખ્યો છે. તમો '90ની શરૂઆતમાં તમારી સેવાનિવૃત્તિ સુધી ત્યાં હતા. તમોએ તેના વિકાસને દેખ્યો છે અને તમો તેના નિયામક પણ રહ્યા છો.

**શેઠ :** કેમ કે તમે પુસ્તકની વાત કરી તો તે પુસ્તક (ધો સોશ્યલ ફ્રેમ વર્ક ઑફ ઍન ઇન્ડિયન ફેક્ટરી) જે એક સંશોધન પર આધારિત હતું. તે લખ્યા પછી મેં શ્રીરામ સેન્ટરમાં કેટલાક સંશોધનપ્રકલ્પ કર્યા. પરંતુ આ એક પુસ્તકને બાદ કરતાં મેં પોતે એવું કોઈ સંશોધન નથી કર્યું. અન્ય પુસ્તક અન્વેષકો અને સહાયકો પર આધારિત હતા. તેથી મને હંમેશાં એ વાતનું દુઃખ / રંજ હતો કે જો મેં દિલ્લી વિશ્વવિદ્યાલય છોડી ન હોત, ત્યાં સ્થિર થયો હોત તો એક તાલીમ પામેલો સમાજશાસ્ત્રી હોવાના સંબંધે હું કંઈક સમાજશાસ્ત્રી અભ્યાસો જરૂરી કરી શક્યો હોત. એનાથી મને વધુ ખુશી-આનંદ મળ્યો હોત. પરંતુ

* મુલાકાત લેનાર : એન. રાજારામ, સેવાનિવૃત્ત પ્રાધ્યાપક અને ડીન, સમાજવિજ્ઞાન સંસ્થાન, સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સ, ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર, ગુજરાત, ભારત email : rajaram.org@gmail.com

** આ મુલાકાત મૂળ અંગ્રેજી ભાષામાં થઈ હતી. જેનો હિંદી અનુવાદ સુબોધકુમારે (સ્કૉલર, સમાજ અને વિકાસ-અધ્યયન કેન્દ્ર, ગુજરાત કેન્દ્રીય વિદ્યાલય, ગાંધીનગર, ગુજરાત, ભારત કર્યું છે.

*** ભારતીય સમાજશાસ્ત્ર સમીક્ષા
5(1)104-137
2018, Indian Sociological Society,
SAGE Publication,
sagepub.in/home.vav
DOLI : 10.1177/2349139618788189
http:/bss.sagepub.in

**** પ્રો. નારાયણ શેઠ (N. R. Sheth) ભારતના અને ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી હતા. તેઓનું ઉદ્યોગ અને શ્રમના સમાજશાસ્ત્રમા ખૂબ મોટું પ્રદાન રહ્યું છે. તેમનાં જીવન અને કાર્ય અંગેની જાણકારી તેમના જ શબ્દોમાં એન. રાજારામને મુલાકાતમાં આપી. જેનું ગુજરાતી ભાષાંતર ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટે કર્યું છે. તેમજ Sage Publication તરફથી 'સમાજકારણ'માં છાપવા પરવાનગી મળી છે તે માટે પ્રો. બી. નાગલાની મદદ મળી છે.

**નોંધ :** પ્રો. નારાયણ શેઠની લીધેલી મુલાકાત અક્ષરસહ છાપી છે.

આવું બન્યું નહીં. શ્રીરામ સેન્ટરમાં જવાનો મને કોઈ રંજ ન હતો. પરંતુ ત્યાંનાં બધાં કાર્યો સમાજશાસ્ત્રમાં ન હતાં. એ એક પુસ્તકને બાદ કરતાં મારું કોઈ પણ પુસ્તક સમાજશાસ્ત્રને કેન્દ્રમાં રાખીને લખ્યું નથી. મારાં પુસ્તકો વધારે તો નથી. એક સંશોધન પેપર સંકલન, એક સંપાદિત પુસ્તક, એક આઈ.સી.એસ.એસ.આર.ના પ્રોજેક્ટ પર આધારિત અને એક સંશોધન આધારિત પુસ્તક જેનું શીર્ષક ''જોઇન્ટ મૅનેજમેન્ટ કાઉન્સિલ'' હતું. જે શ્રમિક-સંચાલન સંબંધોન્મુખ હતું. જ્યાં સમાજશાસ્ત્ર એક ઘટકના રૂપમાં આવ્યું ન હતું. આઈ.આઈ.એમ. સાથે જોડાવા અને કામ શરૂ કર્યા પછી સમાજશાસ્ત્ર નાનું પરંતુ વધારે પડતું શ્રમિક અને (ભાવિક) સંચાલન સંબંધ, સંચાલન, સંચાલન શિક્ષણ અને તેના સંબંધિત ક્ષેત્રો કેન્દ્રમાં રહ્યાં. સમાજશાસ્ત્રીય દષ્ટિકોણ રહેતો હતો પરંતુ તે અદશ્ય રહેતો હતો. મને તે વાતનો અફસોસ છે.

**રાજારામ :** આ બધાં તમારાં પુસ્તકો છે. 'ધ સોશ્યલ ફ્રેમ વર્ક ઑફ ઍન ઇન્ડિયન ફૅક્ટરી', બીજી 'ટ્રાયપાર્ટિઝમ ઇન લેબર પોલિસી'

**શેઠ :** 'ટ્રાયપાર્ટિઝમ' સંયુક્ત રૂપથી કમલા માથુરની સાથે છે. મુખ્ય સંશોધન તેઓએ કર્યું હતું અને મેં લેખન દરમિયાન થોડી મદદ કરી હતી. તે પુસ્તક માટે મેં કોઈ પણ માહિતી એકત્ર કરી નહતી. તે પુસ્તક મારા પ્રયત્ન / મહેનત વગર હતું. ''મૅનેજમેન્ટ એજ્યુકેશન ઍન્ડ ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયા' આ પુસ્તક આંતરરાષ્ટ્રીય મૅનેજમેન્ટ નેટવર્કના નેજા હેઠળ એકત્ર કરેલી જાણકારીઓ - માહિતીનો સંગ્રહ છે. ત્યારબાદ મેં પુસ્તકો અને સંશોધન પેપરમાં લખ્યું છે. કોઈક સંશોધન પેપર સમાજશાસ્ત્રને કેન્દ્રમાં રાખીને લખ્યું છે. આ બધાં આમંત્રિત પેપર હતાં. આ બધાં પુસ્તકો ત્યારે આવ્યાં જ્યારે હું આઈ.આઈ.એમ.માં હતો. 'ટ્રાયપાર્ટિઝમ ઑફ મૅનેજમેન્ટ એજ્યુકેશન' જ્યારે હું શ્રીરામ સેન્ટરમાં હતો ત્યારે છપાયું હતું.

સ્વાધ્યાય પરનું એક સંશોધન પેપર દાંતવાલાના પુસ્તકમાં છે. આઈ.આઈ.એમ.ના પછી 'ધ ચિલ્ડ્રન ઑફ સેમગોડ' નામનો લેખ એક પુસ્તકમાં આવ્યો હતો. મારી સેવાનિવૃત્તિ પછી પાંચ વર્ષ માટે હું જી.આઈ.ડી.આર.માં માનદ્ વરિષ્ઠ અભ્યાસક (Honorary Senior Fellow) તરીકે રહ્યો હતો. ત્યાં મેં મૅનેજમેન્ટ એજ્યુકેશન વેલ્યુઝ ઇન સોસાયટી ઍન્ડ મૅનેજમેન્ટ પુસ્તક પ્રકાશિત કરી. વીણાદાસની પુસ્તકમાં જે પ્રકાશિત થયું હતું તે જી.આઇ.ડી.આર.ની પછી થયું હતું.

**રાજારામ :** ક્ષેત્ર આધારિત દષ્ટિકોણ (ફિલ્ડ બેઝ એપ્રોચ)માં તાલીમ લીધા પછી તમોએ ક્ષેત્ર આધારિત દષ્ટિકોણ - અભિગમમાંથી સર્વેક્ષણ આધારિત દષ્ટિકોણ - અભિગમ (સર્વે બેઝ એપ્રોચ)ની તરફ પરિવર્તન કરવાના સમયગાળામાં કેવા પ્રકારના પડકારો - મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો ?

**શેઠ :** કેમ કે હું સભાન હતો અને એક અલગ ક્ષેત્રમાં હોવાને કારણે સતત જાગ્રત હતો. આ કાંઈ બહુ મોટા પડકારજનક ન હતું. મને યાદ છે શ્રીનિવાસ કહેતા હતા કે જો હું કેટલાંક વરસો સુધી આઈ.સી.એસ. એસ.આર. ફેલોશીપ માટે અરજી કરતો તો તે મને ટેકો કે મદદ કરત અને મને ફેલોશીપ મળી પણ ગઈ હોત અને હું સંભાળી લેત. મને તે શબ્દો આજે પણ યાદ છે. પહેલું તો મારી પાસે સમય ન હતો અને બીજું એ તરફ ખેંચાણ ન હતું. હું સંચાલન અને કર્મચારી (શ્રમિક) સંબંધ તરફ આવી ગયો હતો. પરંતુ જ્યાં પણ હું બોલ્યો છું ત્યાં હંમેશાં આપણા સમાજશાસ્ત્રની પાર્શ્વ ભૂમિ અને રસને ધ્યાનમાં રાખ્યાં છે.

**રાજારામ :** તમોએ કહ્યું હતું કે એક વિચારકના રૂપથી તમોએ લખ્યું છે. વિષયવસ્તુ પર વિચાર કરવા સાથે વ્યક્તિનાં રૂપમાં એ કારણ અને મુદ્દા કયા છે જે કારણોથી તમો લખવા પ્રેરાયા ?

**શેઠ :** આ મુદ્દા શ્રમ, ટ્રેડ યુનિયન અને સંચાલકીય મૂલ્યોનાં ક્ષેત્રનાં હતાં. હું અહીંના માહોલથી પ્રેરિત થયો હતો. સમય વીતી રહ્યો હતો. વસ્તુ / બાબતો બદલાઈ

રહી હતી. ટ્રેડ યુનિયન અસાધારણ રૂપથી બદલાઈ રહ્યું હતું અને આ ક્ષેત્ર વાસ્તવિક રૂપથી સામૂહિક સોદાગીરીને બદલે ટેક્નોલોજી - સંચાલન કે સરકારના હાથોમાં વેચાવાનું શરૂ થઈ ગયું હતું. યાંત્રીકરણ અને કમ્પ્યૂટર આવી ગયાં હતાં અને રાજીવ ગાંધી પછી આર્થિક ચિત્ર બદલાઈ ચૂક્યું હતું. કામદાર સંઘ (ટ્રેડ યુનિયન)નું અસ્તિત્વ રહ્યું ન હતું. જો હું ઔદ્યોગિક સંબંધો અને સંચાલનના ક્ષેત્રને દેખું છું તો જાણવા મળ્યું કે હું ટ્રેડ યુનિયનો અને ઔદ્યોગિક સંબંધો વિશે જે કંઈ પણ શીખ્યો... પશ્ચિમી સમાજનાં અનુભવ અને ભારતીય સમાજના અનુભવથી શીખ્યો. આમાં વધારે પડતું લોકશાહી સમાનતાના વિચાર, સ્વતંત્રતાના વિચાર, સામાજિક રીતે ગરીબોના સંચાલનના વિચારો પર આધારિત હતા. અને આ રીતે તે સમયના ઔદ્યોગિક સંબંધોમાં ટ્રેડ યુનિયનમાં સંશોધન કાર્યને દિશા આપવાવાળા વિચાર હતા. મેં જે કંઈ પણ લખ્યું તેમાં વધારે એ જ દેખાય છે. જ્યારે મેં શરૂ કર્યું અને પોતાનો મહાનિબંધ લખ્યો તે એક રચનાતંત્રીય દૃષ્ટિ રીતે કર્યું હતું. હું શ્રીનિવાસથી પ્રભાવિત ન હતો. એટલા માટે આ એક રચનાતંત્રીય દૃષ્ટિકોણ હતો. પરંતુ જ્યારે હું બહાર ગયો એનાથી હું ખૂબ ખુશ હતો. ત્યારે મેં કામદારો અને ટ્રેડ યુનિયન અને કહેવાતા ઉદ્યોગપતિઓ અને સંચાલકોની નક્કર પરિસ્થિતિઓને જોવાનું શરૂ કર્યું. આ સારું હતું કે એમને પડકાર આપવામાં આવી રહ્યો હતો. સિત્તેર અને એંસીની શરૂઆતના દિવસોમાં જે સામૂહિક સોદાગીરી થઈ તેમાં યુનિયનના નેતાએ કડકાઈથી મોરચો સંભાળ્યો. જેમ કે જ્યૉર્ઝ ફર્નાન્ડીઝે 1972માં રેલવે હડતાળ કરી અને અન્ય હડતાળે બરાબર/ જબરો કોલાહલ મચાવ્યો હતો. જેનાથી સમાજ અને સરકારમાં હળકંપ મચી ગયો. તો આ એ પ્રકારનો ઔદ્યોગિક - સંચાલન અને ટ્રેડ યુનિયનવાદ હતો જેમાંથી મેં તાલીમ - શિક્ષણ પ્રાપ્ત કર્યું અને વિચાર્યું કે સમાજ આનાથી વધારે લોકશાંતિ અને સમાનતા તરફ જશે અને બ્રિટિશ વિદ્વાન પહેલેથી જ આ વિચારોથી પરિપૂર્ણ હતા. એ લોકો કામદાર સંઘના પક્ષમાં ઊભા રહેતા અને પરોક્ષ રીતે સંચાલન વિરુદ્ધ લખ્યા કરતા અને મારા પોતાના વૈચારિક અભિગમનું વ્યાપક ચિત્ર ગરીબી અસમાનતા અને કૉલેજમાં ભણેલા રાજનીતિ વિજ્ઞાન પર આધારિત હતું. અને મને અનુભવ થયો કે નીચલા સ્તરથી લઈને રાજનૈતિક સ્તર સુધી સાચું કાર્ય ચાલી રહ્યું છે. એંસીના દાયકામાં અંતમાં રાજીવ ગાંધીના આવ્યા બાદ બધું જ બદલાઈ ગયું. આજે ખૂબ અફસોસ સાથે કહી રહ્યો છું, પોતાનાં વિચાર વહેંચી રહ્યો છું. આજે જ્યારે કામદાર સંઘો અને ઔદ્યોગિક સંચાલન સ્થિતિને જોઉં છું તો મને એવું પ્રતીત થાય છે કે આને હું અતિશયોક્તિ વિના કહી શકું છું કે આપણે પાછા 19મી સદીના મધ્યમાં ચાલ્યા ગયા છીએ. વૈજ્ઞાનિક સંચાલનક્ષેત્ર, તે સમયની સામગ્રી — વસ્તુ, કામ અને શ્રમ માત્ર એક વસ્તુ છે જ્યાંથી આપણે સામૂહિક સોદાગીરીમાં વૃદ્ધિ કરી હતી. હવે નીચલા સ્તર પર પરિવર્તન આવી રહ્યું છે. મોટે ભાગે મજદૂર / કામદારોને ભીખ માગવી પડે. આજકાલ જે થઈ રહ્યું છે... જેમ કે મેં દેખ્યું છે કે ગોપી (પુત્રવધૂ) જે એચ.આર. સ્તર પર કામ કરી રહી છે. જેવી કે કમ્પ્યૂટર અને અન્ય ટેક્નિકલ સારી લાયકાત હોવા છતાં ગુલામો જેવો વ્યવહાર તેમની સાથે થાય છે. કર્મચારી હોવાને લીધે તેમના પર અત્યાચાર થાય છે. તેમને કોઈ આઝાદી નથી હોતી અને જીવવા માટે સમાજ અને સભ્યતાના કોઈ નિયમનું પાલન નથી થતું. હું આને એક અફસોસની રીતે દેખું છું કે આપણે આ સ્થિતિમાં આવી ગયા છીએ અને રૂમમાં બેઠા છીએ. મને લાગે છે કે આપણે એક આખું ચક્ર ફરી ગયા છીએ અને આપણે એવી સ્થિતિમાં આવી રહ્યા છીએ જેના વિશે 19મી સદીમાં લંડનનાં કામદાર - શ્રમ અને જીવન પર કોઈએ લખ્યું છે. જેણે માર્ક્સ પછી શ્રમ ઉપર લખ્યું હતું. લંડન, પૅરિસ અને અન્ય જગ્યા પર જે થઈ રહ્યું હતું તે વિશે માર્ક્સે લખ્યું હતું તે યુગમાં આવી ચૂક્યા છીએ. આજે

શ્રમ એક વસ્તુ બની ચૂક્યો અને કહેવાતા તાકતવર / શક્તિશાળી લોકો દ્વારા ક્યાંય પણ તેનો ઉપયોગ કરવામાં આવી શકે છે. આ પૈસા નથી, આ તકાત છે. જેનાથી ટેક્નૉલોજી પર નિયંત્રણ હોવાથી તે લોકો રાખે છે.

**રાજારામ :** શું ધન-પૈસા નહીં પણ ટેક્નૉલોજી મહત્ત્વ ધરાવે છે ? શું આ ટેક્નૉલોજી પર નિયંત્રણ છે, જે શક્તિ-સત્તાને મજબૂત કરે છે ?

**શેઠ :** આ ટેક્નૉલોજી પર નિયંત્રણ જે મહત્ત્વનું ધ્યાનમાં લેવાય છે. લોકોને સારા અને વિચારશીલ બનાવવાની સામાન્ય માનવભાવના હવે ગાયબ - લુપ્ત થઈ રહી છે.

**રાજારામ :** તમે કહો છો કે આ એંસીના દાયકામાં શરૂ થયું. એ ગાળામાં બે વસ્તુ બની. એંસીના દાયકામાં અમદાવાદના કાપડ ઉદ્યોગમાં હળતાળ થઈ અને કાપડ ઉદ્યોગ પડી ભાંગ્યો. હવે શ્રમનું અનૌપચારિકીકરણ છે. શું આ એ નૈતિક નીતિ માટે છે ? આપ તેને કેવી રીતે જુઓ છો અને તમે જે કહ્યું તેનાથી આ કેવી રીતે સંબંધિત છે ?

**શેઠ :** આપણે પાછળ જવાનું શરૂ કરી દીધું છે. ઉદાહરણ માટે બૉમ્બેના કાપડ ઉદ્યોગની હડતાળ જે વરસોવરસ ચાલી હતી અને કામદાર સંગઠનોની મુશ્કેલીઓ વધતી જઈ રહી હતી. એ સમયે શહેરી ઔદ્યોગિક કેન્દ્રોમાં તેમજ જેને આપણે ઔદ્યોગિક સાહસિક કહીએ છીએ તેમની પાસે એક શાનદાર તક હતી. ઓછામાં ઓછું નવી પેઢીની પાસે જે વડીલોએ કહ્યું હોત કે હવે તમે બહાર નીકળો, જગ્યા કરો. હવે આ ઔદ્યોગિક સંબંધોનું, સંચાલનમાં નવી પ્રયુક્તિનું, જીવન જીવવાનું અને નાગરિક બનવાનું વગેરે વિષયોનું સંચાલન અમે નવી પેઢીવાળા કરીશું. હું પણ બેઠકોમાં ભાગ લઈ રહ્યો હતો. અને જે અમદાવાદમાં થઈ રહ્યું હતું... જેવું કે ઉદ્યોગસાહસિક, પરિશ્રમી વર્ગે પોતાનું કામ ન કર્યું... એનો હું સાક્ષી હતો. એમની પાસે હજુ પણ ખૂબ પૈસા હતા. જ્યારે મિલોના ખૂબ જ પૈસા ડૂબી ગયા હતા તો પણ આ ઉદ્યોગસાહસિકોએ પોતાનું ખાસ કંઈ ગુમાવ્યું નોહતું. મુખ્ય રોકાણકર્તા જેને આપણે પ્રમોટર કહીએ છીએ એમણે કશું ગુમાવ્યું ન હતું. એમણે ગરીબ લોકોના પૈસા ગુમાવ્યા હતા. આપણે ''સન ઑફ બિઝનેસમેન'' ધંધાદારીના પુત્રોની વાત કરી રહ્યા છીએ. ધંધાદારી પુત્રોનો ઉદય એક વર્ગ તરીકે થઈ રહ્યો હતો. તે પછી મુંબઈ હોય કે અમદાવાદ. એમની પાસે કાપડ ઉદ્યોગમાંથી નીકળીને કંઈ નક્કર ખાસ કરવાની સુવર્ણ તક હતી. એ સમયે માહિતી-પ્રત્યાયન ઉદ્યોગોનો વિસ્તાર થઈ રહ્યો હતો અને અમારામાંથી ઘણા બધા લોકો આ નવી વિસ્તરતી ટેક્નૉલોજીને જોઈ રહ્યા હતા. બેંગલોર, હૈદરાબાદ અને અન્ય જગ્યા પર આનાં નાનાં નાનાં કેન્દ્રો હતાં. અમે કહી રહ્યા હતા કે અમદાવાદમાં કેમ નહીં ? એ લોકોની ઇચ્છા ન હતી. એ લોકો પોતાનો સમય બગાડી રહ્યા હતા. કેટલાક ઔદ્યોગિક સાહસિકોને ત્યાં પોતાના લોકો નોકરી કરી રહ્યા હતા. પરંતુ મોટા ભાગના લોકો પૈસાના ઢગલા પર બેસી આનંદ લઈ રહ્યા હતા અને કશું કરી રહ્યા ન હતા. એ સમાજ ઉપર જવાબદારી બની ગયા હતા. આ ક્ષેત્રમાં જે નવા ઉદ્યોગસાહસિક આવ્યા અને તેઓ જે કંઈ કરવા ઇચ્છતા હતા તેમના માટે તેમની પાસે સ્વતંત્ર ઇચ્છા અને સમય હતાં સરકાર પોતાની આર્થિક નબળાઈ - મજબૂરીને કારણે ઉદ્યોગસાહસિકોનું નિયંત્રણ કરી શકતી ન હતી. તેટલા માટે એ સ્વતંત્ર હતા. કામદારો કશું કરી ન શક્યા. તેઓ આક્રમણ ન કરી શક્યા. ઉદાહરણ તરીકે બે-ત્રણ વર્ષ પહેલાં મારુતિ(માનેસર, હરિયાણા)માં કામદારો સાથે જે થયું. મંડળના નેતાઓ અને કામદારોને જેલમાં અને નાળામાં નાખી દીધા હતા. એક સમાજશાસ્ત્રી અને નાગરિક હોવાના નાતે મને તેનો ખૂબ જ અફસોસ છે, દુઃખ છે. મારા હિસાબથી સમાજશાસ્ત્ર જો વ્યાપક દૃષ્ટિકોણ નહીં રાખે અને માત્ર સિદ્ધાંતો સુધી જ સીમિત રહેશે તો એ કશા કામનું નથી. ઉદાહરણ તરીકે નંદિની સુન્દર અને

અમિતા બાવિસ્કર. આ બે લોકો જે છે તે મારા મતે ઊભરતું - વિસ્તરતું સમાજશાસ્ત્રનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે. આજે સમાજશાસ્ત્રમાં આ જ થવું જોઈએ. એ એમ નથી કહેતા કે પરંપરાગત સમાજશાસ્ત્ર કે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતને ભૂલી જવા જોઈએ. ઊલટું પરંપરાગત સમાજશાસ્ત્રના ખભા પર જ આપણે આજના સમાજની વધુમાં વધુ સમજ વિકસાવવી જોઈએ. આપણા સમાજમાં ઘણુંબધું બની રહ્યું છે. ઉદાહરણ તરીકે કુટુંબ-સંસ્થામાં એક બહુ જ મોટું પ્રશ્નચિહ્ન છે. લગ્નની સંસ્થામાં એક મોટું પ્રશ્નચિહ્ન છે. હવે આપણી પાસે સમાજશાસ્ત્રનું ક્ષેત્ર હોવું જોઈએ. જ્યાં સમાજશાસ્ત્રનો વિભાગ કે કોઈ ભાગ કે મિત્રવત્ જૂથ જવાબદારી લઈ શકે - પ્રભાર લઈ શકે. એલ.જી.બી.ટીનો આ આખો પ્રશ્ન આવી રહ્યો છે. એલ.જી.બી.ટી. આપણાં કુટુંબોને ક્યાં લઈ જવાના છે અને લગ્ન સંસ્થાને ક્યાં લઈ જવાના છે અને સમગ્ર રીતે સમાજને ક્યાં લઈ જવાના છે અને આપણે જેને પત્ની કહીએ છે તેમનું શું થવાનું છે. તેમજ તેમનાં પુત્ર-પુત્રી-માતા-પિતા આ બધાંનું શું થવા જઈ રહ્યું છે. આને એક નક્કર પ્રશ્નની રીતે લેવો જોઈએ. કોઈએ બે-ત્રણ પેઢીઓથી વધુ સમય સુધી આને અનુસરવું પડે. અભ્યાસ કરવો પડે. કોઈ વ્યક્તિનો કેટલાંક વરસો સુધી આનો અભ્યાસ કરી શકાય છે. જે એક પ્રકારનો સતત અભ્યાસ હશે. મને એવું લાગે છે કે સમાજશાસ્ત્રએ હવે સમાજને લાંબાગાળાના દૃષ્ટિકોણથી જોવો જોઈએ અને આપણી બધી સામાજિક સમસ્યાઓને પરંપરાગત સામાજિક કાર્યદૃષ્ટિથી નહિ પરંતુ ખરા અર્થમાં વાસ્તવિક રીતે સામાજિક અર્થોમાં જોવી જોઈએ. અને જ્યા ત્યાં સંશોધનો - નાણાં, સમય, સાધન બગાડ્યા વિના મુખ્યરૂપથી આ પ્રશ્નોનું નિરાકરણ શોધવું જોઈએ. આ ''મુંગેરીલાલ કે હસીન સપને''ની જેમે એક હસીન સપનું નથી. પરંતુ એક નક્કર સમસ્યા છે. લોકોએ અરસ-પરસ મેળ રાખવો જોઈએ. સંમેલનોનું આયોજન થવું જોઈએ. પરંતુ અહીંયાં અસ્પષ્ટ અને અસમાન મુદ્દાની ચર્ચા થાય છે. કારણ કે સરકાર આવું બધું પસંદ કરે છે... આ બધું થવા દો. તો હું વિચારું છું કે સમગ્ર દેશના સમાજશાસ્ત્રીઓનો એક સમૂહ એકસાથે બેસે અને એક લાંબા સમયગાળા માટે મનોમંથન કરે અને નક્કી કરે... આપણે કેવી રીતે અગળ વધવું જોઈએ અને ટૂંકાગાળામાં ઊભરી રહેલા સમાજને કેવી રીતે દેખવો જોઈએ. આપણે બાવીસમી સદીની વાત કરતા નથી. પણ 2020 કે 2040ની વાત કરી રહ્યા છીએ.

**રાજારામ :** તમારા મતે આજના સંદર્ભમાં શ્રમ (Labour)નાં કયા કયા મુદ્દા છે ?

**શેઠ :** જો હું કામદાર સંઘનો નેતા હોત તો આજે શ્રમની સમસ્યાઓ અને સરકારની દૃષ્ટિથી નહિ કે ન તો સરકારની ટીકા કરવાની દૃષ્ટિએ જોતો હોત. બધા જ શ્રમિક કાયદાને કિનારે કરી દીધા છે અને નજરઅંદાજ કરવામાં આવી રહ્યા છે. શ્રમિક કાયદાને અસલ રાખીને તોડી દેવામાં આવ્યા છે અને કોઈ આ અંગે કશું કહી શકે તેમ નથી. એટલે સુધી કે કામદાર સંઘો પણ. મેં સાત વર્ષ સુધી નિયામક તરીકે અહીંયાં વિતાવ્યાં અને એ સાત વર્ષમાં મારા કર્મચારી દ્વારા દુરુપયોગ થતો રહ્યો. મેં ખૂબ જ કઠિન સમય વિતાવ્યો. મારા પર અશ્લીલતાનો આરોપ લગાવ્યો. મારા પર કામદારોનાં માનહાનિનો આરોપ લાગ્યો અને મને અદાલતમાં ખેંચી ગયા. મારા પર કશું કામ ન કરવાનો આરોપ લાગ્યો અને લાંચ-રુશ્વત લેવાનો આરોપ લાગ્યો. આ બધા પાછળ યુનિયન કર્મચારી સંઘ હતો. મારા સાથીદારો ખૂબ નારાજ હતા અને કહેતા કે આપ શું કરી રહ્યા છો ? આ બધું શા માટે સહન કરી રહ્યા છો ? મારી મા ત્યાં હતી એને જોઈને અચંબો થતો. મેં કહ્યું કે આપણે ગભરાવું જોઈને નહિ. આ બધા આપણું કશું બગાડી શકશે નહિ. એ તેમની સ્વતંત્રતા છે અને બંધારણના અનુચ્છેદ - 19 મુજબ તેમને પ્રાપ્ત થઈ છે. જ્યાં સુધી તેમની સ્વતંત્રતાનો ઉપયોગ કરી રહ્યા છે

ત્યાં સુધી હું કશું કરીશ નહિ. હું કશું પણ કરીશ નહિ... કારણ કે તે મારી સાથે દુર્વ્યવહાર કરે છે. પરંતુ જો તેઓ સંસ્થાને બદનામ કરશે તો હું ચોક્કસ શાંત નહીં બેસી રહું. મેં આ બધું સાત વર્ષ સુધી સહન કર્યું છે. આ બધા પ્રધાનમંત્રી સહિત અનેક લોકોને લખી રહ્યા હતા કે આ વ્યક્તિ કશું કરતા નથી. મારી સેવાનિવૃત્તિ પછી પણ જ્યારે સંસ્થા સાથે કંઈ લેવા-દેવા નહોતી રહી ત્યારે પણ એક કામદાર સંઘના નેતાએ લખ્યું કે નારાયણ શેઠનો પુત્ર કશું જ કામકાજ કરતો નથી. તે બહુ ખાસ પૈસા કમાઈ રહ્યો નથી અને સૅટેલાઇટ રોડ પર જૂના-પુરાણા મકાનમાં રહી રહ્યો છે અને પોતાની જરૂરિયાતો પણ પૂરી કરી શકતો નથી અને સંસ્થાની આજુબાજુ ફરી લોકોની મદદની ભીખ માંગી રહ્યો છે. આ બધી વાતો દિલ્હી સુધી પહોંચી હતી અને કયા કારણથી પહોંચી હતી તે આજ સુધી જાણતો નથી. હું કામદાર સંઘનો મિત્ર હતો. હું કર્મચારી સંબંધોનો પ્રભારી હતો અને બધા સાથે સારું ચાલી રહ્યું હતું. ઘણાબધાએ એ વિચાર્યું કે આ વ્યક્તિ સંભવિત નિયામક જેવો તો લાગતો નથી. આ શું કરી શકે છે ? આને સરળતાથી પાડી શકાય છે એટલા માટે આ બધાએ મને પાડવા અને મારા પર વર્ચસ્વ જમાવવાનું જે તેમનું ધ્યેય નક્કી કર્યું હતું તે પાર પાડી શક્યા નહીં. એટલા માટે તે અચડણો ઊભી કરી રહ્યા હતા. એ સમયે તેઓ જે કરી રહ્યા હતા તે માટે જવાબદાર તે સમયના ઔદ્યોગિક સંબંધોનું વાતાવરણ હતું. તે સમયે એક ડાબેરી નેતા મુકુલ સિન્હા પોતાના એક સાથીદારની સાથે કામદાર સંઘ ચલાવી રહ્યા હતા. અને તેના સભ્યો ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL), અમદાવાદ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રી રિસર્ચ એસોસિએશન (ATIRA), નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન (NID) તેમજ અન્ય સંસ્થાઓમાં હતા. આ લોકો સમસ્યાઓ ઊભી કરતા હતા. એક પછી એક આ બધા લોકો અમારા બધા માટે સમસ્યા ઊભી કરતા હતા. તો આ પ્રકારના વાતાવરણમાં અમે પોતાની સંસ્થાઓ ચલાવી રહ્યા હતા. નારાયણ શેઠ પહેલો શિકાર બનશે. આને હાંસિયામાં રાખવો સરળ રહશે. આ જ સમસ્યા હતી.

**રાજારામ :** આપનું વિશ્લેષણ એક બીજો પ્રશ્ન ઊભો કરે છે કે આ પ્રકારનો સંઘવાદ ક્યાંથી આવ્યો ? શું આ રાજનીતિકરણ છે ?

**શેઠ :** શરૂઆતથી જ જ્યારે કૉંગ્રેસનાં સમયથી AITUC - ઑલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ હતું. સમાજમાં બધી જગ્યાએ ભ્રષ્ટાચાર હતો. જ્યારે ગાંધી હતા... ગાંધીની ઉપસ્થિતિમાં કૉંગ્રેસીઓની વચ્ચે સરકારમાં તથા બધી જગ્યાએ અનેક પ્રકારના ભ્રષ્ટાચાર થઈ રહ્યા હતા. કેટલાક લોકો જેમાં સ્વતંત્રતાસેનાની પણ હતા. ગાંધીના નામનો ઉપયોગ કરતા, જે સુવિધાજનક પણ હતું. લોકો ઉદાર રહેવાનું અને લોકશાહી અંગે મોટી મોટી વાતો કરવાનું શીખી ચૂક્યા હતા અને જે કાંઈ આસાન - સરળ લાગતું હતું તે કરવા લાગ્યા હતા. આ સંભવતઃ આપણી સંસ્કૃતિનો ભાગ છે તેમજ તેનો નિયમ છે. દેશના તેમજ કામદારો માટે જે કાયદાઓ - નિયમો જે લાંબા સમયગાળામાં વિકસિત થયા હતા. બ્રિટિશકાળથી જ કેટલાક કાનૂન બ્રિટિશરો દ્વારા બનાવાયા હતા. તે આજે પણ ચાલુ છે. જે સંપૂર્ણ રીતે નિષ્ક્રિય થયા નથી. ઉદાહરણ તરીકે જ્યોર્ઝ ફર્નાન્ડીઝે એને હાથ લીધો અને સંચાલન કર્યું. છેવટે જ્યોર્ઝ ફર્નાન્ડીઝે બહુ સમસ્યા ઊભી કરી. પરંતુ અંતમાં - છેલ્લે સરકારે હથિયાર હેઠાં મૂકવા પડ્યાં. સંચાલકો (માલિકો) - કામદારો બંને એ શિસ્તને આધીન હતા. આ બધી બાબત હોવા છતાં એમણે દેશના કાયદાને આશ્રિત થવું પડ્યું. ઇન્દિરા ગાંધીના સમયમાં ઘણાબધા કામદાર સંઘ નેતા હતા. જે તેમને પ્રસન્ન રાખી રહ્યા હતા કે દગો આપી રહ્યા હતા. ઇન્દિરા ગાંધી પછી રાજીવ ગાંધીના સમયમાં સાચી સ્વતંત્રતા... પોતાનો આકાર લેવાનો શરૂ થયો હતો. આપણા રાજકોષ (સરકારી તિજોરી) ખાલી હતા. કામદાર સંઘને

લાચાર બનાવી દીધું હતું. નિયુક્ત થયેલાને લાચાર બનાવી દીધા હતા. સરકાર પણ લાચાર હતી. આ કારણોથી સરકારે કામદારો પ્રત્યે સખ્ત વલણ અપનાવવું પડ્યું. કામ રાખનારે કામદારો પ્રત્યે સખ્ત પગલાં લીધાં અને કામદાર સંઘને કોઈ છૂટકો ન હતો. કામદાર સંઘ કાં તો વેચાઈ ચૂક્યા હતા અથવા શાંત થઈ ગયા હતા. કેટલાક વરસો પછી એવો સમય આવ્યો કે કામદારો અને યુનિયન સંઘ પરસ્પર દુશ્મન બની ગયા હતા અને કામદારો માલિકો સામે નહીં પરંતુ પોતાના નેતા સામે લડી રહ્યા હતા. આને જ રામા સ્વામીએ મજદૂરોની વિમુખતા કહી હતી. અને આ પ્રકારની સ્થિતિ બની ગયા અને પછી ઉદારીકરણ આવ્યું. મેં ઘણી વખત કહ્યું છે કે ઉદારીકરણનો અર્થ એ નથી કે ટ્રેડ યુનિયનવાદ નાશ પામ્યો. માર્ક્સ ઘણી જગ્યાએ ખોટા હોઈ શકે છે. પરંતુ માર્ક્સે એક સાર્વભૌમિક (જગત) સત્ય કહ્યું હતું. એક વખત સ્કોલેટ એસ્ટીન આવી હતી અને અમે ઇન્ડિયા ઇન્ટરનૅશનલ સેંટરમાં વાત કરી રહ્યા હતા. માર્ક્સે બીજી વાર જન્મ લેવો જોઈએ... જે પણ રીતે લેવાય. જ્યારે તમો કામદારોને દબાવશો તો તે પીડિત થશે. ઠીક તેવી જ રીતે બ્રિટિશ અને ફ્રેંચ કામદારો હંમેશાં માટે પીડિત નથી થયા. એવી જ રીતે અહીંયા પણ કામદારો દુઃખી ન હોય. હું એક પ્રકારનો માર્ક્સવાદ અથવા એનું એક રૂપ દેશમાં જોઈ રહ્યો છું. આવા સમયમાં જ્યારે કામદાર સંઘ વ્યાવહારિક રીતે બિલકુલ મરણ પામ્યા છે. હું એક શબ્દનો પ્રયોગ કરવા ઇચ્છીશ. સરકારો મજબૂર છે તે શ્રમ સુધારાની વાતો કરશે અને જે સુધારા થશે તે માલિકોના પક્ષ અને કામદારોની વિરુદ્ધ છે. આજ સ્થિતિ આ છે. જે કોઈ શ્રમ સુધારા સંચાલન પર કામ કરે છે તેઓએ આ બધું વર્ણન કરવું જોઈએ. અને આ જગ્યાએ ધ્યાન આપવું જોઈએ. જ્યાં ખોટી વાત બની છે. ઉદાહરણ તરીકે આપણે મુંબઈ શહેરને લઈએ અથવા અમદાવાદ શહેરને લઈએ જ્યાં ભૂલો થઈ છે. નાના-મોટા સ્તરે ક્યાંક લખાયું છે. આપણને શરિત ભૌમિક જેવા લોકોની જરૂર છે. જેમણે મુંબઈના કામદારો પર લખ્યું છે. જે એક સારા સમાજશાસ્ત્રનું ઉદાહરણ છે. જો આપણી પાસે વિકલ્પ હોય તો અમિતા બાવિસ્કર, શરિત ભૌમિક અને નંદિની સુંદર જેવા લોકો હતાં. ક્ષેત્રમાં જઈને સચ્ચાઈ-સત્ય જોઈ શકતા.

**રાજારામ :** અર્જુન સેનગુપ્તા સમિતિએ કેટલીક ભલામણો કરી હતી. જે હવે દસ વરસ જૂની થઈ ગઈ છે. તમે એમની કામદારોની ભલામણોને કેવી રીતે જુઓ છો ?

**શેઠ :** અર્જુન સેનને યાદ કરાવવા બદલ તમને ધન્યવાદ. બહુ જ બધા બિનસમાજશાસ્ત્રી, ઇતિહાસકાર, આર્થિક ઇતિહાસકાર, સામાજિક ઇતિહાસકાર, મુખ્યત્વે બંગાળી બાબુઓએ બહુ મોટો ફાળો આપ્યો છે. એક અર્થશાસ્ત્રી છે શ્યામસુંદર. ગાણિતિક અભિમુખી અર્થશાસ્ત્રી છે જે કામદારો વિશે કહે છે. તેમાં ઘણુંબધું સમાજશાસ્ત્ર છે. જો તમે ઇકૉનૉમિક એન્ડ પોલિટિકલ વીકલી જોશો તો ઔદ્યોગિક સંબંધ, ઉદ્યોગ અને અન્ય બાબતો પર સંશોધન આધારિત અનેક લેખો હયાત છે. પરંતુ બધા વિદેશ આધારિત છે. આ બધા અમેરિકા, બ્રિટન, પૅરિસ કે ઑસ્ટ્રિયાના સંશોધનકારો દ્વારા લખાયા છે. તોપણ તેઓ સમાજશાસ્ત્ર અને ઔદ્યોગિક સંબંધ પર સારું લખે છે. આ લોકોએ જાણી લીધું છે. તેઓ માત્ર મધ્યમ વર્ગની સમસ્યાઓ પર નથી લખતા... સાંપ્રત સમસ્યાઓ પર લખે છે. ઉદાહરણ તરીકે પશ્ચિમ બંગાળ કે ભારતમાં ચૂંટણી થાય છે અને કેટલાંક જ અઠવાડિયામાં તમે ઑસ્ટ્રેલિયા અને અમેરિકામાં સંશોધન આધારિત સારા લેખો જોઈ શકો છો. એ મને સારું લાગે છે. પરંતુ આનું બીજું પાસું ભારતીય સમાજશાસ્ત્રીઓનું શું ? વધારે તો નહીં કહી શકું કારણ કે આજે હું દુનિયાના (વૈશ્વિક) સમાજશાસ્ત્રના સંપર્કમાં નથી રહ્યો અને હું પરિષદ અને સેમિનારમાં ભાગ લેતો નથી. હું વિશ્વ વિદ્યાલયોના સંપર્કમાં પણ નથી રહ્યો.

મેં જાણીજોઈને પોતાની જાતને આ બધાથી અલગ કરી દીધી છે. જે પણ હું સાંભળું છું, જે પણ આસપાસ જોઉં છું અને એકત્ર કરું છું... સ્થિતિ ખૂબ જ દયનીય બની રહી છે. હું અન્ય વિષયો અંગે પણ સાંભળું છું પરંતુ મારે અન્ય વિષયો અંગે કશું કહેવું નથી. જોકે સમાજશાસ્ત્રની સ્થિતિ દયનીય છે. મને વિશ્વાસ છે કે પ્રતિભાશાળી લોકો પણ છે. પરંતુ શું આ ભાષાની સમસ્યા છે કે સારા શિક્ષકોની અછત છે કે પછી બીજું કંઈક....

**રાજારામ :** જેમ કે તમોએ આ ટીકા-ટિપ્પણ કર્યું છે એટલે હું પ્રશ્ન કરી રહ્યો છું. સરકાર ઘણુંબધું કરી શકવાની સ્થિતિમાં નથી. અને કામદાર - ભાવ-તાલ (સોદાગીરી) કરવાની સ્થિતિમાં નથી. રાજીવ ગાંધીના સમયમાં કામદારોની જે સ્થિતિ હતી અને આજે 21મી સદીમાં સરકારમાં પરિવર્તનનો સમય છે. તો શું તમને લાગે છે કે નીતિઓમાં સાતત્ય છે કે કોઈ તફાવત છે ?

**શેઠ :** બે વાત છે. પહેલી તો કૉંગ્રેસના જમાના / સમયથી જુદી નથી. જ્યાં સુધી નબળાઈની વાત છે તો સમાજ, કામદાર આંદોલન અને કામદાર સંબંધ બધાંની નબળાઈ એકસરખી છે. એમના કામદાર અલગ છે. તો કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે પસંદ કરવા માટે કશું નથી. એક ખાસ અપવાદ સાંપ્રદાયિકતાની સમસ્યા છે. હું કૉંગ્રેસ નહિ કહું. કારણ કે કોંગ્રેસ અનેક રીતે સાંપ્રદાયિક રહી છે. પરંતુ જ્યાં સુધી આ સરકારની પ્રતિષ્ઠાની વાત છે તો શિખર પર દુનિયાને આપણે બતાવીએ છીએ કે અમે હજુ પણ 'સેક્યુલર' બિનસાંપ્રદાયિક છીએ. આપણે વૈશ્વિક સમાજના ભાગ છીએ અને આપણા એજન્ડામાં સાંપ્રદાયિકતા નથી. આપણા પ્રધાનમંત્રી આ જ કરી રહ્યા છે. તેઓ દુનિયાના તમામ નેતાઓનો વિશ્વાસ જીતી લે છે અને હા એક બીજી વાત એ કે તેઓ દુનિયાના નેતા બનવા ઇચ્છે છે અને બીજા પણ. તેઓ ઇચ્છે છે કે લોકો માને કે ભારત એક મહાન સાંપ્રદાયિક કે હિન્દુ સમાજ નથી. આ સૌથી ઉપરની વાત છે. બીજા સ્થાન પર ઘણાબધા સમયથી નેતૃત્વ સંદેશ આપી રહ્યું છે કે જ્યારે મધ્યમ વર્ગના લોકો કે જ્યાં પણ બિનસાંપ્રદાયિકતા હતી, જ્યાં પણ સમાજશાસ્ત્ર હતું, જ્યાં લિબરલ આર્ટ્સ હતું... તે બધું ભાજપની વિચારસરણી, હિન્દુ વિચારધારા વડે ખરીદવામાં આવી રહ્યું છે. 2002માં જ્યારે તોફાનો થયાં ત્યારે એડ્વિન મસિહી (ભૂતપૂર્વ પ્રાધ્યાપક - ગુજરાત યુનિ.)એ એક અભ્યાસ કર્યો હતો અને તેમણે જોયું કે વિશ્વવિદ્યાલયનાં સામાજિક વિજ્ઞાનનાં અધ્યાપકો કોઈ ને કોઈ રીતે ભાજપનાં સમર્થક હતાં. ''એમણે જે કર્યું તે તેના લાયક હતાં. તેઓ કહેતાં હતાં કે મુસલમાનોની સાથે આવું થવું જ જોઈએ.'' સમાજના નીચલા વર્ગના અનુસૂચિત જાતિ અને મુસલમાન જે હમણાં સુધી મિત્રો હતા. તે પોતાના નેતાનાં ભાષણોને કારણે તેમની વચ્ચેના સંબંધ બગડી રહ્યા છે. અને દોસ્તમાંથી દુશ્મન બની રહ્યા છે. અને પછી હંમેશાં માટે દુશ્મન બની જાય છે. આ કામદારોના સંદર્ભમાં છે.

**રાજારામ :** અર્જુન સેનગુપ્તા સમિતિએ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કેટલાક સલામતીના ઉપાયો સૂચવ્યા હતા. કેટલાક ઉપાયો કરવામાં પણ આવ્યા છે. તમે તેને કેવી રીતે જુઓ છો ? શું આ માત્ર ખાનાપૂર્તિ અને ઠાગવઠિંગળ છે ?

**શેઠ :** આ મને કંઈક યાદ અપાવે છે. જે ઘણા સમય પહેલાં બન્યું હતું. ગુલઝારીલાલ નંદા જ્યારે શ્રમમંત્રી હતા એ સમયે દેશ પોતાની શ્રમનીતિનું ઘડતર કરી રહ્યો હતો. જોઇન્ટ મૅનેજમેન્ટ કાઉન્સિલ પરના મારા પુસ્તકમાં કામદારોના સંચાલનમાં સંયુક્ત ભાગીદારીની ક્ષણ આવી હતી, જે રોચક અને વ્યવહારિક બની ગઈ હતી. કેમ ? કારણ કે પ્રથમ વિશ્વયુદ્ધ પછી એવું કંઈક થયું હતું. વીસમી સદીની શરૂઆતમાં યુગોસ્લાવિયા જેવા કેટલાક દેશો હતા જ્યાં કામદારોની સક્રિય ભાગીદારી હતી અને સારું કરી રહ્યા

હતા. એટલા માટે ભારતમાં પણ કામદારોની સંચાલનમાં સહભાગીદારી હોવી જોઈએ. નારાયણ શેઠ અને કમલા માથુરની પુસ્તકમાં આનું વર્ણન કર્યું છે કે લોકો સંયુક્ત સંચાલન સમિતિ (JMC) અંગે વિચારી રહ્યા હતા. દરેક કારખાનામાં સંયુક્ત સંચાલન સમિતિ હોવી જોઈએ જેથી કામદાર અને માલિકો એકબીજાના સહકારથી નિર્ણય લેતા અને 'ધેર વુડ બી ધી એન્ડ હની' આ ચલણ એ દેખાડા માટે બની ગયું. જેથી વિશ્વને બતાવી શકીએ કે અમે પણ કામદારોના સંચાલનમાં — દખલમાં વિશ્વાસ રાખીએ છીએ. હું તમને બતાવા ઈચ્છીશ કે આ બધો સંયોગ હતો કે જ્યારે ભારતીય કામદાર પરિષદમાં એક-પક્ષિય બેઠકમાં કામદારોના સંચાલનમાં ભાગીદારી ઉપર વિચારણા ચાલી રહી હતી ત્યારે ગુલઝારીલાલ નંદાએ કહ્યું હતું, ''આજે સ્થિતિ એવી છે આપણે કામદારોને આર્થિક-ભૌતિક લાભ નથી આપી શકતા. આપણે ગરીબ દેશ છીએ. તેથી આપણે વધારે સંસાધન નથી આપી શકતા. તો પછી શા માટે તેમને સંચાલનમાં ભાગીદાર ન બનાવી દઈએ. ભાગીદારીની એક ભાવના તો આપણે ભૌતિક-આર્થિક સંતુષ્ટિની જગ્યાએ વિકલ્પ માટે સહભાગીદારી આપીએ છીએ.'' તો જે પણ કંઈ આપણે કરીએ છીએ પછી તે કામદારો માટે વીમો હોય કે કલ્યાણકારી યોજના હોય. નહેરુના સમયથી અત્યાર સુધી અરે મોદી સાહેબ દ્વારા પણ ઘણીબધી સારી વસ્તુ કરવામાં આવી છે. બે બાબત — વસ્તુ છે. આની રચના કામદાર કલ્યાણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. એટલા માટે કેટલાક લોકોની દૃષ્ટિએ આ સારી દાનતથી કર્યું છે પરંતુ જ્યાં સુધી આ યોજનાઓના વહીવટ અને છેવટના અંતિમ લાભની વાત આવે છે તો ઘણી બધી મુશ્કેલીઓ છે. એટલા માટે આના સિવાય મને રચના કરવા અને એનું તેનું મૂલ્યાંકન કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ જે પ્રકારે ક્ષેત્રોમાં રહીએ છીએ અને આ તમામ કલ્યાણકારી યોજનાઓ માટે એ સાચું છે કે ઘણીબધી ક્ષતિઓ છે. પછી તે મનરેગા હોય કે બીજી કોઈ. વીમા જેવી યોજનાનો લાભ ખૂબ ઓછો પહોંચી રહ્યો છે અને મોટા ફાયદા કરી શકતા નથી.

**રાજારામ :** ઔદ્યોગિક સમાજશાસ્ત્રનાં ક્ષેત્ર અંગે તમે કંઈક વધુ કહેવા ઇચ્છશો ?

**શેઠ :** મેં આના પર વ્યવસ્થિત રીતે નજર નથી રાખી. જે પણ હું જોઉં છું અને પુસ્તક-સમીક્ષાઓમાં વાંચું છું તેનો હું અનુભવ કરું છું. પાછલા દિવસોમાં જેમ કે બાવિસ્કર કરી રહ્યા હતા. એ સહકારી સમિતિઓ પર કામ કરી રહ્યા હતા. પરંતુ રામાસ્વામી અને અન્ય લોકોએ ઔદ્યોગિક સમાજશાસ્ત્ર માટે ખૂબ સરસ ફાળો આપ્યો છે. મારા સિવાય અન્ય બીજાં પણ હતાં. કેટલાક લોકો આઈ.આઈ.એમ. કલકત્તામાં કરી રહ્યા હતા પછી એમને ભૌમિક જેવા લોકો મળ્યા. ટૂંકમાં ઘણાબધા સમાજશાસ્ત્રીઓનું યોગદાન રહ્યું છે. જેમણે ઔદ્યોગિક સંબંધો અને મજદૂર સંગઠનોના ક્ષેત્રમાં સારું યોગદાન - ફાળો આપેલ છે. મારી અંગત સલાહ મુજબ રામાસ્વામીનું યોગદાન એમાંનું એક રહ્યું છે. એક સમયે તે મારા વિદ્યાર્થી હતા. જ્યારે શ્રીનિવાસ ચાલી ગયા હતા ત્યારે મને ભાર સોંપવામાં આવ્યો હતો. (દિલ્હી સ્કૂલમા). હું રામાસ્વામીને માનું છું. કેટલાક વિદેશી હતા. થોડાક બ્રિટન અને હોલેન્ડમાં હતા જેમણે બેંગલોરમાં ક્ષેત્રકાર્ય કર્યું હતું. બિનભારતીયો દ્વારા મજદૂરો - કામદારો ઉપર સરસ અભ્યાસ કરવામાં આવ્યા, જે શ્રેષ્ઠ હતા.

**રાજારામ :** આપણે અન્ય ક્ષેત્રો તરફ જઈએ છીએ. તેમાંનું એક તમારા બાળપણમાં આધ્યાત્મિકતાની તરફનો ઝુકાવ કયાં કારણોથી તમોએ એના પર કામ કર્યું ? શું આ બાળપણના રસની સાતત્યતા છે કે બીજું કંઈ ? એક સમાજશાસ્ત્રી હોવા સંબંધે કયાં કારણોથી તમારો રસ આના પર રહ્યો ?

**શેઠ :** એક વાત છે કે આધ્યાત્મિકતા હંમેશાં મારી સાથે જોડાયેલી રહી છે. મારા શબ્દોમાં કહું... મારે એવું ન કહેવું જોઈએ જે અહંકારી લાગે. એટલા માટે

કૃપા કરી સજાગ રહેજો. હું સદાય આધ્યાત્મિકતા સાથે ઊછર્યો. જ્યારથી મારા પિતાએ અજાણતાં જ મારામાં આના પ્રત્યે આકર્ષણ જગાડ્યું ત્યારથી હું જ્યાં પણ રહ્યો પછી માન્ચેસ્ટર કે બીજે ક્યાંય... દિવસના અંતે હું ભગવદ્‌ગીતા વાંચતો. હું દસ-બાર વરસનો હતો ત્યારથી ભગવદ્‌ગીતાની સાથે રહ્યો. આનાથી મને ઘણો લાભ થયો. તેણે મારામાં આધ્યાત્મિકતાનું એક સૂત્ર રાખ્યું છે જે સંપૂર્ણપણે ધાર્મિક છે. જો કોઈ મને મારા ધર્મ કે આસ્તિકવાદ અંગે પૂછે તો હું 'ના' કહીશ. હું ઈશ્વર કે ભગવાન પર બિલકુલ વિશ્વાસ નથી કરતો. હું નથી જાણતો કે તે કોણ છે ? શું છે ? પરંતુ એ જે પણ છે હું સામાન્ય રીતે ભૌતિક વિજ્ઞાન કે ખગોળ વિજ્ઞાનમાંથી પ્રેરણા લઉં છું. જ્યાં બ્રહ્માંડ કેટલીક ક્ષણોમાં 'સોયની અણી' (સૂક્ષ્મ આકાર)થી મોટો બની હજારો માઈલ સુધી ફેલાઈ ગયો અને હજુ વધી રહ્યો છે. તો પેલી સોયની અણીવાળો વિચાર મનમાં સદાય રાખું છું. જ્યાં સુધી ઉપનિષદોની વાત છે... ઉપનિષદ લેખક કહે છે કે મંત્ર સ્વર્ગમાંથી આવી રહ્યા છે અને એને પકડવાના છે. આ સાચું ન હોઈ શકે. તેમની પાસે અંતર્દષ્ટિ છે. એક સૂક્ષ્મ બિંદુ અંગે એમણે વધારે શબ્દોમાં કહ્યું નથી. પરંતુ તે જાણે છે જે આપણે જાણતા નથી. હું કહી રહ્યો છું કે આપણે હજુ પણ નથી જાણતા કે ઈશ્વર કોણ છે ? પરંતુ એક તત્ત્વ છે જે ઊર્જાની લહેર છે... પણ આપણે જાણતા નથી. આ પ્રકારના વિચારો સાથે રહું છું. મને ખબર નથી. મને વિશ્વાસ છે, પૂરો વિશ્વાસ છે. વગર કોઈ મંત્ર હું આ ક્ષેત્રને છોડી દઉં છું. જ્યારે પણ કોઈ તકલીફ - મુશ્કેલી આવે છે ત્યારે હું પોતાની જાતને યાદ અપાવું છું. એટલે જ મેં ક્યારેય ઉત્તેજિત થઈ કોઈ હિંસા કરી હોય. હું મારી પોતાની સાથે શાંતિથી રહ્યો છું. આખરે તો એ બધા આપણા જ લોકો છે. એ શાંત થઈ જાય છે. મુકુલ સિન્હાએ મને પોતાનો દુશ્મન માની જ લીધો હતો. એ ઘણાબધા શબ્દોમાં કહી રહ્યો હતો કે એ જાણીતી પી.આર.એલ., એ.ટી.આઈ.આર.એ., (ATIRA) એન.આઈ.ડી. વગેરે સરકારી સંસ્થાઓને બરબાદ કરવા જઈ રહ્યા છે. એ સમયે હું નિયામક હતો ત્યારે ઔદ્યોગિક સંબંધો પર અભ્યાસક્રમ ભણાવી રહ્યો હતો. મે મુકુલ સિન્હાને મારા વર્ગમાં ભણાવવાનું નિમંત્રણ આપ્યું. હું બિલકુલ તણાવ રહિત હતો. આધ્યાત્મિકતા પર આ વિચાર રહ્યો છે... મેં હંમેશાં માન્યું છે કે દુનિયામાં જે પણ થઈ રહ્યું છે જે સાચું કે ખોટું, હકારાત્મક કે નકારાત્મક... હું તેનો મારા પોતાના અસ્તિત્વમાં, પોતાના કામમાં અને પોતાના વિચારમાં સ્વીકાર કરું છું. તેને એના પર છોડી દઉં છું. હું જે પણ કરું છું એની પાછળ મારી આધ્યાત્મિકતા અને પેલી માર્ક્સવાદી દૃષ્ટિ હોય છે. જે સંચાલનમાં અને ઉદ્યોગોમાં કામ કરી રહેલા લોકો સાથે વાતચીત ઉપરાંત મળેલી દૃષ્ટિનું પરિણામ હોય છે. એક વખત શ્રીનગરમાં આ દેશના એક વરિષ્ઠ સંચાલક સાથે સંચાલનનાં મૂલ્યો પર વાત કરી રહ્યો હતો. શ્રોતાઓમાં મારો એ સાથીદાર - સહકર્મચારી હતો. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી જેનું નામ મનુ શ્રોફ હતું તે આવ્યા અને બીજા લોકોને કહ્યું કે આ વક્તવ્ય હજુ પણ સુંદર થયું હોત જો અમે તમારા ઉપર શાલ ઓઢાડી તમને મહર્ષિ નારાયણથી સંબોધન કર્યું હોત. હું બતાવવા પ્રયત્ન કરી રહ્યો છું. આ પ્રકારનાં વ્યક્તિગત વ્યવહાર, નીતિ અને અન્ય સમસ્યાઓને હલ કરવામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે.

જ્યારે હું નિયામક હતો. હું ખૂબ સારો વ્યક્તિ ગણાતો હતો. મને ગુજરાતી શબ્દ 'ચાલુ' (નબળો, ડબ્બો, સામાન્ય માણસ) કહીને બોલાવતા હતા. શ્રીલંકામાં જ્યારે હું એક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યો હતો અને સિંગાપોરની એક વ્યક્તિ 18 દિવસના પ્રવાસમાં મને આ નામે એ બોલાવવા લાગ્યો હતો. હું મોટો નહિ પરંતુ એક સાધારણ માણસ હતો. તો આ પ્રકારનાં વાતાવરણ અને સહકર્મચારી સાથીદારનાં વર્તનને હું સરળતાથી સંભાળી લેતો હતો. મારા કોઈ

દુશ્મન ન હતા. જીવનમાં કોઈ પણ દુશ્મન ન હતો. અને મારા કુટુંબમાં મારી પોતાની કાકીને એવું લાગતું કે હું તેમનો દુશ્મન છું. એક મિલકતનો ઝઘડો હતો અને મેં એમને કહ્યું કે બધી મિલકત તમારી છે. એ એક પાઈ પર પણ દાવો કરવા નથી જઈ રહ્યો. આપ શા માટે એની ચિંતા કરો છો ? મને બસ શાંતિથી રહેવા દો અને તમે પણ શાંતિથી રહો. તો આધ્યાત્મિકતાએ આ રીતે મને હંમેશાં મદદ કરી છે. તો જ્યારે નિયામક બનવાની વાત આવી મારી પાસે વહીવટનો અનુભવ હતો. હું નિયામકોને એમનાં અનેક કામોમાં મદદરૂપ બનતો હતો. જ્યાં સુધી રવિ મથાઈ ત્યાં હતા, કોઈ સમસ્યા ન હતી. રવિ મથાઈ પછી શિક્ષકો - અધ્યાપકો વચ્ચે અને સંસ્થામાં નાના-મોટા પ્રશ્નો હતા. શિક્ષણ અને રાજકારણના રૂપમાં કંઈક હો-હો થઈ રહ્યું હતું. જે અમે વિક્રમ સારાભાઈ અને રવિ મથાઈને આધીન ક્યારેય એવો અનુભવ થયો ન હતો. આ પ્રકારની બાબતો શરૂ થઈ ગઈ હતી. લોકોએ વાતો કરવાનું શરૂ કરી દીધું હતું. જૂથબંધી શરૂ થઈ ગઈ હતી. જોકે હું પોતે આનાથી દૂર રહ્યો હતો. રવિ મથાઈ 1984 સુધી રહ્યા એમના પછી 1982માં નિયામક પદ  દાવ પર લાગી ગયું હતું. ત્યારે અમને તકલીફ થઈ. અહીંયાં વરિષ્ઠ અધ્યાપક સભ્ય હતા. બહુ જ સારા વિદ્વાન હતા. પરંતુ સ્વીકૃતિની સમસ્યા હતી. નિર્ણયકર્તા બહુ ખુશ ન હતા. એમણે ચારે બાજુ જોયું - દેખ્યું પછી એમણે કહ્યું કે આ વ્યક્તિ અમારા મગજમાં છે. સંસ્થામાં તેમની પ્રતિષ્ઠા છે. સંસ્થાનો વિશ્વાસ નથી કરી શકતા. એટલે તેમણે આઈ.જી. પટેલને પસંદ કર્યા અને જ્યારે તેઓ આઈ.જી. પટેલને પસંદ કરી રહ્યા હતા ત્યારે કેશવ મહિન્દ્રાએ મને બોલાવ્યો અને કહ્યું કે અધ્યાપકોની મેળવેલી યાદીમાં નારાયણ તમારું નામ સૌથી ઉપર છે અને જો અમે તમને કહીશું તો તમે શું કરશો ? ત્યારે તે સમયે મેં કહ્યું, મિ. મહિન્દ્રા. 'નહીં' હું આ સમયે નિયામક પદ માટે ઇચ્છુક નથી. હું નિયામકના પદ માટે મુગ્ધ નથી. એમણે ઘેર જાઓ અને પત્નીને પૂછો કહ્યું. મેં કહ્યું મારે ઘેર નથી જવું. અને એમેય તે મને નહીં કહે. વાંધો નહીં લે. પછી આ વાત ત્યાં જ સમાપ્ત થઈ ગઈ. એમણે નારાજગી દર્શાવી હતી. મેં એને ત્યાં છોડી દીધી અને કોઈને કશું બતાવ્યું નથી. 1982માં આઈ.જી. પટેલ એ વિચારીને આવ્યા હતા કે તેઓ પાંચ વર્ષ સુધી આ હોદ્દા પર રહેશે. વર્ષની અંદર છ જ મહિનામાં એમણે જણાવ્યું કે તેઓ નિયામકના રૂપમાં લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ જઈ રહ્યા છે તો અમે બધા દંગ હતા. અમે લોકો શું કરતા કોઈ પણ આઈ.જી.ને કહી શકે તેમ ન હતા કે લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સના નિયામક હોદ્દાનો સ્વીકાર ન કરો. તો અમને નિઃસહાયનો અનુભવ થયો. ફરી 1984માં પ્રશ્ન આવ્યો. 1984ના મધ્યમાં જ્યારે રવિ મથાઈનું નિધન થઈ ગયું એમને બ્રિટનમાં હાર્ટ ઍટેક (હૃદયરોગ હુમલો) થયો હતો. જ્યાં તેઓ એક સર્જરી કરાવવા ગયા હતા. પરંતુ હૃદયરોગ હુમલાથી તેમનું મૃત્યુ થયું. અમારા માટે રવિ એક સંતુલિત તાકાત હતી. જો રવિ આજે પણ અહીં હોત અને મને તે સમયે એમ કહેતા તોપણ હું કહેતો કે મને હેરાન ન કરશો. મને અધ્યાપકની રીતે કામ કરવા દો. પરંતુ સ્થિતિ બદલાઈ ગઈ હતી. મેં મારી જાતને પ્રશ્ન કર્યો કે જોકે હું ઉમેદવાર નથી, કારણ કે મને કોઈએ પૂછ્યું નથી. પરંતુ મને જો પૂછવામાં આવે તો શું મારે મારા નિર્ણય પર દૃઢ રહેવું જોઈએ કે મારે માની લેવું જોઈએ ? તો એવું બન્યું અને પૂછવામાં આવ્યું અને મેં કહ્યું કે હજુ પણ હું હોદ્દાનો ઉમેદવાર નથી. હું ઉમેદવાર શોધવામાં તમારી મદદ કરીશ. તમે જુઓ અને શોધો. પરંતુ જો તમે મારા પર દબાણ કરશો તો હું કામ કરીશ. હું શા માટે આ કામ કરીશ ? કારણ કે મેં અહીંયાં પંદર વર્ષો વિતાવ્યાં છે. આ કામ માત્ર મારા ફરજના ભાગ રૂપે કરીશ. આ સંસ્થામાં મારી ફરજના ભાગ રૂપે હું કામ કરીશ. કારણ કે હું આ સંસ્થાનો કર્મચારી રહ્યો છું અને સંસ્થાએ મને

ઘણું આપ્યું છે. મારી કારકિર્દી અને મારું બધું જ સંસ્થા સાથે જોડાયેલું છે. છેલ્લે મને કહ્યું શું તમે આ કામ કરશો ? હું નિર્ણય લેવામાં મહત્ત્વનો ભાગીદાર હતો અને મેં કાર્યભાર સંભાળ્યો. છેલ્લે બે-ત્રણ કર્મચારી અને કેટલાક અધ્યાપક મારા ખાસ મિત્રો હતા. તે રાતોરાત દુશ્મન બની ગયા. એમના મતે હું દુશ્મન બની ગયો. આ વ્યક્તિ અને નિયામક એ સ્વીકારી શક્યા નહિ. નિયામક બન્યો તે તેમના માટે મંજૂર નહોતુ. મારાથી જેટલું થઈ શક્યું તેટલું બતાવવા પ્રયાસ કર્યો કે હું તેમનાથી શ્રેષ્ઠ ન હતો. આ સંસ્થા બરોબરીના લોકોની હતી અને નિયામક સદાય એક સમાન લોકોથી આગવું કંઈક હતું અને પૂરા સાત વર્ષ સુધી મારા વિવેકબુદ્ધિએ કહ્યું તે મુજબ વર્તન કર્યું. મેં ક્યારેય પોતાનો બોજો બીજા ઉપર નાંખવાનો પ્રયત્ન નથી કર્યો.

**રાજારામ :** શું આ માનસિકતા એટલા માટે હતી કે તમે સમાજશાસ્ત્રમાંથી સંચાલનક્ષેત્રમાં આવ્યા હતા ? સંગઠનોના સમાજશાસ્ત્રમાં આપણે આ પ્રકારના વિષયોનો અભ્યાસ કરીએ છીએ ?

**શેઠ :** બંને વાતોએ સંવેદનશીલ સમાજશાસ્ત્રએ મને કેટલીક નજર-દૃષ્ટિ આપી અને આ સહાયથી મારા નિર્ણયોમાં જોમ રહ્યું. પરંતુ આ મારામાં રહેલી સતત આધ્યાત્મિકતા હતી અને મારું કુટુંબ એનું ભાગ-અંગ હતું અને મેં વિચાર્યું કે આ મારી જવાબદારી છે. નિયામકનો હોદ્દો સત્તા માટે નહિ પણ એક જવાબદારી છે. જેટલી સત્તા છે તે જવાબદારીનું ફળ છે. આજે એ સમીકરણ છે જે મેં પોતાના માટે બનાવ્યું અને આ જવાબદારી પર સદાય હું અડગ રહ્યો. હું સ્ટાફ સાથે, અન્ય લોકો સાથે, શ્રમિકો અને ટ્રેડ યુનિયન સાથે અનેક લડાઈ લડ્યો, પરંતુ એ વિચારે મને મારી સદાય મદદ કરી. એક વખત તેઓ આવ્યા અને કહ્યું કે તમે આ વહીવટી અધિકારીને પસંદ કરવા રુશ્વત લીધી છે. એનો આધાર-પુરાવો અમારી પાસે છે. મેં કહ્યું કે હું અહીં બેઠો છું. હું તમને નાણાં વિભાગમાં જઈ જાણકારી લેવા અને મારા કોઈ પણ સહકર્મચારીને કોઈ પણ પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા આપું છું. હું પસંદગી સમિતિનો અધ્યક્ષ છું અને જો મેં એક પાઈ પણ લીધી હોય તો મને સાબિતી આપો. હું અહીં જ બેઠો છું અને કોઈ નક્કર સાબિતી આપશો તો હું સીધો જ ચેરમેનને ફોન કરીશ અને કહીશ કે હું હવે નિયામક નહીં રહું. કૃપા કરી મારું રાજીનામું સ્વીકાર કરો અને બીજા કોઈને નિયુક્ત કરો. મેં એને પડકાર્યો. એને ખબર હતી કે કંઈ પણ એવું નથી. માત્ર તે મારા માટે મુશ્કેલી ઊભી કરવા ઇચ્છતો હતો. આ આધ્યાત્મિક સારી જગ્યાએ ઊભી રહી. જ્યારે નિયામક પદની વાત આવે તો આના માટે સમાજશાસ્ત્ર એક વધુ પાસા તરીકે એક સારી બાજુ તરીકે છે.

**રાજારામ :** શ્રમ-સાહસ મૂલ્ય, સ્વાધ્યાયમાં આધ્યાત્મિકનો અભ્યાસ કેવી રીતે થયો.

**શેઠ :** જ્યારે હું આઈ.આઈ.એમ.માંથી સેવાનિવૃત્ત થયો તેના છ મહિના પહેલાં કેટલાક લોકો મારી પાસે આવ્યા અને કહ્યું કે આપણે સાથે કામ કરી શકીએ છીએ. મેં નિર્ણય લીધો હતો કે જેવો હું સેવાનિવૃત્ત થઈશ... હું મારા સંચાલન-વહીવટના સંપર્કો છોડી દઈશ. મારા સંચાલન કે ઔદ્યોગિક સંબંધો કે વહીવટની જવાબદારી સાથે કોઈ સંબંધ રહેશે નહિ અને હું શું કરવા માંગું છું તેના પર વિચાર કરીશ. એ પહેલાં એક વાત કે મને સંસ્થાઓના કુલપતિ, નિયામક વગેરે બનવા માટે અનેક પ્રસ્તાવ અને નિમંત્રણ મળ્યાં એ કહેવું મને યોગ્ય લાગશે. 'માફ કરો. પરંતુ હું હવે આ બધું કરવા નથી જઈ રહ્યો.' તો પછી હવે હું શું કરું ? કેમ કે જ્યારે હું નિયામક હતો. મારી બાબતમાં આ સાત વર્ષનો સમયગાળો થયો હતો. કેમ કે કાયદેસર સમયગાળો પાંચ વર્ષનો હોય છે. પરંતુ મારા પદના ઉત્તરાધિકારીના મામલે મુશ્કેલી આવી ગઈ હતી. કેટલાક રાજકારણીય અવરોધો હતા. તો મારા ઉત્તરાધિકારીને નિયુક્ત કરવામાં બે વર્ષ લાગી ગયાં અને મારે સાત

વર્ષ એ હોદ્દા પર રહેવું પડ્યું. આ સાત વરસોમાં ઘણી સારી બાબતો બની. હું ઘણું બધું શીખ્યો. બંને બાબત હકારાત્મક અને નકારાત્મક.

એક નકારાત્મક પાઠ જે હું શીખ્યો કે મરાઠીમાં એક કહેવત છે, 'જેવો દેખાય છે તેવો છે નહિ.' આ દુનિયા એવી નથી જેવી દેખાય છે. કેમ કે હું ઘણું બધું ફર્યો, બેઠકો કરી. અમારી લેવા-દેવા સરકાર સાથે હતી. કેમ કે તે અમારા માઈ-બાપ હતાં. અમે ઉદ્યોગપતિઓ, સંચાલકો અને અધિકારીઓ મુંબઈમાં મજદૂર સંઘના નેતાઓ સાથે વાત કરી રહ્યા હતા. જેમને બોર્ડથી ઉપર માનવામાં આવતા હતા. જ્યારે મેં આ લોકો પાસેથી અનુભવ મેળવ્યો. મેં બધી જગ્યાએ છળ-કપટ જોયું. જ્યારે હું કોઈને મળવા જતો ત્યારે ક્યારેક ક્યારેક પાછા આવ્યા પછી મારા મનમાં તેમની 'મૂર્તિ'રૂપ છબી તૂટી જતી, ખંડિત થતી. અન્ય બાબતોમાં જ્યારે કશું જ ન થતું ત્યારે મારી મૂર્તિ અર્થાત્ 'છબી' તૂટી જતી. હું ઘણી બધી ખંડિત-તૂટેલી મૂર્તિઓ સાથે રહેવા લાગ્યો હતો. એમાંથી પણ મને શીખવા મળતું. આવું કેમ બની રહ્યું હતું ? મેં વિચાર્યું કે તેમાં તે લોકોની ભૂલ નથી. એ લોકો ધૂળ હતા, આજુબાજુની દુનિયા ધુળ હતી. આ એક ભયંકર સંક્રમિત રોગ બની ગયો હતો... ભ્રષ્ટાચાર અને જુઠ્ઠું બોલવાનો. લોકોને પ્રભાવિત કરી પછાડી દેવાનું એક ચલણ બની ગયું હતું. હું આના માટે કોઈ વ્યક્તિ-વિશેષને જવાબદાર ગણીશ નહીં કે દોષી ગણીશ નહીં. હવે હું શું કરું ? આગળ જ્યારે હું સંચાલન માટે હાવર્ડ અને અન્ય જગ્યાએ ગયો તો રસપ્રદ વાત એ હતી કે સમગ્ર વિશ્વમાં લોકો સંચાલનમાં મૂલ્યોના પ્રાદુર્ભાવ માટે ખૂબ ઉત્સાહિત હતા. સંચાલન અને ટ્રેડ યુનિયન (મજદૂર સંઘ)માં મૂલ્યો અને નૈતિકતા સરકારમાં મૂલ્યો પર પુસ્તકો લખાઈ રહ્યાં હતાં. આઈ.આઈ.એમ. કલકત્તામાં એક વ્યક્તિ હતા જેમણે આના પર એક આખું કેન્દ્ર ઊભું કર્યું હતું. તો મૂલ્યોની વાત કરવામાં આવી રહી હતી. હું મૂલ્યો અંગે સાંભળી રહ્યો હતો કેમ કે હું મૂલ્યો પર કામ કરવાવાળા વ્યક્તિ તરીકે ઓળખાતો હતો. મને આ વિષયો પર બોલવા આમંત્રણ આપવામાં આવી રહ્યાં હતાં. આ એવું વાતાવરણ હતું જે હું શોધી રહ્યો હતો અને મારી પોતાની આજુબાજુ જોયું તો મેં પોતાની જાતને કહ્યું કે મારે સંચાલનની સાથે સાથે સમગ્ર રીતે સમાજમાં પણ મૂલ્યો પર કામ કરવું જોઈએ. મૂલ્યનું પતન થતું હોય, નાશ થતો હોય તેવું મને કેમ દેખાય છે ? ત્યારે મને ખબર પડી કે મૂલ્યોનું આજે પતન થાય છે તેવું નથી. એ સમયથી મહાભારતમાં પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ મૂલ્યોનો હ્રાસ થયો છે. એમાંના કેટલાક તો આજના કરતાં પણ ખરાબ રીતે થયા હતા. તો આજની પરિસ્થિતિનો પ્રશ્ન ન હતો. પરંતુ આજે નૈતિકતાના અનુસરણની વાત છે એ આંશિક રીતે પુનરાવર્તન થઈ રહ્યું છે અને મૂલ્યોનું પતન થઈ રહ્યું છે. એમ.આઈ.ટી.માં પચાસ-સાઠના દશકામાં કેટલાક અધ્યાપક, સમાજવિજ્ઞાની અને વૈજ્ઞાનિકો એકઠા થયા હતા. અને ઊંડું મનોમંથન - વિચારવિમર્શ કર્યો અને એક જૂથ બનાવ્યું હતું. જે સમાજમાં પતન મૂલ્યો પર અભ્યાસ કરવા ઈચ્છતા હતા એ લોકો ભેગા થયા. અહીંતહીં ફર્યા. લોકોને મળ્યા અને વાતચીત કરી અને ત્યારબાદ પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં અને પછી તેનો અંત આવી ગયો. જાહેર છે કે આ તેનો અંત હતો. તો આ પણ મારો એક પ્રશ્ન છે કે આમ થયું કેમ ? જે લોકો મૂલ્યોની વાત કરે છે તે પણ મૂલ્યો સાથે પતન પામે છે. તો આ એ પ્રશ્ન છે જેનાથી હું વીંટાઈ રહ્યો હતો. આ સર્વવ્યાપી હતું. તો જ્યારે પણ તમો વરિષ્ઠ સંચાલકોને શીખવવા જાવ છો તો એક પ્રશ્ન આવે છે કે સંચાલનમાં મૂલ્યોનું શું ? સંચાલનમાં મૂલ્ય એક ફૅશન બની ગયું હતું. હું સેવાનિવૃત્તિ પછી પોતાને મૂલ્યો સાથે જોડતો. પરંતુ મને સંચાલનમાં આવાં મૂલ્યોમાં રસ નહોતો. હા, જોકે મેં કેટલાક સંશોધન પેપર સંચાલનમાં મૂલ્ય, સંચાલન શિક્ષણમાં મૂલ્ય વિષય પર લખ્યા હતા.

એટલા માટે મારે પહેલાં જોવું જોઈએ કે આ મૂલ્યો છે શું ? મારા મનમાં એક છાપ-છબી હતી. જે મેં અમેરિકામાં એક પુસ્તક પાસેથી લીધી હતી. આપણે એવા કેટલાક લોકોનો અભ્યાસ કરવો જોઈએ, જે સમાજમાં સારા મૂલ્યો પર ટકી રહેવા અંગે જાણીતા છે. કોઈકે આના પર એક પુસ્તક લખ્યું હતું જે બે ભાગમાં હતું. એનાથી મને પ્રેરણા મળી કે ચાલો આવા કેટલાક લોકોને મળીએ અને એક સરસ માનવશાસ્ત્રીય કામ કરીએ. મારું એક સ્વપ્ન હતું કે સેવાનિવૃત્તિ બાદ કંઈક એવું કરું કે દેશભરમાં હજારો લોકોને મળું અને સમાજ માટે સારું લખું. હું કેટલીક સંસ્થાઓમાં ગયો હતો. રામકૃષ્ણ આશ્રમ, ભારતીય શિક્ષણ સંસ્થાન પૂના વગેરે.

મારી સેવાનિવૃત્તિ પહેલાં આઈ.આઈ.એમ.ના એક સામાન્ય પ્રાધ્યાપક હોવાના સંબંધે મેં એક નાનો પ્રકલ્પ કર્યો હતો. રામકૃષ્ણ આશ્રમ, ભારતીય શિક્ષણ સંસ્થાન-પૂના અને કેટલીક સંસ્થાઓ જે સારાં મૂલ્યો પર ટકી રહી હતી. 'સેવા' (SEWA) વગેરે કેટલીક ચાર-પાંચ નામ... એનાથી એક નાનો લેખ તૈયાર થયો અને આ શિક્ષણ જર્નલમાં પ્રકાશિત થયો. ઇન્ડિયન જર્નલ ઑફ એજ્યુકેશનના નામથી ભારતીય શિક્ષણ સંસ્થાન - પૂના એક જર્નલ પ્રકાશિત કરી રહ્યું હતું. અને સાવિત્રી શહાણે આ જર્નલથી પ્રભારી હતાં તો એમણે મને પૂછ્યું કે શું આ તેને છાપી શકે ? અને તેમણે આ લેખને પ્રકાશિત કર્યો છે. આનાથી હું બહુ ખુશ ન હતો. આની વચ્ચે મારા મિત્ર ધીરુભાઈ શેઠ અને અન્ય લોકોએ પાંડુરંગ શાસ્ત્રી આઠવલે અને સ્વાધ્યાય પરિવાર સાથે મારી મુલાકાત કરાવી. ''નારાયણભાઈ'' તમો અમદાવાદમાં રહો છો અને સ્વાધ્યાય પરિવાર જમીની સ્તર પર (નીચેના સ્તર પર), મૂલ્યો પર જ નહીં. પરંતુ સામાજિક-સામુદાયિક સ્તર પર ધર્મને એક મુખ્ય માધ્યમ બનાવી નક્કર સામાજિક વિકાસનાં ક્ષેત્રમાં ખૂબ જ સુંદર કામગીરી કરી રહ્યું છે.'' જ્યારે એમણે આવું કહ્યું ત્યારે હું ખૂબ ખુશ થયો. અહીંયાં કંઈક એવું છે જે કુદરતી છે, સહજ છે. મારે બહુ દૂર જવાની જરૂર નથી. આ મારી નજીક છે. એટલા માટે ગયો. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે જેમને લોકો 'દાદા' કહેતા તેમને મળ્યો. હું 'દાદા'ને મળ્યો અને તેમને કહ્યું કે હું આઈ.આઈ.એમ.નો પૂર્વકર્મચારી છું અને મેં પૂછ્યું કે શું હું એક અભ્યાસ કરી શકું છું ? દાદાનો એક એજન્ડા હતો. તેમણે કહ્યું કે, ''આ તો ખુશીની વાત છે.'' અને એ સમયે અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને વિશ્વનાં અનેક સ્થળોએથી લોકો 'સ્વાધ્યાય' પર અભ્યાસ કરવાનું શરૂ કરી ચૂક્યા હતા. આ પ્રકારની છાપને લીધે લોકો ધર્મના માધ્યમથી નક્કર સામાજિક વિકાસ શોધી રહ્યા હતા. આ વિષય પર થાઈલેન્ડ, જાપાન અને અન્ય જગ્યાએ એનું સંશોધન થયું હતું. હું આ વિષય પર ઉત્સુક હતો. પછી સુરતમાં (સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ) આઈ. પી. દેસાઈ મેમોરિયલ લેક્ચર હતું. હું ખુશ થયો અને કેટલોક સમય સુધી હું ખૂબ પ્રસન્ન હતો. મેં અભ્યાસ કરવાનો શરૂ કરી દીધો. આધ્યાત્મિકતા અને સંભવતઃ મનોવૈજ્ઞાનિક કારણે દાદાએ મારો ચહેરો પસંદ કર્યો અને મને આ સારું લાગ્યું. અમે એકબીજાને થોડાક પસંદ કરવા લાગ્યા. તેઓ મને પોતાની તરફ ખેંચતા રહ્યા. જ્યારે પણ તેઓ અમદાવાદ આવતા તો કહેતા કે નારાયણભાઈને આવવાનું કહો, બોલાવો અને ઘણાબધાને આની ઈર્ષા થવા લગી હતી. કારણ કે તેમાં ઘણાબધા વરિષ્ઠ જૂના સ્વાધ્યાયી હતા. તેઓ કહેતા કે અમે લોકો થોડાક પણ નજીક નથી જઈ શક્યા અને તમારો તો હજુ હમણાં જ પરિચય કરાવ્યો છે અને તમે દાદા સાથે નાસ્તો પણ કરવા લાગ્યા વગેરે. મેં કહ્યું કે એમાં હું શું કરું ? મને પણ થોડી શરમ અનુભવાય છે. તો આ પ્રકારે મારો દાદા સાથે પરિચય થયો. તેઓ મને ગુજરાતનાં ગામડાંમાં પ્રયોગો માટે લઈ ગયા જ્યાં તમે વિકાસ દેખી શકતા હતા. પછી મેં જી.આઈ.ડી.આર. (ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચ જે અમદાવાદમાં હતું. જ્યાં પ્રવીણ વિસારીયાને તેમાં રસ હતો. વિમલ શાહ પણ

મારી જેમ જ ફેલો હતા. અમે ત્રણ લોકોએ એ ગામનો અભ્યાસ કર્યો. તે સમયે દાદા એક પુસ્તક પ્રકાશિત કરી રહ્યા હતા. અને કહ્યું કે તમો તેને સ્વાધ્યાયમાં કેમ બદલી નથી દેતા. તો અમે એક સંશોધનપ્રકલ્પ તૈયાર કર્યો. સ્થાનિક લોકોની ભરતી કરી. વિમલભાઈએ તેમને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ તેમજ માહિતી એકત્રીકરણ અને બધુ જ શિખવાડ્યું. અમારા અભ્યાસમાં જોવા મળ્યું કે સ્વાધ્યાયમાં જોડાવાથી કુટુંબોને મદદ મળે છે. કુટુંબ મજબૂત બને છે. સમુદાય, ખેતી, આવક, આર્થિક આધાર, સ્થાનિક સ્વશાસન જેવા રાજનૈતિક આધાર વગેરે સુદૃઢ થાય છે. અને આ બધાં ક્ષેત્રોમાં સ્વાધ્યાય એક માધ્યમ હતું. ત્યારે મેં વિચાર્યું કે અમે એક સપનાંનું વાવેતર કર્યું છે. જે એક દિવસ મારા મૃત્યુ પહેલાં પૂરી દુનિયા સમક્ષ પોતાના સંશોધનને પ્રસ્તુત કરી શકીશ, રજૂ કરી શકીશ. જે અન્ય ધર્મથી - પંથથી આગવું છે, જુદું છે. અમે અલગ છીએ, અમે કોઈ આંદોલન નથી. દાદાના શબ્દોમાં અમે એક પ્રવાહ-લહેર છીએ. સ્વાધ્યાયનો પ્રવાહ (લહેર). અમે પૂરી દુનિયાને કહી શકીએ છીએ કે જૂનો વિકલ્પ અહીંયાં છે, ધર્મના માધ્યમથી સામાજિક વિકાસ પસંદ કરો. અમે એક ખૂબ મોટો તફાવત કરીશું અને સંસાર તદ્દન અલગ હશે. આ એક સ્વપ્ન બની ગયું. આ એક ખાલી સ્વપ્ન પણ હોઈ શકે. હું મુંગેરીલાલ હતો. એટલા માટે હું મૂલ્યોમાં ગયો. ધીરુભાઈ અને સી.એસ.ડી.એસ. તે સમયે સ્વાધ્યાયના મોટા પ્રશંસક હતા. દાદાએ એમની સાથે કામ કર્યું હતું. એમની પાસે સંયુક્ત રાષ્ટ્ર અન્ય અમેરિકી સંસ્થાઓ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, યુરોપના વિદ્વાનોનું આવવા-જવાનું ચાલતું હતું. એ લોકો પત્ર લખતા હતા અને લોકોએ સ્વાધ્યાય પર પીએચ.ડી. કરવાનું શરૂ કરી દીધું હતું. આ બધી સારી વસ્તુઓ થઈ હતી અને આ એ સમયે એક જાતની મોહિની (ગ્લેમર) બની ગઈ હતી. જાદુ ચાલ્યો હતો. દાદાનો મારા પ્રત્યે, મારો દાદા પ્રત્યેનો લગાવ વધી રહ્યો હતો. પણ હું ખાલીપો અનુભવી રહ્યો હતો. માણસ હજુ પણ સાચો હતો અને તેમનું આકર્ષણ ચાલુ હતું. વધુ ને વધુ લોકો અમારા સંબંધોની ઈર્ષા કરવા લાગ્યા હતા. આની વચ્ચે સ્વાધ્યાયમાં ભૂકંપ આવ્યો. દાદા સદાય કહેતા હતા કે મારો એક ઉત્તરાધિકારી હોવો જોઈએ અને કહેતા કે હું પરંપરાગત નિયમોમાં માનવાવાળો નથી. એમની એક દત્તક પુત્રી હતી 'દીદી'. અને બધાંએ વિચાર્યું હતું કે તે પોતાની દીકરીને પોતાના ઉત્તરાધિકારી જાહેર કરશે. એમણે કહ્યું 'નહીં, નહીં; એ વેદ અને ઉપનિષદનાં શબ્દો હશે જે નક્કી કરશે કે કોણ ઉત્તરાધિકારી હશે.' આવી તમામ ગમતી મોહક વાતો ફેલાવવામાં આવી હતી. આની વચ્ચે ધીમે ધીમે પરંતુ છૂપી રીતે દીદીને આગળ કરી રહ્યા હતા. અને એવા વરિષ્ઠ લોકો જેઓએ પચાસ વરસોથી દાદા માટે કામ કર્યું, આખી જિંદગી અપરિણીત રહ્યા. જે દાદાની મદદ કરવા ઈચ્છતા હતા અને જેમણે ઘણોબધો ત્યાગ કરી ભોગ આપ્યો હતો તે આ વાતથી અજાણ હતા. પહેલી રીત હતી દીદીને ઉપર લાવવી. બીજી રીત હતી પૈસા એકત્ર કરવા. હું એમને પૂછતો કે પૈસા ક્યાંથી આવે છે ? ત્યારે દાદા અને એ બધા લોકો કહેતા હતા કે, ''નારાયણભાઈ અમારે ત્યાં પૈસાનો કોઈ વ્યવહાર છે જ નહીં.'' આ કર્મ જ પૂજા છે. અમારાં તમામ કાર્ય એ જ પૂજા છે. તો આ 'ભક્તિ' જ સમાજની સેવાનું સાધન છે.'' હું ઘણાબધા કાર્યક્રમોમાં ગયો હતો. અને જોયું કે આ લોકો કરોડો રૂપિયા ખર્ચ કરી રહ્યા છે ! તેઓ કહેતા હતા કે આ બધા પૈસા આપમેળે જ આવે છે. અને અમે તેનો કોઈ હિસાબ રાખતા નથી. આવી કાલ્પનિક અને અવિશ્વસનીય વાર્તા - કહાની મને અને તમામ બુદ્ધિશાળી શૈક્ષણિક વિદ્વાનોને બતાવી હતી, સંભળાવી હતી. તો જે થયું એ ભૂકંપ દીદી હતાં. એ એક બાહોશ-શક્તિશાળી મહિલા હતાં. સંસ્કૃતનાં વિદ્વાન હતાં અને મેં તેમને (દીદી) લોકો સાથે વાત કરતાં જોયાં હતાં અને પ્રભાવિત પણ હતો. દીદી એક સ્વાધ્યાયીનાં પ્રેમમાં

પડ્યાં. મુંબઈમાં તેમના એક સહયોગી જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા અને મુંબઈ સ્વાધ્યાયના મુખ્ય કાર્યાલયમાં કામ કરતા હતા. એમની પાસે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોની મોટી ટીમ હતી. જો તેમને પૈસા સાથે કોઈ લેવા-દેવા ન હતી તો આટલા બધા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો ત્યાં શું કરી રહ્યા હતા ? એ લોકોએ ઘણાં બધાં ટ્રસ્ટો બનાવી રાખ્યાં હતાં. અનેકો - ખૂબ ટ્રસ્ટો હતાં અને દરેક ટ્રસ્ટમાં દાદા, દીદી અને અન્ય કેટલાક લોકો રહેતાં હતાં. વરિષ્ઠ લોકો જે ટ્રસ્ટી હતા તેઓને કદાચ ખબર ન હતી કે પૈસા ક્યાંથી આવે છે અને ક્યાં ખર્ચાય છે. કાર્યાલયોમાં કામ કરવાવાળાને પણ ખબર ન હતી કે દાદા અને દીદી આ પૈસાનું શું કરતાં હતાં ? આ લોકો એ પૈસાને તીજોરી (ખજાના)માં રાખી રહ્યા હતા. બીજું કશું કરતાં ન હતાં. કેટલીક અન્ય વાતો પણ હતી... એ લોકો સાધારણ સભ્યો પાસે પૈસા ઉઘરાવી રહ્યા હતા અને કહેતા કે આ પૈસા અમારા ટ્રસ્ટમાં રહે છે. આ બધું તમારા માટે જ છે. તેનો ફાયદો તમને જ મળશે. કોઈ સવાલ-પ્રશ્ન કરશો નહીં. દર વર્ષે અનેક કાર્યક્રમો થતા હતા. જ્યાં લોકો રજૂઆત કરતા હતા. હું દાદા સાથે ભોજન કરી રહ્યો હતો ત્યારે મેં કહ્યું કે શું હું થોડાક રૂપિયા આપી શકું છું ? નહીં નહીં, તમે સ્વાધ્યાયી નથી. અમે લોકો માત્ર શુદ્ધ સ્વાધ્યાયી લોકો પાસેથી પૈસા લઈ શકીએ છીએ. આ બધી બાબતોએ અસંતોષ ઊભો કર્યો હતો. એ બધા કહી રહ્યા હતા... દાદા કહી રહ્યા હતા કે તેઓ તેને આગળ (વધારવા) કરવા નથી જઈ રહ્યા. પછી નર્મદામાં એક સમારોહ થયો. જ્યાં દીદીને તેમના ઉત્તરાધિકારી નિયુક્ત કરી દેવામાં આવ્યાં. એમણે કહ્યું કે આ શું છે ? એ લોકોને મારી જેમ જોવા મળ્યું કે દસ વરસ પહેલાં 1 કરોડ રૂપિયા જમા કર્યા હતા, ભેગા કર્યા હતા તે પડ્યા હતા અને તેનો ઉપયોગ કર્યો ન હતો. તો આ લોકોએ જાતે જ પૂછ્યું પહેલું કે અમે લોકો દીદીનાં દુર્ભાગ્યપૂર્ણ વ્યવહારની વાત સાંભળી રહ્યા છીએ અને અમે એ સ્વીકાર નથી કરી શકતા. અમે દીદીના વિરુદ્ધમાં નથી, પરંતુ આનું સમાધાન - ઉકેલ ઇચ્છીએ છીએ. ત્યારે દાદાએ કશું કહ્યું નહીં. ત્યારે દીદીએ કાર્યભાર સંભાળી લીધો. એમણે પોતાનાં લોકો જેમણે માત્ર લાડ-પ્યાર આપ્યો હતો એટલું જ નહીં, જેમણે પોતાનું લોહી-પાણી એક કરી સ્વાધ્યાય માટે કામ કર્યું હતું એમનું શોષણ કરવાનું શરૂ કરી દીધું. આ લોકો કોણ હતા ?... આ બધા શિક્ષણવિદ, મોટા વકીલ, ડૉક્ટર વગેરે શ્રેષ્ઠ સ્વાધ્યાયી હતા. જેઓએ પોતાનું બધું જ સમર્પણ કર્યું હતું. તેઓને હવે દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું... તમારે હવે આની સાથે કોઈ લેવા-દેવા નથી. તમારે માત્ર દીદીને અનુસરણ કરવાનું છે. અનુયાયી બની રહેવાનું છે. તો આમાંથી કેટલાક લોકોએ અનૌપચારિક રીતે એક જૂથ બનાવી દીધું હતું. અને નક્કી કર્યું હતું કે અમે લોકો દીદી સાથે સમજૂતિ કરીશું અને મેં કહ્યું કે આવું ન કરશો. કારણ કે આ સમય સુધી દુનિયામાં લાખો સ્વાધ્યાયી બની ચૂક્યા હતા. અમેરિકામાં આવું બન્યા બાદ ખૂબ મોટી સંખ્યામાં અનુયાયીઓ હતા. તો આ લોકોએ વિરોધ કર્યો. હળવાશથી વિરોધ કર્યો. આ લોકોની એક જ માંગણી હતી કે તેમને સાંભળવાની તક આપે. કૃપા કરી બતાવે કે આપણે આ પૈસાનું શું કરીએ છીએ ? અમારે તમારા પૈસા નથી જોઈતા, પરંતુ અમને આ પૈસાનો ઉપયોગ શું કર્યો તે બતાવો. કેમ કે અમે સ્વાધ્યાયી છીએ. આ બધું અમે લોકો ઇચ્છીએ છીએ અને દીદીના એ માણસ, વ્યક્તિ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની સાથે ખરાબ વર્તન સહન નથી કરી શકતા. આ બે માંગણી સાથે તેઓ ગયા. એ સમયે દાદાની તબિયત બગડતી જતી હતી. અને તેમનો પગ કાપી નાંખવામાં આવ્યો હતો. દાદા નિઃસહાય થઈ ચૂક્યા હતા. તેઓ આ બધું ચૂપચાપ જોઈ રહ્યા હતા. દીદીએ વિચાર્યું કે મારી દાદા પ્રત્યેની શ્રદ્ધાના કારણે હું તમને સાથ આપીશ. પરંતુ જેવું મેં એ પત્રનાં ખાનગીપણા (રહસ્ય) વિશે જાણ્યું જે પત્ર દીદીએ

પોતાના સ્નેહીને લખ્યો હતો. જે પત્ર મને કોઈકે આપ્યો હતો... એ આ સંબંધનો અંત હતો. ત્યાર પછી દાદાએ મને બોલવવાનું શરૂ કર્યું. દીદીએ બોલવવાનું શરૂ કર્યું. મેં કહ્યું હું અહીં નથી. આ લોકોમાં સ્થાનિક લોકો પણ મારા સંપર્કમાં હતા. બૉમ્બેના લોકો પણ સંપર્કમાં હતા. તો અમે લોકોએ એક અનૌપચારિક જૂથ બનાવ્યું અને અમે ઇચ્છતા હતા કે દાદા સમજે કે તેમણે આવું ન કરવું જોઈએ. છેલ્લા સમયમાં દાદાના મૃત્યુના ઠીક પહેલાં એમણે મને બોલાવ્યો હતો. દીદી સામેના જૂથમાં પંકજ ત્રિવેદીએ કમાન સંભાળી આગેવાની લીધી. તે પચાસ વરસનો યુવાન અને પોલીસવાળાનો પુત્ર હતો. અને એમણે અનુભવ્યું કે હું મારા વિવેકથી દાદાનો એક ભરોસાપાત્ર સિપાહી છું.

મારો વિવેક (આત્મા) કહે છે કે આ બધું સહન ન કરી શકાય. તો તેમણે ખૂબ બધી જાણકારી - માહિતી એકત્ર કરી. તમામ ગોટાળા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો વાર્ષિક અહેવાલ વગેરેનું તેમણે પૃથક્કરણ - વિશ્લેષણ કર્યું અને તેની તપાસ કરવા લોકોને નિયુક્ત કર્યા અને એ લોકોનો સામનો કરવા ઇચ્છતા હતા એમણે એ બધાને કહ્યું કે મહેરબાની કરીને દાદા અને દીદીને કહો કે હું પણ તેમની વિરુદ્ધ નથી. હું માત્ર તમારી સાથે વાત કરવા ઇચ્છું છું અને જે તમે પૈસા બનાવ્યા છે, જે કરોડો રૂપિયા અમદાવાદમાં ભેગા કર્યા છે - જમા છે તે અમદાવાદના લોકોના હિત માટે ખર્ચ કરી શકો છો ? પંકજ ત્રિવેદીએ કહ્યું કે દીદીને મારી આ સામાન્ય વિનંતી હતી કે શું આ પૈસાનો આ પ્રકારે સદ્‌ઉપયોગ કરી શકીએ છીએ ? એમને ખબર હતી કે પંકજ ત્રિવેદી અમેરિકામાં રહે છે અને અમદાવાદ આવતા-જતા રહે છે. તો એમણે પંકજને હેરાન-પરેશાન કરવાનું શરૂ કર્યું. આ લોકો ભાડૂતી ગુંડા સાથે પંકજને અમેરિકામાં માર ખવડાવતા - પિટાવતા તેવું કહેવાયું. અમેરિકી અધિકારીઓ સાથે સંપર્ક કરી ખોટી માહિતી આપતા. અહીં દશ-પંદર લોકો એમની યાદીમાં હતા. એ બધાને તકલીફ આપી પરેશાન કર્યા. પોલીસ કમિશ્નર અને સરકારમાં નકલી ચિઠ્ઠીઓ લખવામાં આવી... આ લોકોએ આમ કર્યું, તેમ કર્યું, આ લોકો શહેરના આબરૂવાળા - પ્રતિષ્ઠિત લોકો હતા. જેમનામાં લોકોને વિશ્વાસ હતો. આવા લોકો પર હિંસા, હત્યા, સ્વાધ્યાયના પૈસાનો દુરઉપયોગ અને સ્વાધ્યાયને બદનામ કરવાનો આરોપ લગાવ્યો. આ લોકો ઉદ્યોગપતિ હતા. જેમણે બે-ત્રણ વરસ પોતાની જાતને બચાવવી પડી, વકીલ રાખવા પડ્યા, અદાલત જવું પડ્યું અને બધા જ પ્રકારના કાગળિયાં, કાર્યવાહી અને ખર્ચા કરવા પડ્યા. આ લોકો બરબાદ થઈ રહ્યા હતા. અને અનૌપચારિક રીતે ગુંડા દ્વારા તેમનો પીછો કરવામાં આવતો. છેલ્લે આ લોકો અદાલતમાં ગયા. દીદી સર્વોચ્ચ અદાલત સુધી ગયાં. આ દશ-પંદર લોકો સાથેનો કેસ - મુકદ્દમો હારી ગયાં. એ વખતે અમે પંકજ ત્રિવેદીને ચેતવ્યો હતો. મેં એમની કથીત હત્યાના ચાર-પાંચ દિવસ પહેલાં જોયા હતા. એમની હત્યા અહીં અમદાવાદમાં થઈ હતી અને તેને પણ આગોતરી ખબર હતી. તેમણે મુખ્યમંત્રીથી લઈ પ્રધાનમંત્રી કાર્યાલય સુધી સંપર્ક કર્યો હતો. અહીં બધા જ ન્યાયાધીશોનો સંપર્ક કર્યો હતો અને કહ્યું હતું, ''મને મારી નાંખવામાં આવશે.'' ચાર દિવસ પહેલાં જ તેમના વકીલ અને અમારામાંથી કેટલાક લોકોએ કહ્યું હતું કે અમે તમને એકલા નહીં છોડીએ. ચાર દિવસ પછી કથીત હત્યા થઈ ગઈ. આવું બન્યું હતું. એ સમયે જે સ્વપ્ન મેં દુનિયાની સમસ્યાઓનો ઉકેલ સ્વાધ્યાયથી કરવાનુ દેખ્યું હતું તે બધું તૂટી ગયું, ખત્મ થઈ ગયું. હું અહીં બેઠો હતો અને મારી દીકરી અને તેની દીકરી જ્યારે અમેરિકામાં હતાં ત્યારે કટ્ટર સ્વાધ્યાયી હતાં એ મારી સાથે બેઠાં હતાં અને ખીચડી ખાઈ રહ્યા હતા. ત્યારે મારા પર એક ફોન આવ્યો, ''પંકજ ત્રિવેદીની લાશ એલિસબ્રિજ પર પડી છે તો મહેરબાની કરીને આવો.'' મારો મોહભંગ થઈ ગયો અને ચીસ પાડી, કે 'હું કેમ જીવું છું.' એ દિવસે ક્યાંક ને ક્યાંક અનુભવ્યું કે મેં મારું શરીર અને આત્મા ગુમાવી દીધાં

છે તો આ પાછું ધીમે ધીમે શરૂ થઈ ગયું. હું સ્વાધ્યાયમાં ન ગયો. હું હવે બહાર આવી ગયો હતો. તો હું શું કરતો અને મેં કશું નહીં કરવાનો નિર્ણય કર્યો અને બધા સંબંધો તોડી નાંખ્યા. શ્રીનિવાસના વ્યાખ્યાનને બાદ કરતાં... કેમ કે હું તેમને ના પાડી શકું તેમ નહોતો. હું કોઈ પણ સમાજશાસ્ત્રના સેમિનાર - પરિષદમાં નથી જતો. લગભગ બધાં આમંત્રણનો અસ્વીકાર કરતો હતો. આઈ.આઈ.એમ. પછી હું ધીમે ધીમે જાહેર સ્થળોએ હાજર રહેવા ઇચ્છુક નહોતો. તો જ્યાં સુધી કોઈ નૈસર્ગિક જવાબદારી હોતી નથી ત્યાં સુધી એવી જગ્યાએ જતો નથી. કોઈ વિમર્શમાં ભાગ લેતો નથી. આ નિર્ણય મેં કરી લીધો હતો કે આ સમયમાં હવે કશું જ કરીશ નહિ અને સમાજશાસ્ત્રને દૂર રાખીશ. દુનિયાને સામાજિક - આધ્યાત્મિક દૃષ્ટિથી નિરીક્ષણ કરીશ અને પુસ્તકો વાંચીશ નહિ, કેમ કે આધ્યાત્મિકતાએ મને એકલો, સમય પસાર કરવા માટે એક વખત છ મહિના સુધી એક રૂમમાં બેસી રહેવાની શક્તિ મને આપી છે. એકલા રહેવામાં મને કોઈ તકલીફ નથી. ફરક પડતો નથી. મને સંપૂર્ણ આત્મવિશ્વાસ હતો કે હું એકલો રહી શકીશ અને નિર્ણય કર્યો કે હું ત્રણ પ્રકારની વાંચી શકાય તેવી વસ્તુ સાથે રહીશ. એકતો ઈકૉનૉમિક એન્ડ પોલિટિકલ વિકલી જેને હું પચાસ વરસથી વાંચી રહ્યો છું. બીજું ટાઇમ મેગેઝિન જે મને એક માહિતી - વિગતો આપે છે, ને દુનિયામાં શું થઈ રહ્યું છે; અને ત્રીજું બુલેટિન જે મને ભેટના રૂપમાં મળતું હતું. પરંતુ તમને બતાવવા ઇચ્છીશ કે સોશ્યોલોજિક બુલેટિન મારી સમાજશાસ્ત્રીય દુનિયાને સમજવાનું માધ્યમ છે, છતાં મેં તેમને કહ્યું કે યુવા સમાજશાસ્ત્રીઓની સ્થિતિ દયનીય છે. આ બીજા રૂપમાં દયનીય નથી. કારણ કે હજુ પણ લોકો છે જે સારું સમાજશાસ્ત્ર લખે છે; એવા હોનહાર લોકો છે જે સુંદર સમાજશાસ્ત્ર તૈયાર કરી રહ્યા છે અને આજનાં સમાજશાસ્ત્રના સંદર્ભમાં મેં જે કહ્યું તેમાં આ અપવાદ છે. તો સોશ્યોલોજિક બુલેટિન અને સમાચારપત્રોમાં કેટલાક કલાક પસાર કરું છું અને પછી મારી આરામ-ખુરશી પર બેસી જાઉં છું. મારું કુટુંબ નાનું છે. મારી પત્નીનું મૃત્યુ થઈ ગયું છે. મારા પર બહુ સામાજિક જવાબદારી નથી તેથી હું સંતોષકારક સ્થિતિમાં છું.

**રાજારામ :** આધ્યાત્મિકતા સિવાય અન્ય કોઈ ક્ષેત્ર છે જ્યાં આપે કામ કર્યું હોય ? કે પછી બીજા કોઈ ક્ષેત્રમાં રસ ખરો ?

**શેઠ :** મારા પૂરા કાર્યકાળમાં ?

**રાજારામ :** જી, હા.

**શેઠ :** નહીં... મારું મન ન હતું. મારું એક સ્વપ્ન હતું... જ્યાં મેં વિચાર્યું હતું કે સમાજનાં મૂલ્યોને દેખીશ અને સાથે સાથે સમાજનાં સામાન્ય માનવી અને ગરીબ સાધારણ માનવીને દેખીશ. મારા પોતાના પણ કેટલાક આદર્શ હતા. એમાં વધારે પડતા ગાંધીવાદી અને તેમના પુત્ર હતા. એક અપવાદ હતો કે સેવા નિવૃત્તિનાં ૧૦ વરસ પછી જ્યારે ગોધરાનાં તોફાનો થયાં અને અહીં જનતા આના અંગે જાગ્રત હતી અને કંઈક કરવા ઇચ્છતી હતી. સીટીજન કાઉન્સિલ અને કેટલાંક અન્ય આંદોલન ચાલી રહ્યાં હતાં. તો હું છાનોમાનો કે (બોલ્યા વગર) આવા સંગઠનો સાથે જોડાઈ ગયો. એક હતી ગુજરાત સંઘર્ષ સમિતિ જે ગુજરાત લોક સેવા સમિતિ કે એવી જ કોઈ સંસ્થા દ્વારા ચલાવાઈ રહી હતી. એના પ્રભારી સેવાદળના જૂના વ્યક્તિ ચુનીભાઈ વૈદ્ય હતા. એક સારા સામાજિક કાર્યકર્તા ગાંધીથી ઓછા ઊતરે તેમ ન હતા. (હું ગાંધીની બરોબરીના તો નહીં કહું પરંતુ તેનાથી અલગ) જેમને લોકો ચુનીકાકા કહેતા હતા. તેઓ વડોદરામાં લાંબો સમયથી રહેતા. તેઓ સર્વોદયના માણસ હતા. ચુનીકાકાની સાથે હું સંઘર્ષ સમિતિમાં હતો. મેં સભાઓમાં ભાગ લીધો હતો. તોફાનોથી પીડિત લોકોને મળવા ગયો. એકબે વરસ સુધી હું સામાજિક કાર્યકર્તાઓ સાથે ફર્યો અને આંદોલનોમાં પણ ભાગ લીધો અને વિચાર્યું કે જો બધું ઠીકઠાક રહ્યું તો હું ચુનીકાકા જેવી વ્યક્તિ સાથે કામ કરીશ. જે એક મહાન કાર્યકર્તા હતા. વગર જોયે કે તેઓ શું કામ કરી રહ્યા છે. તેઓ એંસી

વરસની એક વૃદ્ધ વ્યક્તિ હતા. અને ગાંધીની જેમ તેઓ ક્યાંય પણ જતા. તેથી તેમને હું પસંદ કરવા લાગ્યો. હું ચુનીકાકા પાસે ગયો. હું આ સેવાકાર્ય ચાલુ રાખવા ઈચ્છતો હતો. આવાં આંદોલન થોડાક સમય માટે હોય છે. આવતાજતા રહેતા હોય છે. તો મેં ચુનીકાકાની ઓળખ મેળવી અને તેમની પાસે ગયો. અને તેમને કહ્યું કે હું તમારી સાથે કામ કરવા ઈચ્છું છું. ચુનીકાકાએ કહ્યું કે, ''હા, હા, કેમ નહીં ? તમે આઈ.આઈ.એમ.ના માણસ છો. હું નિયામક છું અને તમે સંચાલનમાં મદદ કરો.'' તેઓ હંમેશાં અહીં-તહીં જતા રહેતા. તેમણે મને આઈ.આઈ.એમ.ના પ્રતિષ્ઠિત પૂર્વનિયામકના રૂપમાં જોયો તેથી કામ કરવા માટે કેવી રીતે કહી શકતા હતા ? તો આ વાતે મને હતોત્સાહિત કર્યો. બીજું એમની શક્તિ-ઉત્સાહને જે તેઓ દોડાદોડ કરતા તે મારાથી થઈ શકતું ન હતું. કેમ કે મને પહેલેથી હૃદયની બીમારી હતી એટલા માટે હું તેમની સાથે કામ ન કરી શક્યો. તેમ છતાં મેં તેમની સાથે કામ કર્યું... પણ એ બહું ટૂંકાગાળાનું - ઓછા સમયનું હતું. એક બીજી વ્યક્તિ જે મેં બતાવ્યું હતું તેઓએ કહ્યું કે તમે સંચાલનના માણસ છો તો અમને સંચાલનના પાઠ ભણાવો. કંઈક શિખવાડો. મેં કહ્યું હું સંચાલનનું ભણાવવા નથી આવ્યો. પરંતુ સામાન્ય માનવીના નાતે આવ્યો છું. શું તમે કોઈ માર્ગ દેખાડી શકો છો ? વસ્ત્રાપુર (અદમવાદ)માં અંધ વ્યક્તિઓની સંસ્થાના નિયામક ભૂષણ પૂનાનીની પાસે ગયો. તે મારો પીએચ.ડી. વિદ્યાર્થી હતો અને કહ્યું કે હું કોઈ અધિકારી હોદ્દો શોધી નથી રહ્યો અને શું તું મને પોતાની સાથે કામ કરવા દઈશ ? તેણે કહ્યું હા, હા. તમો સંચાલનના માણસ છો. અમારી પાસે આ સમસ્યા છે. તો મહેરબાની કરી ઉકેલ લાવી આપો. મેં તેમના માટે એક સારો ચેક લખ્યો અને પછી મેં કોઈને પણ ભલામણ કરી નથી. મેં કહ્યું કે પોતાનાથી જ ખુશ રહેવું - નિજાનંદમાં રહેવું. ટાઈમ મૅગેઝિન અને આપના જેવા વિશ્વસ્તરીય જર્નલો જેણે મને દુનિયાથી માહિતગાર રાખ્યો - જોડી રાખ્યો. જે બની રહ્યું હતું તેનાથી જાણકાર રહ્યો.

**રાજારામ :** હવે આપણે સમાપ્તિ તરફ જઈએ છીએ. આપના કુટુંબ વિશે ? શું તે સમાજશાસ્ત્ર કે સામાજિક વિજ્ઞાનની બાબતમાં તમારું અનુસરણ કરે છે ?

**શેઠ :** મારી પત્ની કુસુમ મરાઠી સ્ત્રી હતી. તે એક સાધારણ ભણેલી-ગણેલી મહિલા હતી. મારી આધ્યાત્મિકતા તેના કારણે હતી. પરંતુ મેં તેનો માત્ર ફાયદો લીધો. જોકે તે સમયે આ એક પ્રેમલગ્ન હતું. અમે લોકો પ્રતાપ રોડ વડોદરામાં પડોશી હતાં. જ્યારે હું વિદ્યાર્થી હતો અને અરવિંદ (શાહ)ની સાથે રહી રહ્યો હતો. અરવિંદ એ સમયે ગાંધીવાદમાં રંગાયેલો હતો, પણ હું નહીં. ત્યાં અમે પાંચ લોકો ખુશીથી રહી રહ્યા હતા. અમે લોકો જગ્યાને સાફ રાખતા હતા. રસોઈ-ભોજનમાં નવા પ્રયોગો કરતા, કારણ કે અમે સામાન્ય કુટુંબમાંથી આવતા અને ઓછા પૈસાથી કામ ચલાવતા હતા. મારી પત્નીનું કુટુંબ પડોશમાં રહેતું હતું. જગ્યા એવી હતી કે અમે લોકો એકબીજાને દેખી શકતાં હતાં અને ચિઠ્ઠી-પત્રો લખી શકતાં હતાં. મેં તેની જીવન ગુણવત્તાને, કુટુંબ ચલાવવાની ક્ષમતા તેમજ તેના ખતરનાક પિતા અને ભાઈને દેખ્યા હતા. અને મારા પોતાની અને કુટુંબની સમસ્યાઓને જ્યાં મારી સગાઈ એક છોકરી સાથે થઈ ગઈ હતી. તેમાંથી હું છુટકારો મેળવવા માંગતો હતો. હું તે છોકરીને જાણતો હતો અને મને વિશ્વાસ હતો કે મારી જિંદગી કઠિનાઈવાળી રહેવાની છે. આ બધી બાબતોએ આવી પરિસ્થિતિમાં અમે લગ્ન કર્યાં. એના પછી જેમ આપણે વ્યાખ્યાન આપીએ છીએ. એક વખત તમે જ્યારે હાવી પતિ બની જાવ છો તો હંમેશાં હાવી જ રહો છો.

**રાજારામ :** આપની દીકરી શું કરી રહી છે ?

**શેઠ :** તે સ્નાતક છે. અમે તેના માટે એક છોકરો શોધ્યો. એક સારી સ્થિતિમાં. સારી કમાણી અને લાગણીવાળા સંચાર માધ્યમ(IT)નો માણસ. આવો જમાઈ મેળવવા અને મારી દીકરીનો સ્વીકાર કરવા બદલ હું ઈશ્વરનો ખૂબ અભારી છું. મારી દીકરી

અમેરિકામાં રહે છે. તેણે કામ ન કરવાનો નિર્ણય લીધો છે. તે લોકો અમેરિકન નાગરિકતા ધરાવે છે. તેણે પોતાનાં પુત્ર અને પુત્રીને સારું શિક્ષણ - સંસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે. તેણે તેનાં બાળકોને ગુજરાતીમાં વાંચવા-લખવાનું શિખવાડ્યું છે. અને સ્વાધ્યાયને લીધે એમણે સ્વાધ્યાયનાં મૂલ્યો ઉતાર્યાં છે. તે આ ભેદભાવની સાક્ષી પણ રહી છે. મારી દીકરી આરતી અહીં બેઠી હતી અને પંકજ ત્રિવેદીવાળી ઘટનાને દેખી હતી. તે એક પ્રતિષ્ઠિત સ્વાધ્યાયી છે અને જે પણ બન્યું તેને ગમ્યું નથી. કારણ કે આ તેના દૃષ્ટિકોણને પડકાર આપે છે. સાથે જ જે બની રહ્યું હતું એ બાબતોને પણ સમજી રહી હતી. તેની દીકરી આ બધી બાબતોને દેખી - સમજીને મોટી થઈ છે એટલે એક મર્યાદા સુધી સહાનુભૂતિ પણ રાખે છે. જેવા ઘરે તેઓ પાછાં આવ્યા તો વિચાર્યું કે સ્વાધ્યાયે તેના માટે ઘણુંબધું સારું કર્યું છે કેમ કે તેણે સારી બાબતોને જ દેખી હતી. તેઓને આધ્યાત્મિકતાએ સંમોહન કર્યું હતું. અને મારા જમાઈ મનને તો પહેલેથી જ સ્વીકારી લીધું હતું. તો આ એક સરખા લોકોનો સંઘ (સમૂહ) બની ગયો હતો. એટલા માટે સ્વાધ્યાયનો સારો અને ખરાબનો ભેદ કરી શકતો હતો. છેલ્લે તેમણે સ્વાધ્યાયનું સભ્યપદ છોડી દીધું પરંતુ દાદાએ જે લખ્યું હતું તેના પર કાયમ રહ્યા - અડગ રહ્યા અને હું સમજું છું કે ભારતીય ધર્મ અને અધ્યાત્મમાં એક સારો ઉપદેશ છે. હવે બંને પતિ-પત્ની સવારે પ્રાર્થના કરે છે અને દાદાએ જે કહ્યું છે તેને અપનાવે છે તો તેણે તેનાં બાળકોને પણ શિખવાડ્યું છે અને તેનું પરિણામ એ છે કે અમારી દોહિત્રી માટે તેના જેવી જ આધ્યાત્મિકતાવાળો પતિ મળ્યો છે. પુત્ર હજુ નાનો છે અને ગુજરાતી લખતાં-બોલતાં આવડે છે. આ તેનો માત્ર ગૃહિણી બની રહેવાનો ફાયદો છે. તેનાં સાસુ-સસરા તેના કામ નહિ કરવાના નિર્ણયથી ખૂબ નારાજ હતાં. જો તમે મને પૂછશો તો કહીશ કે તે ખૂબ જ સરસ કામ કરી રહી છે. મારા દીકરાનું નામ સંજય છે અને પુત્રવધૂનું નામ ગોપી છે.

**શેઠ :** મહેરબાની કરીને હવે એવું કશું ન કહેતા કે જે મોટી મહાનતા - આધ્યાત્મિકતામાં નાંખે. મેં એક સાધારણ - સામાન્ય વ્યક્તિની જેમ જીવન જીવવાનો નિર્ણય લીધો છે. મેં માત્ર તમને વિનંતી કરી છે. આ તમારી વસ્તુ-મિલકત છે.

**રાજારામ :** આભાર તમારો સાહેબ.

●

## શિક્ષણનું જીવનકાર્ય

કેળવણીનું એક અંગ સત્યનું અનુસરણ છે. એમાં શિક્ષકનું સ્થાન કેન્દ્રવર્તી છે. તેથી શિક્ષકોને પોતાના વિષયજ્ઞાનને અદ્યતન રાખવા સતત પ્રયત્ન કરવો પડે છે અને પરિણામે એનો વિદ્યાર્થી એને સદા જંગમ જ્ઞાનકોશ માનીને એના તરફજ પૂજ્યભાવ સેવે છે, પ્રેમનો ફુવારો ગણે છે અને એને સૌથી વિશેષ ધ્યાન રાખનાર માનવી માને છે.

વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને કૌશલ્યપ્રાપ્તિની શક્તિ વધારવાનું અને ચારિત્ર્યઘડતર કરવા મૂલ્યોનું બીજારોપણ કરવાનું ધ્યેય શિક્ષકોનું છે. એ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક અને પરિવર્તનાત્મક આત્મવિશ્વાસ એવો દૃઢ થવો જોઈએ કે ભાવિ પડકારોનો સ્પર્ધાપૂર્વક સામનો કરી શકે.

શિક્ષકે વિદ્યાર્થીઓને જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા શીખવવી જોઈએ અને આજીવન સ્વાયત્ત શિક્ષણ પામવા શક્તિમંત બનાવીને સ્વઅધ્યયન દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવાના લક્ષણનો મહાવરો સતત કરતા રહેવાનું શીખવવું જોઈએ.

**– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**

## સમાજશાસ્ત્રી : પ્રો. વાય. એ. પરમાર (જન્મ : ૨૯મી જુલાઈ ૧૯૩૮) – પ્રો. મનુભાઈ એચ. મકવાણા*

ગુજરાતના શિક્ષણ જગતના વૃક્ષમાં 1970ના દાયકામાં યુનિવર્સિટી રૂપે નવી ફૂટેલી ડાળી એટલે સુરત ખાતે સ્થપાયેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાંથી ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જેવા તત્કાલીન જિલ્લાઓ (લોકોની માંગણી સંતોષવા)ના વિસ્તારને આવરી લઈને નવી યુનિવર્સિટી સ્થપાઈ. મૂળભૂત રીતે આ પટ્ટામાં વસ્તીમાં મોટી ટકાવારી ધરાવતા આદિવાસી સમાજના શૈક્ષણિક વિકાસ અને તેઓના ઉચ્ચ શિક્ષણ પોતાના નજીકના વિસ્તારમાં (અનુસ્નાતક કક્ષા) પ્રાપ્ત થાય તે મૂળ ઉદ્દેશ. આ ઉદ્દેશની પૂર્તિ થાય તો આદિવાસીઓને શૈક્ષણિક, સામાજિક, આર્થિક વિકાસની તકોનો લાભ મળે તેવી અપેક્ષા. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નામે સુરત ખાતે મુખ્ય મથક (હેડ ઑફિસ) રહે તેમ સુરતના ''ખાંડવાલા બંગલા''માં યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોની શરૂઆત થઈ. વર્ષ 1977-78માં ઉધના - મગદલ્લા રોડ ઉપર પીપલોદ અને વેસુ ગામની વચ્ચેની જમીન પ્રાપ્ત થતાં ત્યાં યુનિવર્સિટીનું કૅમ્પસ બનાવાયું. જ્યાં વર્તમાનમાં વિશાળ ઘણી ઈમારતો અને હરિયાળા વાતાવરણમાં શિક્ષણકાર્ય થઈ રહ્યું છે. યુનિવર્સિટી કૅમ્પસમાં વિજ્ઞાન, મૅનેજમેન્ટ, શિક્ષણશાસ્ત્ર, સમાજવિદ્યા, (સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પબ્લિક એડમિનિસ્ટ્રેશન) સાથે અંગ્રેજી અને તુલનાત્મક સાહિત્યના વિભાગ છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રની શરૂઆત થઈ ત્યારે થોડો સમય પ્રા. એસ. એલ. દોશી રાજસ્થાનથી આવેલા. પરંતુ તેઓ વિભાગ છોડી પરત ગયા. 1970માં વિભાગમાં બે અધ્યાપકોની નિમણૂક થઈ. હરીશકુમાર એસ. દોશી (રીડર) અને વાય. એ. પરમાર. પ્રસ્તુત લેખમાં યોહાન એ. પરમાર (વાય. એ. પરમાર)ના પ્રદાન અંગે જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### પ્રો. યોહાન એ. પરમાર (વાય.એ. પરમાર)

સમગ્ર ગુજરાતના સમાજશાસ્ત્રના અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં વાય. એ. પરમારના નામે જાણીતા સમાજશાસ્ત્રી એટલે પ્રો. યોહાન એ. પરમાર મૂળ ચરોતરના ગામડામાં અનુસૂચિત જાતિમાં જન્મેલા. તેમના જન્મના વર્ષ (1938) પહેલાંથી જ તેમના પિતા કુટુંબ સાથે વડોદરાના ફતેગંજ વિસ્તારમાં સ્થાયી થયેલા. તેમના પૂર્વજોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. યોહાન પરમાર પોતાને કાયમ આ નવી ઓળખથી જ ઓળખાવતા રહ્યા છે. શાળા-જીવન દરમિયાન વર્ષ 1952-53માં તેઓ સખત બીમાર પડ્યા. વડોદરાની સર સયાજીરાવ હૉસ્પિટલમાં તે સમયગાળામાં જ તેમના પગનું ઑપરેશન કરવામાં આવેલું. ત્યારથી જ સતત દવા-ગોળી ગળતા. પગે કાપડનો પટ્ટો બાંધતા. વેદનાને કાયમી રીતે સહન કરીને હસતા રહેતા પરમારસાહેબ ગુજરાતના સમાજશાસ્ત્રીઓમાં મળવા જેવા માણસ. મારી (મનુભાઈ મકવાણા) એમની સાથે જુલાઈ - 1984માં મુલાકાત - ઓળખાણ થઈ. તે અગાઉ અમારે પરિચય નહોતો. વર્ષ 1984 થી 1995 સુધી સમાજશાસ્ત્ર વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં સહકર્મી (અધ્યાપક) તરીકે સાથે રહ્યા. આ વર્ષોમાં અમારી રોજની મુલાકાત, તેમની સાથેના અનુભવો અને સુરત છોડ્યા પછીથી જ્યારે સુરત જઈએ ત્યારે અથવા ટેલિફોનિક વાર્તાલાપને આધારે, તેમજ અન્ય ઉપલબ્ધ જાણકારી લઈને પ્રસ્તુત લેખ લખ્યો છે.

યોહાન પરમારનો ઉછેર અને ઘડતર વડોદરામાં થયાં. રોઝરી સ્કૂલમાં શાળાજીવન વીત્યું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં તેઓએ સમાજશાસ્ત્ર વિભાગમાંથી એમ.એ. (1964) સુધીનું ઉચ્ચશિક્ષણ પૂરું કર્યું. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં તેઓએ આઈ. પી. દેસાઈના માર્ગદર્શનમાં પીએચ.ડી.નું રજિસ્ટ્રેશન

*ડાયરેક્ટર, ડૉ. બાબાસાહેબ આંબેડકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સીસ 'બારીશ', વડોદરા. નિવૃત્ત પ્રોફેસર અને પૂર્વ અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ ગુજ. યુનિ., અમદાવાદ.

કરાવ્યું. પરંતુ તે પૂરું કર્યું હરીશ દોશી પાસે. તેઓના અભ્યાસનો વિષય ''સુરતના માયાવંશી''ના સંદર્ભમાં છે. આ શોધનિબંધ 1987માં **''ધ માયાવંશી : ધ સક્સેસ સ્ટોરી ઑફ અ શેડ્યુલ કાસ્ટ''**ના શીર્ષકથી મિત્તલ પબ્લિકેશન, દિલ્હી દ્વારા પ્રકાશિત કરાયો છે.

ગુજરાતમાં વાય. એ. પરમારના સમકાલીન સમાજશાસ્ત્રીઓ - અધ્યાપકોમાંથી મોટા ભાગના પ્રો. જી. એસ. ધુર્યે પછીની બીજી પેઢીના ગુજરાતના સમાજશાસ્ત્રીઓના વિદ્યાર્થી છે. આ સમાજશાસ્ત્રીઓમાં એમ. એન. શ્રીનિવાસ, આઈ. પી. દેસાઈ, કે. સી. પંચનદીકર અને ઝાલુ પંચનદીકર (વડોદરા)નો સમાવેશ થાય. બીજી તરફ ગુજરાત યુનિવર્સિટીમાં આ વિભાગની સ્થાપના કરનાર પ્રો. તારાબહેન પટેલના વિદ્યાર્થીઓ છે. વાય. એ. પરમાર સાથે અભ્યાસ કરનારાઓમાં ગજેન્દ્ર ડી. ઠાકોર (પબ્લિક ઍડમિનિસ્ટ્રશન વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), સતીષ ભક્ત (આઈ. આઈ. એમ., અમદાવાદ) જાણીતાં નામો છે. વાય. એ. પરમાર પોતાના અભ્યાસકાળ દરમિયાન આઈ. પી. દેસાઈના સંશોધન માટેના દૃષ્ટિકોણના અનુબંધથી તો (બીજી તરફ) સાથે કે. સી. પંચનદીકરના વર્ગખંડમાં સિદ્ધાંતો શીખવવાના અભિગમથી પ્રભાવિત રહ્યા છે. વિદ્યાર્થીઓની દૃષ્ટિએ વર્ગખંડમાં ઉત્તમ શિક્ષક તરીકે ચાહના પ્રાપ્ત કરનારાઓમાં ધીરુભાઈ દેસાઈ, ચુડાસમા... અને વાય. એ. પરમારનો સમાવેશ કરી શકાય. કાયમ નબળું આરોગ્ય ધરાવનાર પરમાર-સાહેબની પાસે સંશોધનકાર્ય કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે, પરંતુ તેઓ કાયમ વિદ્યાર્થીઓમાં પ્રિય, જાણીતા અને સ્વીકાર્ય રહ્યા છે. 1964માં એમ.એ. પૂરું કર્યા પછી 1968 સુધી વેરાવળ ખાતે કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું. ત્યાંથી સુરત આવ્યા. સુરત મ્યુનિસિપાલિટીમાં તેમણે યુ.સી.ડી. પ્રૉજેક્ટમાં નોકરી સ્વીકારી. નોકરી કરતા સાથી કર્મચારી અતુલાબેન શાહને જીવનસાથી તરીકે પસંદ કર્યા. આ લખાય છે (2020) સુધી શ્રીમતી અતુલાબહેન 'પરમાર સાહેબ'નાં સેવામૂર્તિ બની રહ્યાં છે. તેમના ઘરે મુલાકાત લેનારની સુરતી ઢબે આગતા-સ્વાગતા શ્રીમતી અતુલાબહેન ખૂબ જ લાગણી અને ભાવથી કરે.

1984માં સમાજશાસ્ત્ર વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં મારી અને પરવેઝ અબ્બાસીની નિમણૂક થઈ. હું સુરતથી તદ્દન અજાણ અને ત્યાં કોઈનો પરિચય પણ નહીં. કોઈકે માહિતી આપી કે એક પરમાર- સાહેબ ત્યાં છે. ક્યાંકથી મેં તેમનું સરનામું મેળવ્યું. જાણ્યું કે તેઓ વડોદરા, તેમના ભત્રીજાઓને ત્યાં આવવાના છે. કારેલીબાગમાં તેમના ઘરે મળીને મને મળેલા ઈન્ટરવ્યૂ કૉલ વિશે જણાવ્યું. તેઓએ ખૂબ સારી રીતે મને ઈન્ટરવ્યૂ કેમ આપવો, સંભવિત પ્રશ્નો કેવા પુછાય ઇત્યાદિ વિગત સમજાવી. સુરત રેલવેસ્ટેશને ઊતરી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સુધી કેવી રીતે પહોંચી શકાય તે પણ જણાવ્યું. તેમનો લૅન્ડલાઇન ફોન નંબર આપ્યો. જરૂર પડ્યે સંપર્ક કરવા કહ્યું. મારી તેમની સાથેની પહેલી મુલાકાતમાં જ મને તેઓ સહૃદયી લાગ્યા.

હું અને અબ્બાસી જ્યારે વિભાગમાં જોડાયા ત્યારથી હંમેશાં વિભાગમાં આવીએ એટલે અચૂક પહેલા તેમની રૂમમાં જતા. થોડો સમય ત્યાં બેસતા. કોઈક ને કોઈક વિષયે ચર્ચા કરતા. અમારી સાથે ગૌરાંગ જાની પણ રહેતા. ચર્ચા બાદ અમો અમારા રૂમમાં જતા. પ્રો. પરમાર મજૂરગેટથી બસમાં બેસી યુનિવર્સિટી આવતા. પગને કારણે તેઓને ચાલતી બસમાં ઊભા રહેવામાં કઠિનાઈ પડતી હોવાથી વિદ્યાર્થીઓ, કંડક્ટર તેમને અવશ્ય બેસવાની જગ્યા આપતા. પોતાના રૂમમાં આવે એટલે સૌ પહેલાં પગે બંધાયેલો પટ્ટો ગડી વાળતા વાળતા છોડે, ચહેરાનો પસીનો ઘસી-ઘસીને લૂછે. પછીથી રૂમમાં બેઠેલાઓ સાથે વાર્તાલાપ શરૂ કરે. વિભાગમાં મારા જોડાવાથી તેઓ ખુશ હતા. કારણ કે તેઓ અને હું બંને પ્રોફેસર કે. સી. પંચનદિકરના વિદ્યાર્થી. સાથે જ બંને જણા એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાં સોશ્યલ

સાઈકોલૉજીનું પેપર અનુસ્નાતક કક્ષાએ ભણેલા. સુરતના વિભાગમાં તે પેપર વર્ષોથી પ્રો. પરમારને જ શીખવવું પડતું હતું. તે કહે હાશ, હવે મકવાણા આ પેપર શીખવશે. અને મેં પણ ત્યાં વર્ષો સુધી તે કર્યું.

હું અને પરવેઝ બંનેને ગુજરાતીમાં ભણાવવાનું ફાવે - આવડે નહીં. (હું અંગ્રેજી માધ્યમથી આવેલો, પરવેઝ ઉત્તરપ્રદેશના હોવાથી ગુજરાતી ભાષા આવડે નહીં.) પ્રો. પરમારે અમોને ગુજરાતી ભાષામાં વિષયનું સંદર્ભ સાહિત્ય ઇત્યાદિ બતાવ્યું. નોકરીના શરૂઆતનાં વર્ષોમાં અમોને આ બાબતમાં તેમનો ખૂબ ટેકો મળેલો. વ્યક્તિ તરીકે તેઓ સરળ, પ્રેમાળ તેમજ અન્યોને મદદ કરવાની ભાવનાવાળા. તેઓ વિભાગમાં જોડાયેલા તેના શરૂઆતનાં વર્ષોમાં (1970-71 પછી) યુનિવર્સિટી કૅમ્પસમાં તેમની વિદ્યાકીય ગોષ્ઠિ પ્રા. ઓ. પી. જોષી (રાજસ્થાનવાળા), પ્રા. રૉબર્ટ વેરિકાઇલ, ડૉ. ઘનશ્યામ શાહ અને વિદ્યુત જોષી સાથે થતી તેમ તેઓ કહેતા. પ્રસંગોપાત્ ક્યારેક તેઓ સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડિઝમાં જતા. ત્યાંના સંશોધક સ્કોલરને મળતા. તેમાં એસ. પી. પુનાલેકરનો પણ સમાવેશ થાય.

**પ્રો. વાય. એ. પરમારનું સમાજશાસત્રમાં પ્રદાન**

પ્રો. પરમારે હંમેશાં ગુજરાતી ભાષામાં, ગુજરાતના સમાજશાસ્ત્રની નવી પઢીને ધ્યાનમાં રાખી, તેમને ઉપયોગી થાય એવું સમાજશાસ્ત્રીય પ્રદાન કર્યું છે. તેમના પીએચ.ડી. અભ્યાસવિષયક લેખો ઉપરાંત જુદા જુદા સમાજશાસ્ત્રીય લેખો મોટે ભાગે ‘અર્થાત’માં છપાયા છે. તેમનાં શરૂઆતનાં બે પુસ્તકો જ અંગ્રેજીમાં છે તે,

1. એલિમેન્ટ્સ ઑફ સોશ્યૉલૉજી, 1967 - બિન્દુ પબ્લિકેશન, વડોદરા
2. ધ માયાવંશી : ધ સક્સેસ સ્ટોરી ઑફ શેડ્યુલ કાસ્ટ (1987) મિત્તલ પબ્લિકેશન, દિલ્લી

તેઓનું ત્રીજું પુસ્તક ‘‘સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો’’ 1986માં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદથી પ્રકાશિત થયું. 2003માં તેની ત્રીજી આવૃત્તિ છપાઈ. એ હકીકત છે કે આ પુસ્તકની ભાષા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે સમજવી કઠિન રહેલી. જોકે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોની વિગતે સમજ માતૃભાષામાં તેમાંથી મળી રહે. પ્રો. પરમારનાં ત્યાર પછીનાં પુસ્તકોની ભાષા સરળ અને વિદ્યાર્થીલક્ષી રહી છે. તેઓના ગુજરાતીમાં લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| 1. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો | 1986 | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ |
| 2. સામાજિક સ્તર રચના | 1997 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 3. સમાજશાસ્ત્રની મૂળભૂત વિભાવનાઓ | 1997 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 4. વીસમી સદીના ડાબેરી ચિંતકો | 1998 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 5. વિકાસનું સમાજશાસ્ત્ર | 2003 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 6. ટાલ્કોટ પારસન્સ | 2003 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 7. વિલ્ફ્રેડ પેરેટો (એક પ્રશિષ્ટ ચિંતક) | 2004 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 8. માયાવંશી સામાજિક સુધારણા - એક અન્વેષણાત્મક અભ્યાસ | 2006 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 9. આધુનિકતા, અનુઆધુનિકતા અને રચનાતંત્રનો સિદ્ધાંત | 2009 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 10. રચનાતંત્ર, અનુરચનાતંત્રવાદ અને અનુઆધુનિક ચિંતકો | 2009-10 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 11. ઘટનાશાસ્ત્ર, એન્થ્રોપૉલૉજી અને ફ્રેડ્રિક વિલહેલ્મ નિત્શે | 2015 | પોપ્યુલર પ્રકાશન, સુરત |
| 12. સમાજશાસ્ત્ર સંજ્ઞાકોશ | 2015 | પોપ્યુલર પ્રકાશન, સુરત |

**પ્રકાશિત સંશોધનલેખ :**

સોશ્યોલૉજિકલ થિયરી તેમજ સોશ્યોલૉજી ઑફ કાસ્ટ વિષયે પ્રો. વાય. એ. પરમાર સ્પેશિયાલાઇઝેશન ધરાવતા હતા. તેમના દ્વારા વર્ષ 1999 સુધીમાં કુલ અગિયાર (11) લેખ અંગ્રેજી ભાષામાં લખાયા છે. જે સ્થાનિક અને રાષ્ટ્રીય સામયિકોમાં છપાયા છે. બીજી તરફ વર્ષ 2002 સુધી ગુજરાતી ભાષામાં કુલ ચોવીસ (24) લેખ લખાયા છે જેમાંથી બાર (12) લેખ તેઓના માયાવંશીના પીએચ.ડી. અભ્યાસનિબંધ કે તેના સંદર્ભમાં પ્રાપ્ત હકીકતલક્ષી માહિતીને આધારે છે. સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડિઝ, સુરત દ્વારા પ્રકાશિત કરાતા 'અર્થાત' સામયિકમાં પ્રો. પરમારના કુલ ઓગણીસ (19) લેખ છપાયા છે. ઉપરોક્ત બાર લેખ આ ઓગણીસ લેખોમાં સમાવિષ્ટ છે. માયાવંશ સમાજના સંદર્ભ સિવાય લેખાયેલા લેખોની યાદી નીચે મુજબ છે :

1. દરજ્જો, ભૂમિકા અને સામાજિક જૂથો.
2. કાર્લ માર્ક્સનો વિકાસ અને પરિવર્તનનો ખ્યાલ (અનુવાદ)
3. સમાજશાસ્ત્રીય સિદ્ધાંત - વિવેચનાત્મક લેખ
4. ટાલ્કોટ પારસન્સ - રચનાતંત્રીય - કાર્યાત્મકવાદનો પ્રખર સમર્થક
5. સ્ત્રીઓ પરના અત્યાચાર
6. ગ્રંથાવલોકન
7. ત્રીજા વિશ્વના દેશોનું નગરીકરણ અને એની સમસ્યા
8. સમાજશાસ્ત્રમાં યોર્ગન હાબરમસનું પ્રદાન
9. ફ્રૅન્કફર્ટ વિચારશાખા
10. જોર્જ લૂકાચ
11. એન્ટોનિયો ગ્રામશીનું તત્ત્વદર્શન
12. બુદ્ધિજીવીઓ અને ઐતિહાસિક કાલખંડની ગતિવિધિમાં ગ્રામશીનું પ્રદાન

ઉપરોક્ત યાદીમાં આપણે જોઈ શકીએ છે કે પ્રો. પરમારે સમાજશાસ્ત્રમાં (ખાસ કરીને 20મી સદીમાં) પ્રદાન કરનારા ભારત બહારના સમાજશાસ્ત્રીઓ અંગે પોતાનાં લખાણોમાં પ્રકાશ પાથર્યો છે. જે ફક્ત ગુજરાતી માધ્યમમાં જ શિક્ષણ લેનાર વર્તમાન નવી પેઢીના વિદ્યાર્થીઓ માટે માતૃભાષામાં અત્યંત ઉપયોગી ઉપલબ્ધ સાહિત્ય છે.

પોતાના નબળા સ્વાસ્થ્ય અને કેટલીક શારીરિક તકલીફોને કારણે તેઓ સુરત બહાર યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો (પરિસંવાદ, કૉન્ફરન્સ, પીએચ.ડી. મૌખિક પરીક્ષા ઇત્યાદિ)માં સહભાગી થવાનું ટાળતા. આમ છતાં સુરતમાં યુનિવર્સિટી તેમજ સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડિઝમાં યોજાતા આવા કાર્યક્રમોમાં તેઓ અચૂક હાજરી આપતા. પોતાના તરફથી સંશોધન(અભ્યાસ)લેખ પણ રજૂ કરતા. તેમણે 1990ના દાયકા સુધીમાં પ્રો હરીશ દોશી સાથે રહી કુલ ત્રણ (3) સંશોધન-પ્રૉજેક્ટ્સ પૂરા કર્યા છે, જેમાં –

1. સોશ્યો-ઇકૉનૉમિક ઍન્ડ એજ્યુકેશન બૅકગ્રાઉન્ડ ઑફ ફોર્થ ક્લાસ હરિજન વર્ક્સ ઑફ સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશન (1974)
2. અનટચેબિલિટી ઇન અર્બન કૉમ્યુનિટી (1977)
3. ધ સ્ટડી ઑફ હ્યુમન પ્રૉબ્લેમ્સ ઇન ધી અર્બન કૉમ્યુનિટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ (1983)

સમાવિષ્ટ પ્રૉજેક્ટ્સ છે. આમાંથી છેલ્લા બે પ્રૉજેક્ટ્સ આઈ.સી.એસ.એસ.આર. નવી દિલ્લી દ્વારા અપાયેલા ફંડથી કરાયેલા છે. પ્રો. પરમારના માર્ગદર્શન હેઠળ કુલ ત્રણ (03) વિદ્યાર્થીઓએ એમ.ફિલ.નો અભ્યાસ પૂરો કરી પદવી પ્રાપ્ત કરી છે.

વિદ્યાર્થીઓ, મિત્રો, પરિચિતોના પ્રીતિપાત્ર અને આદર મેળવનાર પ્રો. પરમાર વર્ષ 1998માં નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી નાદુરસ્ત તબિયતે પણ તેઓની લખાણની પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહી. આવા પ્રો. વાય. એ. પરમાર હંમેશાં મળવા જેવા છે અને વિદ્યાકીય ચર્ચા કરવા સાથે મળનાર તમામને પ્રોત્સાહન આપતા રહે છે. ●

– ડૉ. હરપાલ બૌદ્ધ*

## બહુજનસમાજના હિતચિંતક અને લોકશાહીના આધારસ્તંભ લોકરાજા શાહુ મહારાજ

26 જૂન, 1874ના રોજ જન્મેલા બહુજનોના લોકરાજા શાહુ મહારાજ ભારતીય ઇતિહાસમાં દેદીપ્યમાન તારલા સમાન છે. ભારતના ઇતિહાસમાં કાળક્રમે એવા ચિંતક, સુધારક, લોકહિતાર્થી મહામાનવ પેદા થયા છે, જેમણે માનવસમાજના ઉદ્ધાર અને કલ્યાણ માટે ઉમદા કાર્યો કરી ઇતિહાસની કરવટ બદલી છે. ધસમસતા ઝંઝાવાતો અને મુશ્કેલીઓના પહાડ સામે બાથ ભીડી છે. તેમાં પણ સામાજિક રૂઢિવાદિતા, સંકુચિત માનસિકતા અને અસમાન જાતિવ્યવસ્થા સામે લડવું ખૂબ કપરું હોય છે. આમ છતાં, મહાકારુણિક બુદ્ધ, સંત કબીર, રોહિદાસ, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, સંત ગાડગે બાબા, પેરિયાર સામી, મહાત્મા અયાકલ્લી, શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, રાજર્ષિ શાહુ મહારાજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહામાનવોએ બહુજનસમાજના ઉત્થાન માટે અદ્‌ભુત અને પ્રશંસનીય કાર્યો કર્યાં હતાં. તેમનું જીવન સમતા, બંધુતા, સ્વતંત્રતા અને સામાજિક ન્યાય માટે સમર્પિત હતું.

### સામાજિક લોકતંત્રના હિમાયતી :

લોકરાજાનું બિરુદ પામેલા રાજર્ષિ શાહુ મહારાજે વંચિત, પીડિત, શોષિત બહુજનસમાજના કલ્યાણ અને સશક્તીકરણ માટે સાર્થક પ્રયત્નો કર્યા હતા. બહુજનસમાજમાં અસ્પૃશ્યોની સ્થિતિ બદતર હતી. બહુજનસમાજની પીડાઓ, દુઃખદર્દો માટે હિન્દુ સામાજિક વ્યવસ્થા જવાબદાર હતી અને સામાજિક વ્યવસ્થાને હિન્દુ ધર્મનું શરણ હતું. શાહુ મહારાજ આ અન્યાયી અને અસમાન સામાજિક વ્યવસ્થાના મૂકસાક્ષી બનીને ન રહ્યા, બલ્કે તેમાં બદલાવ લાવવા ગંભીર અને સાર્થક પગલાંઓ લીધાં. તેમણે સામાજિક લોકશાહી (Social Democracy)ને મજબૂત બનાવી અને લોકભાગીદારીના સિદ્ધાંત (Principle of People's participation)ને સ્વીકૃતિ આપી હતી. આજથી સવાસો વર્ષ પૂર્વે આ પ્રકારનો ખ્યાલ અને વિચાર ધરાવવો એ એક મહત્ત્વની બાબત ગણાવી શકાય. જે સમયે અછૂતોના સ્પર્શ અને પડછાયાથી પણ ભદ્રવર્ગ અભડાઈ જતો અને પંચગવ્યથી પોતાની જાતને પવિત્ર બનાવતો. એવા સમયે શાહુ મહારાજે સમસ્ત બહુજનો (SC/ST/OBC) માટે શિક્ષણથી માંડી નોકરીનાં દ્વાર ખોલી નાંખ્યાં હતાં તથા ભારતના ઇતિહાસમાં તેમણે પ્રથમ વાર બહુજનો માટે 50% અનામત જાહેર કરી ઐતિહાસિક નિર્ણય લીધો હતો. વંચિતધારાના ઇતિહાસ(Subaltern History)માં આ એક ચીરસ્મરણીય ઐતિહાસિક કાર્ય હતું. જે બહુજનોની પ્રગતિને સદીઓથી અટકાવી હતી અને તેમાં પણ અછૂતોને પશુતુલ્ય ગણી જીવવું હરામ કરી નાંખ્યું હતું તેવા બહુજન પીડિતો, શોષિતો, પછાતો માટે અનામતની જોગવાઈ કરી તેમની સાથે સાચો સામાજિક ન્યાય કર્યો હતો.

### 'પ્રતિનિધિત્વ અને ભાગીદારીના સિદ્ધાંત'ના પ્રખર સમર્થક

શાહુ મહારાજનું ઇતિહાસમાં એ માટે સ્થાન છે કે તેમણે બહુજન સમાજના દબાયેલા, કચડાયેલા લોકો માટે સામાજિક અવરોધની સામે સકારાત્મક સશક્તીકરણનાં પગલાંઓ લીધાં હતાં. બિનબ્રાહ્મીણ બહુજનો માટે 'પ્રતિનિધિત્વ અને ભાગીદારીના સિદ્ધાંત' (Representation and Equal Participation)નો સ્વીકાર કર્યો તથા તે માટે રાજ્યનાં તમામ ખાતાંઓમાં વંચિત બહુજનો માટે 50% અનામત જાહેર કરવાનું ઐતિહાસિક સ્તુત્ય પગલું ભર્યું. તેમનાં આ પગલાંથી ભદ્રવર્ગ અને તેમાં પણ બ્રાહ્મણો અત્યંત નારાજ થયા અને ક્રોધે ભરાયા, કારણ કે આ પગલાંથી તો તેમની નોકરીઓ અને તેમનું સમગ્ર અસ્તિત્વ જોખમમાં મુકાયું હતું. અંત્યજો અને શોષિતોને સન્માન મળે, નોકરી મળે અને પોતાના ઉપર ઊભા રહી

* એસોસિએટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજ. યુનિ., અમદાવાદ. મો. ૭૯૦૦૩૯૩૭૨૫

સ્વતંત્ર જીવન જીવે, સ્વતંત્ર નિર્ણય લે, પોતાના માટે સાચું શું અને ખોટું શું એવો તર્ક કરે - આ પ્રકારની મુક્તતા અને આઝાદી સંકુચિત અને જડ ભદ્રવર્ગને સ્વીકાર્ય નહોતી, કારણ કે સદીઓથી સ્થાપિત આધિપત્ય અને ઈજારાશાહી શાહુ મહારાજના આ એક કાર્યથી જમીનદોસ્ત થઈ જતી હતી. એટલે તેમના પ્રશંસનીય કાર્યને સ્વીકારવાના બદલે ખૂબ અવરોધો ઊભા કર્યા. પણ શાહુ મહારાજ પોતે શૂદ્ર બહુજનસમાજના હોઈ પીડિતો, શોષિતોની શું સ્થિતિ હોય છે તેનાથી વાકેફ હતા. આ જ બ્રાહ્મણસમાજે તેમના પૂર્વજ અને બિનસાંપ્રદાયિક રાજા શિવાજીનો રાજ્યાભિષેક કરવાની ના પાડી દીધી હતી, કારણ કે તેમના અને શાસ્ત્રોના મતે શૂદ્ર રાજા ન બની શકે અને રાજ્યાભિષેક પણ ન થઈ શકે. રાજ્યાભિષેક માત્ર બ્રાહ્મણ જ કરી શકે અને કોઈ બ્રાહ્મણ શિવાજીનો રાજ્યાભિષેક કરવા તૈયાર ન હતો. છેવટે કાશીના ગાગા ભટ્ટને કેટલુંય ધન આપીને રાજ્યાભિષેક માટે મનાવવામાં આવ્યો. તેણે પણ શિવાજીને ક્ષત્રિય માનવાનો ઈનકાર કરી પગની ટચલી આંગળીએ તિલક કરી રાજ્યાભિષેકની વિધિ પૂર્ણ કરી. કેવી સામાજિક વ્યવસ્થા અને જાતિવાદી વ્યવસ્થા કે કોઈ શૂદ્ર વ્યક્તિ ગમે તેટલો કાબેલ હોય છતાં તેને સન્માન ન આપવું અને રાજા તરીકે સ્વીકાર ન કરવો !

### બહુજનસમાજમાં આત્મ-સન્માન અને આત્મવિશ્વાસનું નિર્માણ

શાહુ મહારાજ પણ શૂદ્ર કુર્મી જાતિના હતા અને પ્રતાપી શિવાજી મહારાજના વંશજ હતા. તેમને પણ બ્રાહ્મણ વ્યવસ્થાએ હેરાન કરવામાં કશું જ બાકી રાખ્યું ન હતું. તેમણે બ્રાહ્મણોના પ્રભુત્વ, જોહુકમી અને તેમની સર્વોચ્ચતાને દરેક સંભવ તર્કપૂર્ણ દલીલો દ્વારા પડકાર કર્યો હતો. તેમણે મૂળનિવાસી બહુજનસમાજના લોકોને એ અહેસાસ કરાવ્યો કે તેઓ માત્ર હાડમાંસનાં પૂતળાં નથી બલ્કે તેઓ પણ બ્રાહ્મણોની જેમ આ દેશના શાસક બની શકે છે. સત્તા, સંપત્તિ, શિક્ષણ પર કોઈ એક વર્ગનો અધિકાર ન હોઈ શકે. સમાજના દરેક અંગને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. દરેકને સ્વતંત્ર જીવવાનો અને સન્માનનીય વ્યવસાય કરવાનો અધિકાર છે. માત્ર શૂદ્રો, અતિ-શૂદ્રો, આદિવાસીઓને જ માથે કેમ સમાજની સેવા કરવાનું કામ સોંપ્યું ? કેમ ગટરો અને ગંદાં નાળાંઓમાં દલિતોએ જ મરવાનું ? કેમ માત્ર દલિતો, આદિવાસીઓ અને પછાત સમાજે જ ચમચમાતા રસ્તાઓ પર મજૂરી કરી જિંદગી પસાર કરવી ? શું કામ તેમને જ સમાજસેવાના રૂપાળા શબ્દજાળ દ્વારા ગુલામ તરીકે જોતરી રાખવામાં આવે છે ? શાહુ મહારાજે આવા શોષિત બહુજનસમાજમાં આત્મસન્માન અને આત્મ-વિશ્વાસ પ્રકટાવ્યો હતો અને સ્થાપિત બ્રાહ્મણી વ્યવસ્થાને નકારી કાઢી હતી.

શાહુ મહારાજ બહુજનસમાજ અને મૂળનિવાસી આંદોલનના જનક જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક કાર્યોથી તેમજ તેમના 'સત્યશોધક સમાજ' આંદોલનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. સામાજિક આંદોલને અન્યાયી સામાજિક વ્યવસ્થા અને વર્ચસ્વવાદી બ્રાહ્મણી સંસ્કૃતિને જાકારો આપ્યો હતો તો બીજી બાજુ શોષિત અને પછાત બહુજનસમાજમાં આત્મસન્માન જગાવ્યા હતા. અંધકાર અને અજ્ઞાનતાને ભેદવા શિક્ષણને 'તૃતીય રત્ન' ગણી જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલેએ બહુજનસમાજની સાથે બ્રાહ્મણસમાજના શિક્ષણ માટે સાર્થક કાર્યો કર્યાં હતાં. શાહુ મહારાજે જ્યોતિબાના જીવનમાંથી પ્રેરણા લઈને બહુજનો માટેની આત્મસન્માનની લડાઈને આગળ જ વધારી ન હતી, બલ્કે તેને સામાજિક ન્યાયની લડાઈ બનાવી હતી.

### શોષિત બહુજનો માટે નોકરીઓમાં આરક્ષણ (પ્રતિનિધિત્વ)

ઈ.સ. 1894માં શાહુ મહારાજે શાસનની ધૂરા પોતાના હાથમાં લીધી તે પૂર્વે 98% મંત્રી સવર્ણ બ્રાહ્મણ હતા. વહીવટમાં પણ અધિકારીપદે બ્રાહ્મણ જ હતા. બહુજનોનું (SC/ST/OBC) સરકારી પદો કે ખાતાઓમાં

કોઈ પ્રતિનિધિત્વ જ નહોતું, કારણ કે તેઓને શિક્ષણથી વંચિત જ રાખવામાં આવ્યા હતા. બ્રાહ્મણોનો શાસન-પ્રશાસન અને રાજનીતિમાં એકાધિકાર હતો. શાહુ મહારાજને આ વાત હંમેશાં ખટકતી કે શા માટે કોઈ એક જ વર્ગનો સમાજના દરેક ક્ષેત્ર પર એકાધિકાર હોય ? શું શોષિત, પીડિત બહુજનોને પણ શિક્ષણથી માંડી વહીવટમાં અને સરકારી પદો પર સ્થાન ન મળવું જોઈએ ? બહુજનસમાજની પીડાઓ અને સમસ્યાઓના નિરાકરણ માટે તેઓ દૃઢ અને કૃતનિશ્ચયી હતા. બહુજન ઉદ્ધારનો સંકલ્પ પૂર્ણ કરવા તેમણે ઇંગ્લૅન્ડ પ્રવાસ દરમિયાન જ 26 જુલાઈ, 1902માં એક વટહુકમ બહાર પાડ્યો, જેમાં તેમણે રાજ્યની સરકારી નોકરીઓમાં 50% અનામત પછાત બહુજનો (SC/ST/OBC) માટે આરક્ષિત કરી દીધી. 'પછાત વર્ગો માટે કોલ્હાપુર રાજ્યમાં 50% પદ આરક્ષિત કરનાર તેઓ ભારતના પ્રથમ શાસક હતા. આ બાબત બ્રાહ્મણોના પ્રભુત્વને ખતમ કરનાર અને પછાત વર્ગના લોકોને શાસન-પ્રશાસનમાં પ્રતિનિધિત્વ આપનાર એક ક્રાંતિકારી કદમ હતું.' (બર્મન પૃ. 10) આ આરક્ષણ બહુજનોના પ્રતિનિધિત્વ અને ભાગીદારી માટેનું હતું. આદેશમાં એ પણ કહ્યું કે જે ઑફિસમાં પછાત વર્ગના અમલદારોની ભાગીદારી 50%થી ઓછી હશે તો આગળ 5ણ એ જ પછાત વર્ગમાંથી ભરતી કરવામાં આવશે. સવર્ણ બ્રાહ્મણસમાજે શાહુ મહારાજના આ ઐતિહાસિક કદમનો ખૂબ વિરોધ કર્યો પણ બહુજનોના સર્વાંગી ઉદ્ધાર માટે કટિબદ્ધ શાહુજીએ સહેજે પાછીપાની ન કરી અને બહુજનોની પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કર્યો.

### અછૂતોદ્ધારની અનેકવિધ પ્રવૃત્તિઓ

બહુજનસમાજમાં અછૂતોની સ્થિતિ ખૂબ કપરી હતી. તેમને ગામની બહાર રહેવું પડતું. જ્યાં આખા ગામનો કૂડો, કચરો અને ગંદકીના ઢગલા હતા. સાર્વજનિક કૂવાઓ, તળાવો પરથી તેઓ પાણી પી શકતા ન હતા. અછૂતોનો સ્પર્શ તો દૂરની વાત હતી, તેમનો પડછાયો પણ અપવિત્ર અને પાપ સમજવામાં આવતો. પેશવાકાળમાં તો તેઓની નાની નાની બાબતોમાં હત્યા કરી નાંખવામાં આવતી. અછૂતોની આ સ્થિતિનો ખ્યાલ શાહુ મહારાજને આવ્યો અને તેમણે તેમના વિકાસ માટે પગલાંઓ લીધા. ઈ.સ. 1901માં કોલ્હાપુર રાજ્યની જનગણના કરવામાં આવી. આ જનગણના રિપોર્ટમાં અછૂતોની દયનીય દશા પર પ્રકાશ ફેંકવામાં આવ્યો હતો. આ સમયે કોલ્હાપુર રાજ્યમાં 1,03,889 અછૂતો હતા, જેમને પ્રાથમિક અને માનવીય અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા. પણ શાહુ મહારાજે અછૂતોની સ્થિતિનો તાગ મેળવ્યો અને તેમની સમસ્યાઓના નિરાકરણ માટે સાર્થક પ્રયાસો કર્યા. અછૂતો અને બહુજન પીડિતોમાં તેમણે બંધુભાવ પેદા કર્યો અને તેમને તેમના અધિકારો પ્રત્યે જાગૃત બનાવ્યા.

શાહુ મહારાજે અછૂતોના શિક્ષણ માટે સરાહનીય કાર્યો કર્યાં. જ્યોતિબા ફૂલેના સામાજિક ન્યાયસિદ્ધાંતનું તેમણે અનુસરણ કર્યું કે શિક્ષણ વિના કોઈ પણ સામાજિક પરિવર્તન નિરર્થક થશે. શિક્ષણ વિના સમાજપરિવર્તન સંભવ નથી. આધુનિક શિક્ષણ જ સામાજિક, રાજનીતિક તથા આર્થિક પ્રગતિનો આધાર બને છે. શિક્ષણના મહત્ત્વને તેઓ જાણતા હતા. એટલે જ 1908માં અછૂતોમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર થઈ શકે તે માટે 'શિક્ષણસમિતિ'નું ગઠન કર્યું હતું. કોલ્હાપુર રાજ્યમાં વ્યાપક સ્તર સુધી શિક્ષણનો પ્રચાર-પ્રસાર થાય તે માટે રાજ બહાદુર સબનીસની અધ્યક્ષતમાં એક 'શિક્ષણસમાજ' (Education Society)નું ગઠન કરવામાં આવ્યું. જેમાં જી. કે. કદમ તથા એ. બી. ઓલ્કરને સચિવ બનાવવામાં આવ્યા હતા.

શાહુ મહારાજ શિક્ષણને કોઈ એક સવર્ણવર્ગનો ઈજારો રહેવા દેવા માંગતા ન હતા. તેમણે અછૂતો અને સવર્ણોની જુદી જુદી શાળાઓ બંધ કરાવી હતી અને તમામ માટે સાર્વજનિક શાળાઓના દરવાજા ખોલી નાંખ્યા હતા. 30 સપ્ટેમ્બર, 1919ના રોજ એક અધ્યાદેશ દ્વારા અછૂતો અર્થાત્ નિમ્ન જાતિઓ માટે પૃથક્ સ્કૂલો બંધ

કરાવી દીધી તથા તમામ સાર્વજનિક સ્કૂલોનાં દ્વાર અછૂતો માટે ખોલી દીધાં હતાં. 22 ઓગસ્ટ, 1919ના રોજ અસ્પૃશ્યતા અને ભેદભાવને સમાપ્ત કરવા માટે એક અધ્યાદેશ બહાર પાડ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે રાજ્યનો કોઈ પણ પદાધિકારી રાજ્યની સરકારી નોકરીમાં આવેલા અછૂતો અને પછાતો સાથે ભેદભાવ રાખશે નહીં. તેમની સાથે સમતા અને સમાનતાનો વ્યવહાર કરશે. જો કોઈ પદાધિકારી આ આદેશનું પાલન નહીં કરે તો છ અઠવાડિયાંમાં નોટિસ આપી પોતાના પદ પરથી રાજીનામું આપવું પડશે અને તે કોઈ જ પ્રકારનું પેન્શન મેળવવાને પાત્ર રહેશે નહીં. તેની પાછળ શાહુ મહારાજનો ઉદ્દેશ્ય હતો કે મનુષ્યની સાથે મનુષ્યતાનો જ વ્યવહાર થાય, પશુતાનો બિલકુલ નહીં.

**બહુજનો માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ**

અછૂત અને પછાત બહુજનો માટે શાહુ મહારાજે શિક્ષણનાં દ્વાર ખોલી નાંખ્યાં. તેઓ સ્પષ્ટપણે માનતા કે જ્યાં સુધી પછાત બહુજનસમાજ શિક્ષિત નહીં થાય ત્યાં સુધી કોઈ પણ રાજકીય, સામાજિક અને આર્થિક સુધાર પ્રભાવશાળી અને વાસ્તવિક ન બની શકે. તમામને સાર્વભૌમિક શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે પ્રભાવકારી પ્રયાસો કર્યા. બહુજનોને પ્રોત્સાહિત કરવા વિવિધ પુરસ્કાર, છૂટછાટ અને સ્કૉલરશિપ જાહેર કરી. તમામ સમાજો માટે શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કર્યું તથા ટૅક્નિકલ અને ચિકિત્સા પ્રશિક્ષણ કેન્દ્ર ખોલ્યા. વિવિધ જાતિઓ માટે છાત્રાવાસ તથા બોર્ડિંગ નિવાસોનું નિર્માણ કર્યું જેથી શિક્ષણ ગ્રહણ કરવાનો માર્ગ સરળ બને. ઉચ્ચશિક્ષણમાં મહિલાઓ માટે મફત શિક્ષણની વ્યવસ્થા કરી. પ્રત્યેક ગામમાં સ્કૂલ શરૂ થાય તે માટે આર્થિક અનુદાનો આપ્યાં.

શાહુ મહારાજે રાજ્યમાં 'ફ્રી તથા અનિવાર્ય પ્રાઈમરી શિક્ષણ' (Free and Compulsory Primary Education) વ્યવસ્થાને લાગુ પાડી હતી. અછૂતો અને સવર્ણોની જુદી જુદી નિશાળો બંધ કરી તથા તમામ માટે સાર્વજનિક સ્કૂલોના દરવાજા ખોલી નાંખ્યા. એક પ્રકારે તેમણે સમાન શિક્ષણવ્યવસ્થાનું નિર્માણ કર્યું. આજે પણ 21મી સદીમાં આપણે અને આપણી સરકારો સમાન શિક્ષણવ્યવસ્થા ઊભી નથી કરી શક્યા અને આજે આપણે શિક્ષિણના ક્ષેત્રે સૌથી મોટી અસમાનતાનું નિર્માણ કર્યું છે. શિક્ષણના ક્ષેત્રે જે કામ સરકારોએ કરવું જોઈએ તે કામ ખાનગી સંચાલકો અને મૂડીવાદી ધનિકો કરી રહ્યા છે. જ્યોતિબા ફૂલે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ 'ફ્રી ઍન્ડ કંપલસરી પ્રાઇમરી શિક્ષણ'ની હિમાયત કરી છે પણ આજે સ્થિતિ તદ્દન જુદી જ છે. શિક્ષણની હાટડીઓમાં બહુજનસમાજ ક્યાંથી પ્રવેશ મેળવી શકે ? ક્યાંથી લાખો રૂપિયા લાવી પોતાના બાળકોને ભણાવે ? આજે આ સ્થિતિ છે જ્યારે આજથી સો વર્ષ પૂર્વે શાહુ મહારાજે રાજ્યમાં 'મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ'નો પાયો નાંખ્યો હતો અને પ્રભાવકારી પગલાંઓ ભર્યાં હતાં. શાહુ મહારાજે બહુજનોમાં વ્યાપ્ત અજ્ઞાનતા અને ધર્માંધતાને દૂર કરવા શિક્ષણને માધ્યમ બનાવ્યું, જેથી તેઓ સદીઓની ગુલામીમાંથી મુક્ત બની શકે તથા તેમનામાં આત્મવિશ્વાસ અને સ્વાભિમાન પેદા થાય.

આમ, લોકરાજા શાહુ મહારાજનું સમગ્ર જીવન બહુજનોના હિતાર્થ અને સુખાકારી માટેનું હતું. તેમતું રાજ્ય કલ્યાણકારી અને લોકાભિમુખ હતું. તેમના રાજ્યમાં લોકોનું હિત પ્રમુખસ્થાને હતું. વિશ્વઈતિહાસમાં બહુ ઓછા એવા રાજવી છે, જેમનું રાજ્ય કલ્યાણકારી હતું. પણ શાહુ મહારાજે અદ્વિતીય અને પ્રજાભિમુખ કાર્યો કરી વર્તમાન અને ભાવિ પેઢી માટે એક અમૂલ્ય વિરાસત ઊભી કરી હતી. તથાગત બુદ્ધના આદર્શોને ફળીભૂત કર્યા અને 'બહુજન હિતાય બહુજન સુખાય'ના નારાને ખરા અર્થમાં સાકાર કર્યો હતો. સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલાં તેમનાં કાર્યો મિસાલ બન્યાં છે તથા બહુજન શોષિત સમાજના ઉત્થાન માટે કરેલાં તેમનાં કાર્યો સદાય વર્તમાન અને ભાવિ શાસન માટે માર્ગદર્શિકાનું કામ કરશે. લોકશાહીના આધારસ્તંભ સમાન લોકરાજા શાહુ મહારાજનું પરિનિર્વાણ 6 મે, 1922માં માત્ર 48 વર્ષની

વયે થયું. પરંતુ ટૂંકજીવી આયુમાં તેમણે કરેલાં માનવ-ઉપયોગી કાર્યો હંમેશને માટે ચિરસ્મરણીય રહેશે. સમતામૂલક સમાજનિર્માણમાં આપણે સૌ સાથે મળી કામ કરીએ એ જ શાહુ મહારાજને આપેલી સાચી શ્રદ્ધાંજલી ગણાશે. પીડિતો, શોષિતોને સમ્માન અને સામાજિક ન્યાય મળશે ત્યારે જ લોકતંત્ર સફળ થયું લેખાશે, કારણ કે આજે ઊંચ-નીચ, અસમાનતા અને જાતિભેદ તેની ચરમસીમાએ છે. ધર્મના ઠેકેદારો અને મૂડીપતિઓએ દેશને બાનમાં લીધો છે અને શોષિતો હરરોજ શોષણની ચક્કીમાં પિસાઈ રહ્યા છે, ત્યારે શાહુ મહારાજના કલ્યાણકારી રાજ્યને આદર્શ બનાવી લોકાભિમુખ શાસનની સ્થાપના થાય એમાં જ લોકતંત્રની જીત છે.

**સંદર્ભ :**


(1) એડ. વિનોદ કુમાર બર્મન, સામાજિક જનતંત્રના આધારસ્તંભ છત્રપતિ રાજર્ષિ શાહુજી મહારાજ કા જીવન સંઘર્ષ

(2) પહાડે, યુવરાજ, રતિરામ, લોકરાજા રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ, પ્રબુદ્ધ ભારત પુસ્તકાલય ઔર પ્રકાશન વ્યવસાય, નાગપુર-17, 2013


આજનું શિક્ષણ વર્ગખંડોમાં કેન્દ્રિત થયેલું છે. તેમાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધો રાષ્ટ્રનિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે. શિક્ષકે પોતાના વિષયનો ઊંડો અભ્યાસ કરેલો હોય તે પર્યાપ્ત નથી. તેની વાણી સરળ, સ્પષ્ટ, ઊંડી અને સમાજની ઉન્નતિસાધક હોવી જોઈએ. કોઈકની નિંદા કે ખુશામત વર્ગખંડમાં કરી શકાય નહિ. તેની સામે ઉપસ્થિત શિષ્યને દેવત્વ તરફ મોકલવાનું કાર્ય તેણે કરવાનું છે. વર્ગમાં તે ગુરુપદે છે, વિદ્યાર્થીમાં લઘુતા છે. જીવનને મનના વશમાં જવા દે તે લઘુ અને જે મનનો સ્વામી બની શકે તે ગુરુ. જીવનના લપસણા પ્રવાહો વચ્ચે પણ જે સ્થિર ઊભો રહી શકે તે ગુરુ. અસ્થિર અને અવ્યવસ્થિત મનના માનવો માટે તે માર્ગદર્શક બની રહેવો જોઈએ. હજુ આજે પણ માનવી અંધશ્રદ્ધા અને અંધારામાં અથડાયા કરે છે. તેના નિવારણના ધ્યેય સાથે શિક્ષણસંસ્થાઓ સ્થપાઈ હોય છે.

ગાંધીજીને એક વિદેશી સજ્જને પૂછ્યું કે તમે મોટામાં મોટી મુશ્કેલી જોઈને તમારું કામ અટકાવતા નથી અને તેમાં નિર્ભયતાપૂર્વક આગળ વધતા રહો છો. આપની આ નિર્ભયતાનું રહસ્ય શું છે ?

ગાંધીજીએ કહ્યું કે ભગવાનનાં એ વચન પર મને પૂરી આસ્થા છે કે કલ્યાણના માર્ગે આગળ વધનારની કદાપિ દુર્ગતિ થતી નથી. મારી સામે જનકલ્યાણનું લક્ષ્ય છે. રસ્તો કપરો છે, તલવારની ધાર જેવો છે છતાં હું શા માટે ડરું ? તે માર્ગે ચાલવાથી મારું આત્મબળ વધશે તથા આત્મકલ્યાણ પણ થશે. આ આસ્થાના લીધે હું પ્રસન્નતાપૂર્વક મુશ્કેલીઓને પાર કરતો રહું છું.

સત્ય અને આચાર વચ્ચેના ભેદમાં સત્યપક્ષની કૃત્રિમતા કારણ છે. આચરી શકાય તેવું સત્ય જ ઉપયોગી સત્ય છે. કદાચ તેમ કરવા જતા પ્રજા બહુ ઊંચા આદર્શવાળી નહીં બની શકે, પણ તે દંભી કે ઢોંગી તો નહીં જ બને. આચરણના સામાન્ય સારથી ઘણા દૂરના આદર્શો કથાકારોને ઉત્તમ મસાલો તો આપી શકે પણ અંતે તો તે 'પોથી'નાં રીંગણા જ થઈ જતાં હોય છે. **– સ્વામી સચ્ચિદાનંદ**

# સ્ત્રીઉન્નતિ અંગે ગાંધીજીની વિભાવના

– ડૉ. હરિભાઈ એમ. પટેલ*

**પ્રસ્તાવના :**

આજે એકવીસમી સદીમાં સ્ત્રી-સશક્તીકરણની બાબતમાં ગાંધીજીના વિચારો કેટલા પ્રસ્તુત છે અથવા ગાંધીજી સ્ત્રી-સશક્તીકરણની બાબતમાં કેટલા આર્ષદ્રષ્ટા હતા એ જાણવાનો નમ્ર પ્રયાસ પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યો છે. આજે આપણને ગાંધીજીના વિચારો સૌથી વધારે માર્ગદર્શક અને દીવાદાંડીરૂપ પુરવાર થઈ શકે તેમ છે. સ્ત્રીઓની સ્થિતિ અગાઉ કરતાં આજે બેશક બહેતર છે, પણ હજુ એ પરિસ્થિતિ આદર્શ નથી. એટલા માટે સ્ત્રી-સશક્તીકરણની દિશામાં કર્તવ્ય આધારિત અહિંસક પ્રયાસ કરવાની તાતી જરૂર છે. પુરુષો દ્વારા થતા સ્ત્રીઓના શોષણ વિરુદ્ધ એમણે અનેક વખત કલમ ઉઠાવી હતી. લગ્ન, પડદાપ્રથા, સમાનતા, દહેજ, વિધવાવિવાહ, છૂટાછેડા, સ્ત્રીસન્માન, વાંકડાપ્રથા, અપહૃત કન્યાઓ, દેવદાસીઓ અને પતિત બહેનો, આંતરજ્ઞાતીય લગ્ન, સતીપ્રથા જેવા અનેક વિષય પર ગાંધીજીએ આપેલા વિચારો અને સ્ત્રી-સશક્તીકરણ અંગે મહાત્મા ગાંધીજીનો દૃષ્ટિકોણ કેવો હતો તેનું નિરૂપણ કરવાનો પ્રયાસ આ લેખમાં કરવામાં આવ્યો છે.

**સ્ત્રી-સશક્તીકરણ અંગે ગાંધીજીના વિચારો**

ગાંધીજીએ ભારતીય સ્ત્રીઓના વિકાસમાં આપેલ ફાળો અમૂલ્ય છે, જે એક સ્થાપિત સત્ય છે. ગાંધીજીએ એમ કહ્યું કે અહિંસા, અસહકાર તેમજ સત્યાગ્રહના સિદ્ધાંતોના મૂળ સ્ત્રીજાતિના વિચાર અને વર્તનમાં જ સમાયેલા છે. સ્ત્રીજાતિના આ વિશેષ વર્તન-વ્યવહારનું સૂક્ષ્મપણે વિશ્લેષણ કરી તેમાંથી ઉચિત વર્તનને અસહકાર કે સત્યાગ્રહ જેવા સિદ્ધાંત રૂપે અપનાવવાનો તથા સ્થાપવાનો યશ ચોક્કસપણે ગાંધીજીને આપી શકાય. ગાંધીજીએ સત્યાગ્રહના આ સિદ્ધાંતોને મૂર્તિમંત કરવા માટે ઘરની ચાર દીવાલો વચ્ચે જીવી રહેલ ભારતીય સ્ત્રીઓને ઘરનો ઉંબરો ઓળંગીને ભારતીય સ્વતંત્રતા-સંગ્રામમાં જોડાવાની હાકલ કરી.

માતૃભૂમિના સ્વતંત્રતાના સંગ્રામમાં ભાગ લેવા માટે સ્ત્રી અને પુરુષ એવા ભેદ ના હોઈ શકે. સ્ત્રી અને પુરુષ બંને એકસરખાં ભાગીદાર બનવાં જોઈએ. બંનેએ માતૃભૂમિની સ્વતંત્રતા માટે પોતાની તમામ શક્તિઓ કામે લગાડી કામ કરવાની તક ઝડપી લેવી જોઈએ. આવો વિચાર જ્યારે ગાંધીજીએ વહેતો કર્યો ત્યારે પ્રમાણમાં જુનવાણી તેમજ પિતૃસત્તાક ભારતીય સમાજે તેને સહર્ષ વધાવી લીધો. ત્યારબાદ ભારતીય સ્વતંત્રતાની ચળવળમાં ભારતીય સ્ત્રીઓએ સ્વતંત્રતાઆંદોલનની સભાઓ અને સરઘસોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. પછી તો ઉત્તરોત્તર તેઓ દરેક ક્ષેત્રમાં પ્રવેશતી ગઈ, પરંતુ સૌપ્રથમ વાર ભારતીય સ્ત્રીઓને જાહેર કામકાજમાં ભાગીદારીની તક ગાંધીજીએ અપાવી. આમ, ભારતીય નારીના સશક્તીકરણના પાયામાં ગાંધીજીનું આગવું પ્રદાન રહેલું છે.

ગાંધીજીએ કહ્યું હતું કે, ''સ્ત્રીઓના અધિકાર વિશે એકેય બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ.''[1]

સ્ત્રી-સશક્તીકરણની બાબતમાં ગાંધીજીના વિચારો આધુનિક હતા. પુરુષો દ્વારા થતા સ્ત્રીઓના શોષણ વિરુદ્ધ એમણે અનેક વખત કલમ ઉઠાવી. સ્ત્રીઓ અંગે ગાંધીજીએ ખૂબ જ ઉમદા વિચારો પોતાના અનેક લેખોમાં રજૂ કર્યા છે. સ્ત્રીઓ વિશે પોતાના વિચારો રજૂ કરતી વખતે ગાંધીજીએ એ વાતને સમર્થન આપ્યું હતું કે તેઓ જ્યારે સ્ત્રીઓ વિશે વિચારતા હોય ત્યારે સ્ત્રીના હૃદયથી જ વિચારે છે. સ્ત્રીઓ વિશેનાં તેમનાં લખાણો વાંચીએ તો

* અધ્યાપક, ગાંધી અધ્યાપન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ગાંધીજીમાં રહેલા ઉત્તમ સમાજસુધારકનાં દર્શન થાય જ.

ગામડાની સ્ત્રીઓની બાબતમાં પોતાનો વિચાર રજૂ કરતાં ગાંધીજીએ કહ્યું કે, ''હું એ વાત બરાબર જાણું છું કે ગામડામાં સ્ત્રો પોતાના પુરુષવર્ગની સામે બરાબર ટક્કર લે છે અને કેટલીક બાબતોમાં તો તેમના પર સરસાઈ ભોગવે છે ને દોર ચલાવે છે. પણ બહારથી જોનારા કોઈ પણ તટસ્થ માણસ કહેશે કે આપણા આખા સમાજમાં સ્ત્રીને કાયદાથી ને રૂઢિથી જે દરજ્જો મળે છે તે ઘણી વખત ખામીવાળો છે અને તેમાં ધરમૂળથી સુધારો કરવાની જરૂર છે.''[2] આમ, સ્ત્રી-સશક્તીકરણ માટે કાયદાઓમાં સુધારાની આવશ્યકતા છે. કાયદાઓમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ પણ પ્રકારની અસમાનતા ન હોવી જોઈએ. આજે પણ આપણા સમાજમાં દીકરા-દીકરી વચ્ચે સ્પષ્ટ ભેદ જોવા મળે છે. દીકરાનો જન્મ થાય ત્યારે ખુશાલી થાય છે, મીઠાઈ વહેંચાય છે, જ્યારે દીકરીના જન્મથી નિરાશા વ્યાપે છે. એના કારણે સમાજમાં દીકરીઓ પ્રત્યે ઓરમાયું વર્તન રખાય છે. આજે સમાજના પ્રત્યેક વર્ગોમાં દીકરા-દીકરીના પ્રમાણમાં અસમાનતા જોવા મળે છે. ભારતીય નારીનો વિકાસ ઘણો ધીમો છે. આધુનિક ભારતમાં સ્ત્રીકેળવણીનો પર્યાપ્ત માત્રામાં વિકાસ થયો છે પરંતુ પુરુષપ્રધાન સમાજમાં આજે પણ નારીને બરાબરીનો દરજ્જો આપવામાં ક્યાંક હિચકિચાટ અનુભવાય છે. માત્ર એટલું જ નહીં, સમાજની રૂઢિવાદી પરંપરાવાદી અને ઓછું ભણેલી સ્ત્રીઓના વિચારોમાં આજે પણ વિશેષ પ્રમાણમાં પરિવર્તન નજરમાં નથી આવતું.

તારીખ 25 ફેબ્રુઆરી, 1940ના દિવસે 'હરિજન બંધુ'માં ગાંધીજીએ લખ્યું છે કે, ''મારો પોતાનો અભિપ્રાય એવો છે કે મૂળ પાયે જેમ પુરુષ તેમ જ સ્ત્રી એક જ માનવઅંશ છે, બંનેમાં એક જ આત્મા વસે છે. બેઉ એક જ જીવન જીવે છે, એક જ જાતની શબ્દસ્પર્શાદિની લાગણીઓ અનુભવે છે. એકબીજાનાં પૂરક છે. એકબીજાની સક્રિય સહાયતા વગર જીવી શકે નહીં.''[3] સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક છે અને તેમાં કોઈ જ સર્વોપરી નથી એવું તેમણે અનેક વખત કહ્યું અને લખ્યું. છતાં કોઈને વધુ માર્ક્સ આપવા જ હોય તો એ સ્ત્રીઓને આપવા જોઈએ એવું પણ ગાંધીજી કહેતા.

ગાંધીજીએ સ્ત્રીકેળવણી વિશે જણાવ્યું હતું કે, ''પ્રાથમિક કેળવણી છોકરાઓ ને છોકરીઓની સાથે હોવી જોઈએ એમાં કશી શંકા નથી. ભાઈબહેન સાથે ના ભણે તો શું કરે અને કેમ ના ભણે ? એમ સાથે ભણે તો તેઓ એકબીજાના પ્રત્યે માન રાખતાં શીખે. નાનાં બાળકો વિકારવશ થશે એવો ભય રાખવાનું કોઈ કારણ નથી. શિક્ષક ચારિત્ર્યવાન હોય તો આસપાસનું વાતાવરણ શુદ્ધ કરી શકે છે, શુદ્ધ રાખી શકે છે.''[4] આમ, ગાંધીજીએ છોકરા-છોકરીઓના શિક્ષણ માટે નવી તાલીમની શિક્ષણ-વ્યવસ્થામાં પણ સહશિક્ષણ પર ભાર મૂક્યો હતો તથા સ્ત્રીઓના શિક્ષણ માટે ગાંધીજી હંમેશાં દરેક જગ્યાએ પોતાના જીવનકાળ દરમિયાન વાત કરતા રહ્યા છે. ગાંધીજીએ મહિલાઓની શિક્ષા પર ભાર આપતાં કહ્યું હતું કે, ''અગર પુરુષ શિક્ષિત હોતા હૈ તો વહ કેવળ વ્યક્તિગત જીવન કે લિયે શિક્ષિત હોતા હૈ, લેકિન યદિ મહિલા શિક્ષિત હોતી હૈ તો પૂરા પરિવાર શિક્ષિત માના જાતા હૈ.'' વર્તમાન સમયમાં મહિલાઓના શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. છોકરીઓ આજે શિક્ષણના પ્રત્યેક ક્ષેત્રમાં આગળ આવી રહી છે. શિક્ષિત સ્ત્રીઓ વર્તમાન સમયમાં બાળકોના લાલનપાલન, તેમના શિક્ષણ, પતિ અને પરિવારની સારસંભાળ તથા આર્થિક રૂપે સ્વતંત્ર બની જાય છે.

વિક્ટર હ્યુગોએ કહ્યું હતું કે, ''મનુષ્યમાં દૃષ્ટિ હોય છે અને સ્ત્રીઓમાં દિવ્યદૃષ્ટિ.''[5]

આપણા સમાજમાં સ્ત્રીઓના દરજ્જા વિશે પણ ગાંધીજીએ વારંવાર અવાજ ઉઠાવ્યો હતો. ગાંધીજીના માટે જે રૂઢિ અને કાયદાના ઘડતરમાં સ્ત્રીનો કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે તે

કાયદા અને રૂઢિના જુલમ નીચે સ્ત્રી કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને પણ છે. સ્ત્રી પતિની દાસી નથી, તેની સહચારિણી છે, તેની અર્ધાંગના છે, મિત્ર છે, તેથી તેની સાથે સરખા હક્ક ભોગવનારી છે. બંને ફરજો એકબીજા પ્રત્યે અને જગત પ્રત્યે સરખી છે. પરંતુ આજે કામકાજી મહિલાઓ બેવડી જવાબદારીઓ નિભાવી રહી છે. કાર્યાલયના કામકાજના ભારણને કારણે સ્ત્રીઓ ખૂબ માનસિક તણાવ અનુભવે છે. આથી તેમને પરિવારના સહયોગની તાતી જરૂર રહે છે. આ બાબતે ભારતીય મહિલાઓ માટે ઘણા બધા વિચારકોએ પોતાના મત રજૂ કર્યા છે.

સુપ્રસિદ્ધ વિચારક અરસ્તુના કથન મુજબ, ''નારી કી ઉન્નતિ યા અવનતિ પર હી રાષ્ટ્ર કી ઉન્નતિ યા અવનતિ નિર્ધારિત હૈ.'' તથા સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ''આપ મને 500 પુરુષો આપો તો હું રાષ્ટ્રને એક વર્ષમાં બદલી દઈશ, પરંતુ જો મને 50 મહિલાઓ આપો તો હું થોડા જ મહિનાઓમાં દેશને બદલી નાખીશ.''[6] આમ, મહિલાઓને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

વિવાહની બાબતમાં ગાંધીજી કહે છે કે, ''વિવાહ તો સ્ત્રી-પુરુષનો આજીવન સહચાર અને ધર્મસંબંધ છે. વિવાહ એ કોઈ કરાર નથી, પવિત્ર સંસ્કાર છે; વિવાહ ધર્મવિધિ છે, સ્વેચ્છાચારનું સાધન નથી.''[7]

એક યુવકે ગાંધીજીને પત્ર લખીને એક પ્રશ્ન પૂછ્યો : ''હું પરણેલો છું, પણ પરદેશ ગયો હતો. મારો એક મિત્ર હતો, જેના પર મને અને મારાં મા-બાપને પૂરો વિશ્વાસ હતો. તે મિત્રે મારી પત્નીને ભોળવી છે. હવે હું પરદેશથી પાછો ફર્યો છું. તે સ્ત્રીને પેલા મિત્રથી ગર્ભ રહ્યો છે. બાપને ખબર પડતાં તે કહે છે કે મારે ગર્ભપાત કરાવવો જોઈએ. તેમ ન થાય તો કુટુંબની લાજ જાય. મને આમાં ધર્મ નથી જણાતો. સ્ત્રીને પશ્ચાત્તાપ ખૂબ થાય છે. તે ખાતીપીતી નથી, તે કલ્પાંત કરે છે. આ બાબતમાં મારો શો ધર્મ છે એ મને બતાવશો ?'' આ ઘટના ઘણાં વર્ષ જૂની છે અને છતાં એ આજની જ છે એવું લાગે છે. આજે પણ આવા બનાવો બનતા હોય છે. અગાઉ કરતાં પણ કદાચ વધારે પ્રમાણમાં બને છે, પણ ગાંધીજીએ પેલા યુવકને જે પ્રૅક્ટિકલ જવાબ આપ્યો એવી સલાહ આજે મળવી મુશ્કેલ છે. તારીખ 9 ડિસેમ્બર, 1928. 'નવજીવન' સામયિકમાં ગાંધીજીએ લખ્યું કે, ''આ કાગળ હું બહુ સંકોચપૂર્વક છાપું છું. આવા દાખલા સમાજમાં બન્યા કરે છે એ સૌ જાણે છે. તેને વિશે જાહેરમાં મર્યાદિત ચર્ચા કરવી મને અયોગ્ય નથી લાગતી, આવશ્યક પણ લાગે છે. ગર્ભપાત ન કરાય એ તો દીવા જેવું સ્પષ્ટ છે. જેવો દોષ આ ગરીબ સ્ત્રીએ કર્યો છે, એવો દોષ હજારો પતિઓ કરે છે. એમને કોઈ પૂછતું નથી. સમાજ તેમને દરગુજર કરે છે. એટલું જ નહીં, સમાજ તેમની નિંદા સરખીયે નથી કરતો. જે વિકારને વશ પુરુષ છે તે જ વિકારને વશ સ્ત્રી પણ છે. ભેદ એ જ છે કે પુરુષના દોષ જાહેર નથી થતા, સ્ત્રીના સહેજે જાહેર થઈ જાય છે.''

ઘણા દાયકા પસાર થઈ ગયા. સ્થિતિ હજુ બદલાઈ નથી. પુરુષોની ટીકા કરવાનું ત્યારે સહેલું નહોતું. આવી બાબતમાં તો બિલકુલ નહીં. યુવાનને લખેલા જવાબમાંથી ગાંધીજીની તટસ્થતાનો ખ્યાલ આવી શકે. ગાંધીજીનો જવાબ અહીં અટકી નથી ગયો. વાત આગળ વધારતાં એમણે લખ્યું : ''સ્ત્રી દયાને પાત્ર છે. તેના બાળકને પ્રેમપૂર્વક ઉછેરવાનો તેના પતિનો ધર્મ છે. બાપાની ઇચ્છાને વશ ન થવાનો ધર્મ છે. એ સ્ત્રી સાથે પતિએ હવે સંગ કરવો કે નહીં એ અટપટો પ્રશ્ન છે. પતિ પત્નીપરાયણ હોય, તેણે કદી દોષ ન કર્યો હોય, તો તેણે પત્નીના સંગનો ત્યાગ કરવો યોગ્ય ગણાય. પત્નીને પાળે, તેને જ્ઞાન મળે એવો પ્રબંધ કરે અને પત્નીને શુદ્ધ રહેવામાં સહાય કરે. જો પત્નીને ખરો પશ્ચાત્તાપ થયો હોય ને પતિ તેનો સ્વીકાર કરે તો મને તે સ્વીકારવામાં દોષ નથી

જણાતો.''[8] આમ, ગાંધીજી માત્ર સ્ત્રી જ દોષિત છે અવું માનવાનો ઇનકાર કરતા હતા. ગાંધીજી કહેતા હતા કે, ''સ્ત્રીએ પોતાની જાતને, પુરુષની વિષયવાસના સંતોષવાના સાધન તરીકે લેખવવાનો ઇનકાર કરવો જોઈએ. એનો ઉપાય પુરુષો કરતાં વિશેષ કરીને તેના હાથમાં છે.''[9]

પુરુષો દ્વારા થતા સ્ત્રીઓના શોષણ વિરુદ્ધ એમણે એનક વખત કલમ ઉઠાવી હતી. એમણે સ્ત્રીઓને સ્પર્શતી તમામ બાબતો અંગે લખ્યું છે. લગ્ન, પડદાપ્રથા, સમાનતા, દહેજ, વિધવાવિવાહ, છૂટાછેડા, સ્ત્રીસન્માન, વાંકડાપ્રથા, અપહૃત કન્યાઓ, દેવદાસીઓ અને પતિત બહેનો, આંતરજ્ઞાતીય લગ્ન, સતીપ્રથા જેવા અનેક વિષય પર એમણે લખ્યું છે. 28 કે 30 વર્ષની સાલમાં પણ તેઓ બહુ સહજતાથી કહી શકતા કે મનમેળ ન હોય તો છૂટાછેડા લેવામાં કશું ખોટું નથી. એમણે લખ્યું હતું કે, ''જો છૂટાછેડા એ જ માત્ર ઉપાય હોય તો મારી નૈતિકતા મુજબ કેવળ અટકાવવાના કરતાં હું તે ઉપાય લેતાં આંચકો ન ખાઉં.''[10] આમ, ગાંધીજીના મતે, જો પુરુષને તે અધિકાર હોય તો સ્ત્રીને પણ હોવો જોઈએ. લગ્નથી દંપતીને કેવળ એકબીજાની સાથે એકાંતનો હક્ક ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે તેમને બંનેને એવો મેળાપ ઇષ્ટ લાગે. પણ એકબીજાની ઉપર શિરજોરી કરવાનો હક્ક પ્રાપ્ત થતો નથી.

જો આપણે સ્ત્રી-પુરુષના સંબંધને સ્વસ્થ તથા નિર્મળ દૃષ્ટિથી જોતાં શીખીએ અને ભવિષ્યની પ્રજાના નૈતિક કલ્યાણના આપણે ટ્રસ્ટી છીએ એવું આપણે સ્વીકારીએ તો આજના મોટાં ભાગનાં દુઃખો નિવારી શકાય એમાં કોઈ શંકા નથી.[11]

ગાંધીજી માનતા હતા કે મન, વચન અને કર્મથી સંપૂર્ણ સંયમ પાળ્યા વગર આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત ન જ થઈ શકે અને જે પ્રજામાં આવા સ્ત્રી-પુરુષો નથી એની અધોગતિ ચોક્કસ છે.[12]

ભારતીય નારી સારા અર્થમાં ''નારાયણી'' બને, પુરુષ સમાવડી બને અને આદર્શ માતા બને એમાં જ એની એકલીનું નહિ આખા સમાજનું ને રાષ્ટ્રનું કલ્યાણ સમાયેલું છે. સ્ત્રીજાતિની અવનતિ દૂર કરવામાં મહાભગીરથ પ્રયત્ન તો સ્ત્રીઓને વિષે રહેલા આક્ષેપોને દૂર કરવાનો છે. આના માટે સીતા, દમયંતી, દ્રૌપદી જેવી પવિત્ર અને સંયમી સ્ત્રીઓ પેદા થવી જોઈએ. હિંદુસ્તાનને અનોખો સાંસ્કૃતિક વારસો પરાપૂર્વથી મળેલો છે. આ ભારતીય સંસ્કૃતિના વારસાનું જતન આ દેશની નારી જ કરી શકશે.

સ્ત્રી અને પુરુષ એ તો સંસારરૂપી રથનાં બે પૈડાં છે. એ મહાન આદર્શની વાતો કરનારા ભારત દેશમાં હજી આજે એકવીસમી સદીના બીજા દાયકામાં પણ સ્ત્રીઓની હાલતમાં સાર્વત્રિક સુધારો થયો નથી. લાખો સ્ત્રીઓ હજુ આજે પણ ઘરની ચાર દીવાલો વચ્ચે નિરક્ષરતા અને અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અટવાઈને પશુવત્ જીવન જીવી રહી છે. તેમ છતાં ભારતીય સ્ત્રીઓની સ્થિતિમાં થોડો ઘણો પણ જે સુધારો જોવા મળે છે તેનો યશ મહાત્મા ગાંધીજીને ફાળે જાય છે. ભારતની સ્ત્રીઓને સમાનતા, સાક્ષરતા અને સ્વતંત્રતા બક્ષવા તેમણે નોંધપાત્ર પ્રયત્નો કર્યા. સ્વતંત્રતાના સંગ્રામમાંના એક ભાગ રૂપે, સ્ત્રી-જાગૃતિના જે રચનાત્મક કાર્યક્રમો ગાંધીજીની રાહબરી હેઠળ શરૂ થયા તેના પરિણામે, સ્ત્રીઓ પોતાના પગ પર ઊભા રહેવા જેટલી સ્વતંત્ર બની છે, પરંતુ આજે ભારતના નારીસમાજ સમક્ષ સૌથી મોટો કોયડો એ ઊભો થયો છે કે બંધારણ દ્વારા જે મૂળભૂત હક પ્રાપ્ત થયો છે તેને અનુરૂપ કેવી રીતે બનવું ? એ પણ એક મોટો સવાલ છે. એક બાજુ સ્ત્રીજાગૃતિની જ્યોત ઝળહળતી રાખવી અને બીજી બાજુ સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પલટાઈ રહી છે. એને કેવી રીતે નાથવી ? આજે ભારતનાં મહાનગરોમાં નોકરી કરતી અને કૉલેજમાં ભણતી શિક્ષિત નારીઓએ લાજમર્યાદાની 'લક્ષ્મણરેખા' ઓળંગી દીધી છે એવી ફરિયાદ ઊઠી છે. પશ્ચિમના રંગે રંગાઈને અને ફૅશનનું આંધળું અનુકરણ કરીને ભારતની નારી, કલબોમાં ઘૂમતી

થઈ છે અને ડાન્સના રવાડે ચડી છે. પરિણામે સંયુક્ત કુટુંબની ભાવના છિન્નભિન્ન થઈ રહી છે. દાંપત્યજીવનને વહેમ અને શંકાનો લૂણો લાગ્યો છે. સૌંદર્યપ્રસાધનોની કૃત્રિમતા હેઠળ ભારતીય નારીનું કુદરતી સૌંદર્ય ઝંખવાયું છે. પરિણામે અનેક સામાજિક અનિષ્ટો ફૂલીફાલી રહ્યાં છે ત્યારે ગાંધીવિચાર મુજબ સાદું, સંયમિત જીવન અપનાવીને ગાંધીચીંધ્યા માર્ગે આપણે સૌ આગળ વધીએ એમાં જ આપણા સૌનું હિત રહેલું છે.

**સંદર્ભ :**


1. ગાંધીજી, સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ, 2007, નવજીવન પ્રકાશન મંદિર, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ, પાન - 11
2. ગાંધીજી, રચનાત્મક કાર્યક્રમ, તેનું રહસ્ય અને સ્થાન, 2009, નવજીવન પ્રકાશન મંદિર, દસમી આવૃત્તિ, અમદાવાદ, પાન - 24
3. હરિજનબંધુ, 25-2-1949, પાન - 407
4. નવજીવન, 24-11-29, 102
5. निधि भारद्वाज, महिला सशक्तिकरण, २०१२, सागर पब्लिशर्स, जयपुर, पृष्ठ - ५७
6. निधि भारद्वाज, महिला सशक्तिकरण, २०१२, सागर पब्लिशर्स, जयपुर, पृष्ठ - ६१
7. ગાંધીજી, સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ, 2007, નવજીવન પ્રકાશન મંદિર, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ, પાન - 29
8. 'નવજીવન' સામયિક, 9 ડિસેમ્બર, 1928
9. અક્ષરદેહ, ભા. 20, પાન - 286-7
10. 'નવજીવન' સામયિક, 11 ડિસેમ્બર, 1925
11. અક્ષરદેહ, ભા. 37, પાન - 290
12. નવજીવન, 24-10-1920, પાન - 58


**સંદર્ભગ્રંથ :**


1. ગાંધીજી, સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ, 2007, નવજીવન પ્રકાશન મંદિર, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ.
2. પ્રભુ આર. કે. અને યુ. આર. રાવ, મહાત્મા ગાંધીના વિચારો, નૅશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી.
3. ગાંધીજી, રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, 2009, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
4. ગાંધીજી, હિન્દ સ્વરાજ, 2009, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
5. કલાર્થી, મુકુલભાઈ, બા અને બાપુ, 1992, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
6. निधि भारद्वाज, महिला सशक्तिकरण, २०१२, सागर पब्लिशर्स, जयपुर


મરવાનું અનિવાર્ય છે, તો એક મહાન આદર્શ માટે મરી ફીટવાનું ઇચ્છો. આદર્શહીન જીવન જીવવું એક વ્યર્થ બોજારૂપ છે. આ આદર્શનો, આ મંત્રનો ઘેર ઘેર પ્રચાર કરો. આથી તમને તો ફાયદો થશે જ. સાથોસાથ તમે આપણા દેશનું ભલુ પણ કરશો. કાર્ય કરો, નિષ્કામ કાર્ય કરો. મૃત્યુ દિવસે દિવસે નજીક આવતું જાય છે એટલે ઝડપ કરો.

**- સ્વામી વિવેકાનંદ**

# આત્મહત્યાનું નારીવાદી અર્થઘટન

– ડૉ. પરેશ ચૌહાણ*

ભારતમાં નવું નારીવાદી આંદોલન 70ના દસકામાં શરૂ થયું, જેનું નેતૃત્વ ભણેલી સવર્ણ બહેનો પાસે હતું. દલિત, આદિવાસી અને બહુજનસમાજની સ્ત્રીઓના મુદ્દાઓ આ નારીવાદી આંદોલનોનો ક્યારેય ભાગ નહોતા. દલિત નારીવાદ વિશે છેલ્લે કેટલાક વર્ષોથી બિનદલિત સ્ત્રીઓએ જ લખ્યું છે. જે વિમર્શ સ્વરૂપે નારીવાદી લેખો, પુસ્તકો, અભ્યાસોમાં જોવા મળે છે, પરંતુ તેની પર કોઈ ગંભીર ચર્ચા ક્યારેય ના થઈ શકી. જોકે દલિત નારીવાદ તો દલિત લખાણોમાં દરેક જગ્યાએ પ્રભાવી સ્વરૂપે જોવા મળતું રહ્યું છે.

મોટાભાગના દલિત સાહિત્યમાં પુરુષ સાહિત્યકારોએ પણ પોતાની માતા, બહેન, પત્ની અને પ્રેમિકાનું ચિત્રણ ઘણી પ્રમાણિકતાથી કર્યું છે. રાત-દિવસ મહેનત-મજૂરી કરતી, પોતાના કૂટુંબનું ભરણ-પોષણ કરતી, પોતાના સન્માન અને અધિકારો માટે પોતાના વિસ્તારના વર્ચસ્વ ધરાવતા લોકો સાથે સંઘર્ષ કરતી, દરેક પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કુટુંબનું રક્ષણ કરતી, જે મોટાભાગની સ્ત્રીઓના જીવનની આજે પણ કરુણ વાસ્તવિકતા છે. આ સંઘર્ષો સ્ત્રીઓના જીવનના જીવંત દસ્તાવેજ છે. તેની પર ઘર અને સમાજમાં થતી હિંસા, લૂંટ, બળાત્કાર અને હત્યાને અટકાવવા માટે આ દલિત નારીવાદી શાસ્ત્ર, તેના અસ્તિત્વ અને ઈતિહાસ પર ચર્ચા જરૂરી હતી, પરંતુ નારીવાદી આંદોલનો માત્ર દહેજ વિરોધી કાયદો, ઘરેલુ હિંસા અને મહિલા અનામત બિલ પૂરતાં જ સીમિત રહ્યાં.

જોકે સમગ્ર દેશમાં ફેલાયેલા આ નારીવાદી સંગઠનોના સંઘર્ષોને કારણે જ દહેજ વિરોધી કાયદો અને ઘરેલુ હિંસાનો કાયદો ઘડવામાં આવ્યો. આજે સ્ત્રીઓ પર થતી જાતીય હિંસાના વિરોધમાં પણ સ્ત્રીસંગઠનોની ભૂમિકા પ્રશંસનીય છે. ભારતીય નારીવાદી આંદોલનમાં આજે ઘણાં સરકારી અને બિનસરકારી સંગઠનો પણ સંકળાયેલાં છે, જેમની પાસે સ્ત્રી-વિમર્શ, અભ્યાસો અને બીજા ઘણા નારીવાદી મહત્ત્વ ધરાવતા મુદ્દાઓનું નેતૃત્વ છે. જેના મુખ્ય પ્રેરણાસ્રોત પશ્ચિમના દેશોનાં નારી આંદોલનો રહ્યાં છે.

આ નારીવાદી આંદોલનોમાં સંકળાયેલ પ્રભાવશાળી, શિક્ષિત, સુખી-સંપન્ન અને સવર્ણ નારીવર્ગે ક્યારેય પણ ભારતીય દલિત, આદિવાસી અને બહુજન સમાજના નારીવાદી સંઘર્ષો, તેમની તકલીફો અને વિચારોને જાણવાના કોઈ પ્રયત્ન કર્યા નહોતા. જેમાં દલિત નારીવાદી શાસ્ત્ર તો ભારતીય શાશ્વત ઈતિહાસ અને અભ્યાસનો ભાગ જ નહોતો. ઊલટાનું એ તેનો વિરોધી છે. જે શાસ્ત્રની રચના મર્યાદિત બ્રાહ્મણવાદી વિચારોથી થઈ હોય, જ્યાં સવર્ણ નારીવાદનો પણ સ્વીકાર કરવામાં આવ્યો ન હોય ત્યાં નારીવાદને, આદિવાસી અને બહુજનસમાજની સ્ત્રીઓના મુદ્દાઓને તો સ્થાન કેવી રીતે હોઈ શકે છે.

સર્વહારા (દલિતવાદી) પરિપ્રેક્ષ્ય (Subaltem Perspectives) એ વિવિધ જાતિ, વર્ગ, લિંગ, પ્રજાતિ વગેરેના લોકોની અધીનતાની સ્થિતિ દ્વારા સમાજને સમજવા માટે વપરાય છે. તે સામાન્ય રીતે રજૂ ન થયેલ લોકોના દૃષ્ટિકોણથી સમાજની વૈકલ્પિક છબીને રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. આ દૃષ્ટિકોણ આદિવાસીઓ, પછાત, મહિલાઓ અને વંચિત વર્ગોનું વિશ્લેષણ કરે છે. દલિતવાદી વિદ્વાનોના મતે સામાજિક અને ઐતિહાસિક અભ્યાસોમાં સમાજના ભદ્ર વર્ગના સ્થાને ઉપેક્ષિત અને જમીન સાથે જોડાયેલા લોકો પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. ઊતિહાસવિદ રણજિત ગુહાએ પોતાના પુસ્તક 'Subaltem Studies : Writings on South Asian History and Society' (1982)માં લખ્યું છે કે જો રાજા ભોજનો ઈતિહાસ લખવામાં આવ્યો હોય તો ગંગુ તેલીનો પણ ઈતિહાસ લખાવો જોઈએ.

* આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયોલૉજી, સ્કૂલ ઑફ હ્યુમેનિટિઝ એન્ડ સોશિયલ સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. E-mail : pchauhan1374@yahoo.co.in (મો) ૮૭૮૦૪૪૭૨૨૮

આ નારીવાદી આંદોલન બાબતે ગુજરાત કેટલેક અંગે અપવાદ સ્વરૂપે જોવા મળે છે. ગુજરાતના કેટલાક આગળ પડતાં નારીવાદી સંગઠનો—જ્યોતિસંઘ, અવાજ, સંચેતના વગેરેનાં કેન્દ્રો મોટાં કે નાનાં શહેરોમાં હોવા છતાં આ સંસ્થાઓએ પોતાનાં કાર્યોથી સમગ્ર ગુજરાતી સમાજની સ્ત્રીઓને પ્રાધાન્ય આપ્યું છે.

ગુજરાતમાં આત્મહત્યાના અભ્યાસની શરૂઆત 1955થી થઈ અને ત્યારથી 2011 સુધીના ગાળામાં આત્મહત્યાના ચાર અભ્યાસો અને સ્ત્રી વિરુદ્ધ હિંસાના બે અભ્યાસો થયા. શરૂઆતના આત્મહત્યાના ત્રણ અભ્યાસ સૌરાષ્ટ્ર સરકાર, મુંબઈ સરકાર અને ગુજરાત સરકારે કરાવ્યા હતા. આમાંના બે અભ્યાસોના ચાલકબળ તરીકે પુષ્પાબહેન મહેતા હતાં. જ્યારે સ્ત્રી વિરુદ્ધ હિંસાના બે અભ્યાસો સ્ત્રીઓની સ્વૈચ્છિક સંસ્થાઓમાં પુષ્પાબહેન મહેતા પછીની પેઢીનું નેતૃત્વ આવ્યું. તેમાંનાં ડૉ. ઇલા પાઠકે કર્યા. તેઓ અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રૂપ-અવાજનાં સ્થાપક હતાં. 2004નું વર્ષ પુષ્પાબહેન મહેતાનું શતાબ્દી વર્ષ હોવાથી તેમજ 1955માં સૌરાષ્ટ્ર સરકારે કરાવેલા ગુજરાતમાં આત્મહત્યાના પહેલા સર્વેક્ષણની શરૂઆતને 50 વર્ષ પૂરાં થતાં હોવાથી 50 વર્ષના સમયગાળા પછી પુષ્પાબહેન મહેતાએ આપેલા વારસાની સ્મૃતિમાં 2011નો ગુજરાતમાં આત્મહત્યાનો અભ્યાસ પણ અવાજે કર્યો. આ અભ્યાસમાં ઈલાબહેન પાઠક સાથે બીજા બે સંશોધકોમાં ડૉ. એડવિન મસીહી અને પ્રા. નલિની ત્રિવેદી હતાં. મસીહીસાહેબ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિષયના નિવૃત્ત પ્રોફેસર અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ, અમદાવાદના નિયામક હતા અને પ્રા. નલિની ત્રિવેદી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક હતા.

ઉપરોક્ત દર્શાવેલા આત્મહત્યાના અભ્યાસોના પ્રેરણાસ્રોત તરીકે મહિલા કર્મશીલ પુષ્પાબહેન મહેતા હતાં. આ બધા અભ્યાસો કોઈ ફંડ મેળવવા કે સ્કૉલર બનવા માટે નહોતા થયા. આ બધા અભ્યાસો મહિલા કર્મશીલો દ્વારા સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે તેમના પિતાના ઘરમાં અને સવિશેષપણે તેમની સાસરીમાં થતા ભેદભાવભર્યા વર્તન અને સાસરિયાંના ત્રાસને લીધે આત્મહત્યા કરી લેતી હોય તેવી યુવાન પરિણીતાઓની દયાજનક સ્થિતિ સાથે નિસબતને કારણે કરવામાં આવ્યા હતા. આ બધા અભ્યાસો ક્રમશઃ એક પછી એક તબક્કામાં એ સમયની સામાજિક પરિસ્થિતિના પ્રતિભાવ સ્વરૂપે કરવામાં આવ્યા હતા. આમ, આ અભ્યાસ સળંગ સાત દાયકાઓ સુધી મહિલા કર્મશીલો દ્વારા ચાલેલા સ્ત્રી તરફી આંદોલન સ્વરૂપે હતા, જેની નિસબત માનવસમાજનો અડધો ભાગ (નોંધપાત્ર સંખ્યા) ધરાવતી મહિલા વસ્તી સાથે હતી.

આ સંશોધનપેપરમાં હું ગુજરાતમાં થયેલા આત્મહત્યાના આ અભ્યાસો કે જે સમગ્ર સ્ત્રી તરફી આંદોલનના પુરાવા છે તે રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. બની શકે છે કે વાચકોને એમાં કેટલેક અંશે ભૂલ કે અધૂરપ જણાય, તેથી જ તેમાં ચર્ચા માટે પણ અવકાશ છે. આ લેખમાં કૉલેજો અને યુનિવર્સટી કક્ષાએ જો કોઈ અભ્યાસો થયા હોય તો તેમનો સમાવેશ કર્યો નથી, એ આ લેખની મર્યાદા છે.

**Key Words :** પિતૃસત્તાક સમાજ, સર્વહારા સમાજ, આત્મહત્યા, નારીવાદ

**અભ્યાસના ઉદ્દેશો :**

(1) ભારતીય નારીવાદી આંદોલનો, નારીવાદી સંગઠનો, દલિતવાદી દૃષ્ટિકોણ, જેંડર અસમાનતા, સામાજિક નારીવાદ, ઉદાર નારીવાદ, અનુ-આધુનિકતા વગેરેને અભ્યાસ સાથે સાંકળવા.

(2) ઘરેલુ હિંસા, 498-અ ના કેસો, દહેજ મૃત્યુ, સ્ત્રીઓનાં અપમૃત્યુ, ફૅમિલી કોર્ટના કેસો વગેરે વિષયોને આત્મહત્યાના અભ્યાસ સાથે સાંકળવા.

(3) ગુજરાતની બ્રિટિશ સમય પહેલાંથી વર્તમાન સમય સુધીની સ્થિતિનું વિષય સંબંધિત વિશ્લેષણ કરવું.

(4) આપઘાતની સમસ્યા સાથે સંકળાયેલા મુદ્દાઓ કુટુંબ, ધર્મ, જ્ઞાતિના વિચારો, જીવનશૈલી, ધોરણો,

માન્યતાઓ, રિવાજો, કર્મકાંડો વગેરેની ઘટનાઓ દર્શાવવી.

**સાહિત્યસમીક્ષા :**

રાવલે (1987) 'ઓગણીસમી સદી દરમિયાન ગુજરાતનાં સામાજિક-ધાર્મિક આંદોલનો' પુસ્તકમાં બ્રિટિશ સમય પહેલાં અને પછીની સામાજિક સ્થિતિ, સામાજિક અનિષ્ટો, બ્રિટિશ અમલદારોની સામાજિક અનિષ્ટો અટકાવવાની નીતિ, સામાજિક સુધારણા ચળવળો વગેરે વિશે ચર્ચા કરી છે. 1955માં સૌરાષ્ટ્ર સરકારે સ્ત્રીઓની આત્મહત્યાની સમસ્યાના ઉકેલ માટે એક સમિતિ નીમી હતી. જેણે 1952-1955 દરમિયાન પોલીસસ્ટેશનમાં નોંધાયેલા કિસ્સાઓનો અભ્યાસ કર્યો. 1958માં મુંબઈ સરકારે આત્મહત્યાના કિસ્સાઓના અભ્યાસ માટે એક બીજી સમિતિ નીમી હતી. તેણે 1954થી 1957 દરમિયાન નોંધાયેલા કિસ્સાઓનો અભ્યાસ કર્યો. જેમાં રાજકોટ વિભાગમાં 1317 કિસ્સાઓ નોંધાયા હતા. મુંબઈ રાજ્યનું ગુજરાત અને મહારાષ્ટ્ર એમ ભાષાકીય ધોરણે વિભાજન થયા બાદ 1964ના મે માસમાં ગુજરાત સરકારે તેની પોતાની સમિતિ નીમી. આ સમિતિએ ચાર વર્ષ (મે 1960થી એપ્રિલ 1964)ના સમયાગાળા દરમિયાન પોલીસસ્ટેશનોમાં નોંધાયેલા કિસ્સાઓનો અભ્યાસ કર્યો. આ સમિતિએ આત્મહત્યાનો પ્રયત્ન કરનાર 1425 કિસ્સાઓનો પણ અભ્યાસ કર્યો. સમિતિએ ન્યાયાધીશો, વકીલો, ધારાસભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને સામાજિક કલ્યાણકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસેથી મંતવ્ય અને સૂચનો મેળવ્યાં હતાં. પાઠકે (2001) સ્ત્રી વિરુદ્ધ કુટુંબમાં થતા અત્યાચારનો અભ્યાસ કરવા ગુજરાતની ફોજદારી ન્યાયિક પ્રક્રિયાનું વિશ્લેષણ કર્યું છે. મહેતા(2005)એ 'પંથભૂલ્યા : આપઘાતની સમસ્યા વિશે સર્વગ્રાહી ચિંતન' પ્રસ્તુત કર્યું. મસીહી, પાઠક અને ત્રિવેદી(2011)એ સ્ત્રીઓની આત્મહત્યાના સંદર્ભને સમજવા ગુજરાતમાં આત્મહત્યાનો અભ્યાસ કર્યો. ચૌહાણ(2017 અને 2019)ના ક્રમશઃ 'માનવ અધિકારો અને ભારતીય સ્ત્રીઓ' અને 'કુટુંબ સલાહ કેન્દ્રો અને સામાજિક કાર્યકરો' વિષય પરના લેખો ઈતિહાસ અને વર્તમાનની વાસ્તવિકતા વિશેની માહિતી આપે છે અને ચૌહાણ (2018)નો 'ગુજરાતી ફેમિલી કોર્ટ્સના કિસ્સાઓ' કુટુંબમાં પતિ-પત્નીના ઝઘડાના કેસોનો અભ્યાસ આ વિષય સાથે સંબંધિત અપ્રકાશિત શોધકાર્ય છે.

**સંશોધનપદ્ધતિ :**

આ સંશોધન પેપર માટે ઐતિહાસિક પદ્ધતિ અને તુલનાત્મક અભિગમ દ્વારા શોધકાર્ય કર્યું છે. શોધકાર્ય માટે દ્વિતીયક માહિતીનો ઉપયોગ કર્યો છે. જેમાં પૂર્વ-અભ્યાસો, સંશોધનલેખો, પ્રકાશિત અને અપ્રકાશિત સાહિત્ય અને પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અને આંકડાકીય બાબતોની ખૂબ જ ચોક્સાઈપૂર્વક નોંધ કરવામાં આવી છે.

**ગુજરાતની બ્રિટિશ સમય પહેલાં અને પછીની સ્થિતિ :**

ગુજરાતમાં બ્રિટિશ સમય પૂર્વે શિક્ષણનો પ્રભાવ અને પ્રચલિત રૂઢિચુસ્તતાયુક્ત વાતાવરણને લીધે સ્ત્રીઓ ખાસ કરીને યુવાન નવવધૂઓની દયનીય પરિસ્થિતિ અંગેની સજાગતા વિકસી ન હતી. બાળકી હત્યા, સતી, દહેજ, યુવાન વિધવા ઉપરનાં રૂઢિગત-બંધનો તેમજ દુષ્ટાત્મા અંગેની વહેમભરી માન્યતા જેવાં સામાજિક અનિષ્ટો હતાં (રાવલ : 1987 : 4-11).

બ્રિટિશ સરકારે દાખલ કરેલું બિનસાંપ્રદાયિક શિક્ષણ બધી જ્ઞાતિઓ અને પંથોની વ્યક્તિઓ માટે ખુલ્લું હતું. તેઓએ માનવીય મૂલ્યો, સામાજિક ન્યાય તેમજ ઉદાર મતવાદનો સમાવેશ કર્યો. અલબત્ત, તેઓના શાસનની તેમજ નીતિઓની અસર ગુજરાતમાં વ્યાપક રીતે પ્રસરી ન હતી. તેની પાછળ બે કારણો હતાં એક તો ત્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના ઘણા પ્રદેશો પર દેશી રજવાડાંઓનું શાસન હતું અને બીજું કંઈક અંશે બ્રિટિશ શાસકોએ તેઓની રાજકીય સત્તાને મજબૂત કરવા માટે સામાજિક સુધારણાના પ્રયત્નોને ખાસ વેગ આપ્યો ન હતો. આમ છતાં કેટલાક બ્રિટિશ અધિકારીઓએ બાળકી હત્યા તેમજ સતી અને દહેજ જેવાં સામાજિક દૂષણોને અટકાવવા વ્યક્તિગત રીતે ખાસ રસ લીધો હતો. જેમ કે કચ્છના જાડેજા રાજપૂતોમાં નવજાત બાળકીઓની હત્યાની પ્રથા

પ્રચલિત હતી. એ પ્રથાને અટકાવવા માટે બ્રિટિશ અમલદારોએ કડક તાકીદ કરીને તેમને કહ્યું હતું કે જો તેઓ તે પ્રથા ચાલુ રાખશે તો તેમની સાથે તેમના દરજ્જા મુજબનું સૌજન્ય દાખવવામાં આવશે નહીં. (રાવલ : 1987 : 32).

બ્રિટિશ શિક્ષણને લીધે સામાજિક સુધારણા ચળવળ ઊભી થઈ અને નર્મદ, કરસનદાસ મૂળજી, મહિપતરામ નીલકંઠ અને તેમના જેવા ઘણા સામાજિક કાર્યકરોએ પોતાના સમયના ગુજરાતના સમાજની સમસ્યાઓ સામે લડત ઉપાડી, એ જ ગાળા દરમિયાન સહજાનંદ સ્વામી (1781-1830) જેવા ધાર્મિક નેતાઓએ પણ સામાજિક અને ધાર્મિક સુધારણાના ક્ષેત્રે સ્તુત્ય પગલાં ભર્યાં. (રાવલ : 1987 : 12-20). સામાજિક સુધારણા ચળવળ ચાલુ રહી, પરંતુ એ મોટેભાગે સુરત, અમદાવાદ, ભાવનગર જેવાં શહેરી કેન્દ્રો પૂરતી મર્યાદિત હતી.

વીસમી સદીની શરૂઆતમાં ગાંધીજી ભારતના રાજકીય ક્ષેત્રે પ્રવેશ્યા કે તરત જ રાજકીય સ્વતંત્રતા તેમજ સામાજિક પુનઃરચનાની માંગ ચોતરફ ફેલાઈ. ગાંધીજીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં સ્ત્રીકાર્યકરોએ સ્ત્રીઓએ સહન કરવી પડતી સમસ્યાઓને ઉપાડી લીધી. સુશ્રી મૃદુલાબહેન સારાભાઈએ તે સૌને નેતૃત્વ પૂરું પાડ્યું. જેમાં અન્ય જાણીતાં સામાજિક કાર્યકર પુષ્પાબહેન મહેતા (1905-1988) હતાં. તેઓ સૌરાષ્ટ્રમાં સ્ત્રીઓની દયાજનક સ્થિતિ, ખાસ કરીને દહેજના કુરિવાજ, નવજાત બાળકીઓની હત્યા તેમજ આત્મહત્યાની સમસ્યાત્મક પરિસ્થિતિથી વ્યથિત થયાં હતાં. ચારુમતીબહેન યોદ્ધા પણ સ્ત્રીઓ સાથે સંકળાયેલી સામાજિક સુધારણા ચળવળનાં અગ્રેસર હતાં. બાળલગ્ન, કિશોરીઓનાં મોટી ઉંમરના પુરુષ સાથેનાં લગ્ન, વિધવા-પુનર્લગ્ન-નિષેધ, દહેજ, માતા-પિતા દ્વારા દીકરીઓ પ્રત્યે આચરાતા ભેદભાવ અને પતિ તેમજ સાસરિયા દ્વારા થતી નવવધૂની સતામણીને અંતે તેની આત્મહત્યા, યુવા નવવધૂની સતામણી અંગેના વધતા જતા કિસ્સાઓ, તેઓની આત્મહત્યા તેમજ તેઓની હત્યાને આત્મહત્યામાં ખપાવી દેવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી.

1937માં પુષ્પાબહેને મૃદુલાબહેનના સહયોગથી અમદાવાદમાં ‘વિકાસગૃહ’ના નામે સૌપ્રથમ આશ્રય-સ્થાન શરૂ કર્યું. (વિકાસગૃહ અર્થાત્ ‘વિકાસ માટેનું ઘર), જ્યારે યુવાન પરિણીતા કે વિધવાને તેના પતિએ કે સાસરિયાંએ કાઢી મૂકી હોય ત્યારે તેને આવાં ગૃહોમાં કેટલાક સમય માટે આશરો આપવામાં આવતો અને કોઈ કૌશલની તાલીમ આપવામાં આવતી. આમ છતાં પણ પ્રવર્તમાન માન્યતા એ જ હતી કે સ્ત્રીનું સ્થાન તેના પતિના ઘરમાં જ હોય અને તેના કુટુંબને ખાતર (અર્થાત્ તેના બાળકો માટે) તેણે અનુકૂલન સાધવું જ જોઈએ. આમ સ્ત્રીની વ્યક્તિગત ઓળખની ઉપર કુટુંબની પ્રાથમિકતા બિનવિવાદાસ્પદ રીતે સ્વીકારવામાં આવી હતી. (પાઠક : 2001 : 9).

**આઝાદી પછી ગુજરાતની સ્થિતિ :**

ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ, શાંતિ અને અહિંસક સામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણની વાત કરે છે, તેમ છતાં સ્ત્રી-ભ્રૂણહત્યા, દહેજ-મૃત્યુ, નવવધૂઓને સળગાવી મારવી, સ્ત્રીઓની આત્મહત્યા અને આવાં અન્ય ઘાતક પાપો ઘરેલું ક્ષેત્રના કિસ્સાઓ છાપાંઓ અને પોલીસ દ્વારા નોંધવામાં આવે છે, તે એક વાસ્તવિકતા છે. ઇન્ડિયન પીનલ કોડની કલમ 498-અ (કોઈ સ્ત્રીના પતિ અથવા પતિના સગા તરફથી અપાતો ત્રાસ) અંતર્ગત નોંધાયેલા આવા કિસ્સાઓના આંકડા 1986માં 250 હતા, જે 1995માં 1097 થી વધીને 1950 થયા (પાઠક : 2001 : 34). 1999માં આવા કેસો 3886 હતા, જે 2006માં 4898 થયા હતા (જેન્ડર ડાટા બૅંક : 2008 : 37). આ સંખ્યા 2013માં ગુજરાતમાં 7812 હતી, જ્યારે ભારતમાં 1,18,866 હતી. જો આપણે આ આંકડામાં ‘દહેજ-મૃત્યુ’ (કે જે ઘરેલુ હિંસાનું જ પરિણામ છે, પરંતુ તે અલગ નોંધવામાં આવે છે.)ની સંખ્યાના આવા કિસ્સાઓ ઉમેરીએ તો આ સંખ્યા ખૂબ વધી જાય છે. ટૂંકમાં 27 વર્ષના ગાળામાં ગુજરાતમાં આ કિસ્સાઓ 250થી વધીને 7812 થયા હતા.

આથી વિરુદ્ધ જે નોંધવા જેવું જણાય છે તે ‘કલમ-498-અ’નો ઉપયોગ વધી રહ્યો છે. તે જાણતાં દિલાસો

નથી મળતો, કેમ કે જે તે વર્ષમાં થતાં સ્ત્રીઓનાં અપમૃત્યુ (unnatural deaths of women)ની સંખ્યા તે વર્ષમાં કલમ-498-અ નો ઉપયોગ કરતી સ્ત્રી-સંખ્યા કરતાં પાંચ-ગણી વધારે જણાય છે. વધુમાં કલમ-498-અ અંતર્ગત કરેલી ફરિયાદો નકામી જતી જણાય છે. કૌટુંબિક અત્યાચાર વિરુદ્ધ કરવા ધારેલી કલમ-498-અ પ્રમાણેની ફરિયાદ લેવાતી નથી. લેવાય તો સુનાવણી સુધી પહોંચતી નથી. નીચલી અદાલતો(lower courts)માંનો અનુભવ પણ કોઈ આશા જન્માવતો નથી.' (પાઠક : 2001 : 137).

ગુજરાતમાં અમદાવાદની ફૅમિલી કોર્ટ્સની સ્થાપના વર્ષ 2000થી આજ સુધીના 20 વર્ષના ગાળામાં લગભગ એક લાખ જેટલા કૌટુંબિક તકરારના સિવિલ અને ક્રિમીનલ કેસો નોંધાયા છે. આ કેસોના 70 ટકા અરજદારો સ્ત્રીઓ છે. આ સંખ્યા રાષ્ટ્રીય સ્તરે લગભગ 5 કરોડ હોવાનો અંદાજ છે. આ કેસોમાં વકીલોની દોરવણીને કારણે પતિ-પત્ની બંનેએ એકબીજાની સામે પોતાના સ્થાનિક વિસ્તારોમાંથી વ્યક્તિદીઠ મોટાભાગે એકથી વધુ કેસો કર્યા હોય તેવા કેસો પણ સામેલ છે. કુટુંબની સંખ્યાની દૃષ્ટિએ પતિ અને પત્ની એમ બે કુટુંબ ગણીએ તો લગભગ બે કરોડ જેટલાં કુટુંબો કૌટુંબિક ઝઘડાના કેસોમાં સપડાયેલાં છે. (ચૌહાણ : 2018). દહેજની માગણી કરી પરિણીતાને આત્મહત્યા માટે મજબૂર કરવાના ઘણા કેસોમાં પોલીસ ગંભીર પ્રકારની બેદરકારી દાખવી આરોપીઓ વિરુદ્ધ 90 દિવસની સમયમર્યાદામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતી નથી. તેના પરિણામે આરોપીઓને કોર્ટમાંથી ડિફોલ્ટ બેલ (જામીન પર મુક્તિ) મળી જાય છે અને પરિણામે ઘણા કેસોમાં ગુનો રદબાતલ થાય છે અને કેટલાક કેસો કોર્ટ કક્ષાએ નબળા પડે છે.

રાષ્ટ્રીય અપરાધ નોંધણી કાર્યાલય અહેવાલ (NCRB : National Crimes Record Bureau : 1994 : 54, 1995 : 61 અને 1998 : 117) દર્શાવે છે કે સમગ્ર ભારતમાં સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે આત્મહત્યા કરે છે. આ હકીકત ગુજરાત રાજ્યની બાબતમાં પણ સાચી છે; પરંતુ રાજકોટ, ભાવનગર, જૂનાગઢ જેવા સૌરાષ્ટ્રના જિલ્લાઓ અપવાદરૂપ હતા. ત્યાં પુરુષો કરતા સ્ત્રીઓએ વધારે આત્મહત્યા કરી હોવાનું નોંધાયું હતું. એનસીઆરબીએ નોંધ્યું છે કે સામાન્ય રીતે પુરુષો તેઓની પોતાની નિષ્ફળતાઓ/મર્યાદાઓ (જેવી કે પ્રેમ, લગ્ન, ધંધો, નોકરી મેળવવામાં નિષ્ફળતા, દેવું ભરપાઈ કરવાની અસમર્થતા વગરે)ને લીધે આત્મહત્યા કરે છે, જ્યારે સ્ત્રીઓ અપૂરતું દહજ (સાસરિયાંની દૃષ્ટિએ), બાળકો ન હોવાં, દીકરાને જન્મ ન આપી શકવું, પતિ કે સાસરિયાંઓ તરફથી થતા સતત ત્રાસને સહન કરવાની અસમર્થતા જેવી કૌટુંબિક સમસ્યાઓને લીધે આત્મહત્યા કરે છે, અથવા તો કેટલાક કિસ્સાઓમાં તેમને આત્મહત્યા કરવી જ પડે છે (1995 : 61). આવા બધા જ કિસ્સાઓમાં યુવાન નવવધૂ / પરિણીતા પોતે જવાબદાર નથી હોતી. કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યાની ઘટના વાસ્તવમાં હત્યા હોય છે, પરંતુ પુરાવા કે સાક્ષીઓના અભાવે (નવવધૂની થતી પજવણી પડોશીઓ જાણતાં હોવા છતાં સાચું કહેવા ઇચ્છતા નથી હોતા અને ખાસ દંભયુક્ત કારણ આપે છે કે તેઓને પોતાના પડોશીના આંતરિક મામલામાં દખલ કરવી ગમતી નથી.) ગુનેગાર છૂટી જાય છે.

**ગુજરાતમાં આત્મહત્યાના અભ્યાસો :**

પુષ્પાબહેન મહેતા એક નિઃસ્વાર્થ ધ્યેયનિષ્ઠ વ્યક્તિના લાક્ષણિક ઉત્સાહ સાથે ગુજરાતની અને ખાસ કરીને સૌરાષ્ટ્રની સ્ત્રીઓની આત્મહત્યાની સમસ્યાના ઉકેલ માટે ઝૂઝતાં રહ્યાં. તેમના પ્રયત્નોથી 1955માં સૌરાષ્ટ્ર સરકારે એક સમિતિ નીમી. જેણે 1952-55 દરમિયાન પોલીસસ્ટેશનમાં નોંધાયેલા 1129 આત્મહત્યાના કિસ્સાઓનો અભ્યાસ કર્યો. સમિતિએ ત્રણ મહિનામાં 110 કિસ્સાઓની પ્રાથમિક માહિતી પણ એકઠી કરી હતી.

આ અહેવાલનાં મહત્ત્વનાં તારણો આ મુજબ હતાં : જેઓએ આત્મહત્યા કરી હતી એ વ્યક્તિઓમાં (1) સ્ત્રીઓની સંખ્યા પુરુષો (33.6%) કરતાં બેવડી (66.4%) હતી. (2) સૌથી વધારે સંખ્યામાં આત્મહત્યા કરનારી વ્યક્તિઓ કણબી (પાટીદાર) જ્ઞાતિની હતી.

(3) આત્મહત્યા કરનારી 45% વ્યક્તિઓ 19-30 વયજૂથ ધરાવતાં હતાં. (4) સ્ત્રીઓમાંથી 19-30નું વયજૂથ ધરાવતા આત્મહત્યાના 51% કિસ્સાઓ હતા (5) ગામડાં અને શહેરમાં આવા કિસ્સાઓનું પ્રમાણ અનુક્રમે 63% અને 37%નું હતું. (6) 75% સંયુક્ત કુટુંબમાંથી હતા અને (7) 58% એ કૂવામાં ડૂબી જઈને આત્મહત્યા કરી હતી. (8) સૌથી વધારે (44.7%) સ્ત્રીઓએ કૌટુંબિક પ્રશ્નોને લીધે આત્મહત્યા કરી હતી. જ્યારે સૌથી વધારે (25.3%) પુરુષોએ માનસિક તાણ/અસ્થિરતાને લીધે આત્મહત્યા કરી હતી.

મૂળ અહેવાલ ઉપલબ્ધ ન હતો. ગુજરાત સરકારે નિયુક્ત કરેલી આત્મહત્યા તપાસ સમિતિના ઑગસ્ટ, 1966માં પ્રકાશિત થયેલા અહેવાલમાં સંક્ષેપ પર આધારિત આ ટૂંકો સાર છે. (63-70)

1958માં મુંબઈ સરકારે આત્મહત્યાના કિસ્સાઓના અભ્યાસ માટે એક બીજી સમિતિ નીમી હતી. તેણે 1954થી નવેમ્બર 1957 દરમિયાન નોંધાયેલા 9729 કિસ્સાઓ (46.9% પુરુષો અને 53.1% સ્ત્રીઓ)નો અભ્યાસ કર્યો. આ અહેવાલનો સંક્ષેપ પણ ગુજરાત સરકારના આત્મહત્યા અંગેના અહેવાલ (1966 : 71-73)માં સમાવી લેવામાં આવ્યો હતો. આત્મહત્યાના કિસ્સાઓ અંગેની આંકડાકીય માહિતી દર્શાવે છે કે રાજકોટ વિભાગમાં 1317 કિસ્સાઓ નોંધાયા હતા. તેમાંથી 421 (32.0%) પુરુષો હતા અને 896 (68.0%) સ્ત્રીઓ હતી. અહેવાલમાં એ પણ જણાવ્યું છે કે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં વધારે કિસ્સાઓ નોંધાયા હતા. વયજૂથ મુજબ જોઈએ તો આત્મહત્યા કરનારી 20થી 24નું વયજૂથ ધરાવતી વ્યક્તિઓ સૌથી વધુ હતી. આ અહેવાલ મુજબ આત્મહત્યાનાં મુખ્ય કારણો તરીકે કુટુંબમાં સુખનો અભાવ તેમજ લાંબા ગાળાની માંદગી જણાવાયાં હતાં.

અહેવાલને આધારે સરકાર કોઈ પગલાં ભરી શકે એ પહેલાં મુંબઈ રાજ્યનું ગુજરાત અને મહારાષ્ટ્ર એમ ભાષાકીય ધોરણે વિભાજન થયું. આથી 1964ના મે માસમાં ગુજરાત સરકારે તેની પોતાની સમિતિ નીમી. આ સમિતિનું ચાલકબળ પુષ્પાબહેન મહેતા હતાં. તેઓ તેનાં અધ્યક્ષ પણ હતાં. સમિતિએ ચાર વર્ષ (મે 1960 થી એપ્રિલ 1964)ના સમયગાળા દરમિયાન પોલીસ-સ્ટેશનોમાં નોંધાયેલા 4537 કિસ્સાઓનો અભ્યાસ કર્યો આ સમિતિએ આત્મહત્યાનો પ્રયત્ન કરનારા 1425 કિસ્સાઓનો પણ અભ્યાસ કર્યો. અહેવાલમાં આ કિસ્સાઓનું કોઈ પૃથક્કરણ આપ્યું નથી. સમિતિએ ન્યાયાધીશો, વકીલો, ધારાસભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને સામાજિક કલ્યાણકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસેથી મંતવ્યો અને સૂચનો મેળવ્યાં હતાં.

આ અભ્યાસમાં અન્ય ધાર્મિક-જૂથોની સાથે સરખામણી કરતાં આત્મહત્યા કરનારાઓમાં હિન્દુઓની સંખ્યા વધારે (92.7%) હતી. ગુજરાતમાં 8.43% મુસ્લિમ હોવા છતાં તેઓમાં આત્મહત્યા કરનારાઓ માત્ર 5.2% હતા. જ્ઞાતિ મુજબ જોઈએ તો આત્મહત્યા કરનારાઓમાં સૌથી વધારે મોટી સંખ્યામાં કણબીઓ (8.75%) હતા. (1964 : 11). (અહેવાલમાં કણબી અને પટેલ વચ્ચેનો તફાવત કર્યો નથી.) આ જ્ઞાતિઓમાં પણ આત્મહત્યા કરનારાઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે હતી. આત્મહત્યાના મુખ્ય ત્રણ કારણો આ મુજબ હતાં : (1) દુઃખી કૌટુંબિક જીવન (25.8%), (2) શારીરિક અસમર્થતા અને માંદગી (22.7%) અને (3) માનસિક તાણ/સમસ્યાઓ (20.8%). આત્મહત્યા કરનારી વ્યક્તિઓમાંથી 47.7% વ્યક્તિઓએ પાણીમાં કૂદીને ડૂબી મરવાની રીતને મુખ્ય પદ્ધતિ તરીકે અપનાવી હતી. જ્યારે 15.0% વ્યક્તિઓએ ગળે ફાંસો ખાઈ અને 11.2% એ ઝેર પીને આત્મહત્યા કરી હતી.

સમિતિએ અનેક ઉપયોગી સૂચનો / ભલામણો (1966 : 58-62) કર્યાં હતાં. તેમાંનાં કેટલાંક સામાન્ય હતા. (જેમ કે, યુવાન છોકરાઓ અને છોકરીઓને તેઓના લગ્ન-સાથીની પસંદગીમાં વધારે સ્વતંત્રતા આપવી). તો કેટલાંક પરંપરાગત (છોકરીઓને વધારે સારી પત્ની અને માતા બનાવવા ગૃહવિજ્ઞાનની તાલીમ આપવી), અથવા તો આધુનિક (જેવાં કે આત્મહત્યા રોકતાં નિવારણકેન્દ્રો કે સલાહકેન્દ્રો કે અભિવ્યક્તિ માટેનાં કેન્દ્રો કે જેને

ગુજરાતીમાં 'શ્રવણમથકો' કહે છે, અર્થાત્ એવાં કેન્દ્રો કે જ્યાં વ્યક્તિઓ તેઓની લાગણીઓને ઠાલવી શકે કે વ્યક્ત કરી શકે છે.)

આમ છતાં સમિતિના સભ્યોને સ્ત્રીઓની (ખાસ કરીને યુવાન પરિણીત સ્ત્રીઓની) વધતી જતી આત્મહત્યા(જેમાંની કેટલીક તો ઠંડે કલેજે કરેલી હત્યાઓ હોય છે.)ની સંખ્યા સાથે નિસબત હતી. તેઓ એ જોઈને નિરાશ થયાં કે જો સ્ત્રીના નિજી વ્યક્તિત્વને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોત અને સ્ત્રીને તેના જાનના જોખમે કુટુંબ ખાતર સહન કરવાનું કહેવામાં ન આવ્યું હોત તો પરિસ્થિતિ સુધરી શકી હોત, આથી પુષ્પાબહેન મહેતા, ચારુમતીબહેન યોદ્ધા જેવાં અને અન્ય સામાજિક કાર્યકરોને નિસબત હોવા છતાં અનેક પરિણીત યુવતીઓનું આશ્રયગૃહોમાં આશ્રય લેવાનું વધતું ચાલ્યું અને આવાં આશ્રયસ્થાનો પણ વધ્યાં (પાઠક : 2001 : 5-10)

સ્ત્રીઓની સ્વૈચ્છિક સંસ્થાઓમા જ્યારે પછીની પેઢીનું મહત્ત્વ આવ્યું ત્યારે (તેના) અભિગમમાં આમૂલ પરિવર્તન આવ્યું. આની પહેલ 'અમદાવાદ વિમેન્સ ઍક્શન ગ્રૂપ-અવાજ, અમદાવાદ' દ્વારા કરવામાં આવી અને તેની સ્થાપના શ્રી ડૉ. ઇલા પાઠકે સ્ત્રીઓનો (સ્ત્રીની વેદનાનો) અવાજ બુલંદ બનાવ્યો. 'અવાજ' દ્વારા પોતાના અભિગમને 'સ્ત્રીકેન્દ્રી' કે 'સ્ત્રીતરફી' તરીકે ઓળખાવ્યો કે જેણે તેની (સ્ત્રીની) વૈયક્તિકતા (જેમાં સ્ત્રીની વ્યક્તિમત્તા સમાયેલી છે) તેનો આદર કરીને તેની સમાનતા પર ભાર મૂક્યો. (પાઠક : 2001 : 9).

1985માં ઘરેલુ હિંસાની બાબતે 'અવાજે' હાથ ધરેલા અભ્યાસમાં એ નિષ્કર્ષ પ્રાપ્ત થયો હતો કે જ્યારે સ્ત્રીઓના પતિઓએ તેઓને કાઢી મૂકી હોય અને આત્મહત્યા કરવા મજબૂર કરી હોય તેવા કિસ્સાઓમાં સ્ત્રીઓનાં પિયરિયાં કે સાસરિયાં તેઓને કોઈ પણ પ્રકારની મદદ આપવાની વિરુદ્ધમાં રહેતાં હતાં. 1985ના તેના અભ્યાસ પછી 'અવાજે' જાગૃતીકરણના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓને પોતાના વ્યક્તિત્વ પરત્વે સભાન કરવાનું આયોજન કર્યું અને સ્ત્રીતરફી અભિગમ સાથે સલાહ આપવામાં આવે તેવાં સલાહકેન્દ્રોની સ્થાપના કરી. પોલીસદળ માટે સંવેદનશીલતાના કાર્યક્રમો હાથ ધર્યા તેમજ સ્ત્રીઓની રજૂઆત દર્શાવતાં શાળાનાં પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કર્યું.

1995માં 'અવાજ' દ્વારા બીજો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો, એ ગુજરાતમાં ફોજદારી ગુનાઓમાં ન્યાય કરતી વ્યવસ્થાનો પદ્ધતિસરનો અને સઘન અભ્યાસ હતો. તેમાં 1984થી 1995 દરમિયાન અમદાવાદનાં પાંચ પોલીસસ્ટેશનોમાં સ્ત્રી વિરુદ્ધ નોંધાયેલા 1652 ગુનાઓનું પૃથક્કરણ હતું. એ ઉપરાંત તેમાં છ પોલીસ-ઇન્સ્પેક્ટરો અને પચાસ કુટુંબ સલાહકેન્દ્રોના સલાહકારોની મુલાકાતની વિગતો હતી. આ અભ્યાસ હેઠળના વકીલો મોકળા મને પ્રતિસાદ આપતા ન હતા. આથી તેઓના પ્રતિભાવોમાં વિષમતા હતી. વધુમાં આ અભ્યાસમાં ઉચ્ચ ન્યાયાલય સમેત જુદાં જુદાં ન્યાયાલયોમાંના સ્ત્રી વિરુદ્ધ ગુનાઓ અંગેના 22 ચુકાદાઓનું પૃથક્કરણ પણ કર્યું હતું. જે સ્ત્રીઓએ કાં તો આત્મહત્યા કરી હતી કાં તો તેઓનાં સાસરિયાંએ ઠંડે કલેજે તેઓની હત્યા કરી હતી તેવા પોલીસ દફતરે નોંધેલા સ્ત્રીઓના કિસ્સાઓ પોલીસે કેવી બેદરકારીભરી રીતે નોંધ્યા હતા એ આ અભ્યાસમાં ઉજાગર કર્યા છે. એવું જોવા મળ્યું કે સરકારી વકીલો અને ન્યાયતંત્રના સભ્યોએ તેઓની પિતૃપ્રધાન માનસિકતાને લીધે, ભોગ બનનારી સ્ત્રીઓને યોગ્ય ન્યાય આપ્યો ન હતો. આથી જ અભ્યાસમાં સ્ત્રીઓની બાબતે પોલીસ-અધિકારીઓ, વકીલો અને રાજ્યના ન્યાયતંત્રના સભ્યોને સ્ત્રીઓના મુદ્દે સંવેદનશીલ બનાવવાની જરૂર હોવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. (પાઠક : 2001).

સ્ત્રીઓને લગતી સમસ્યાઓ પરત્વે એકધારી નિસબત હોવાથી 'અવાજ' દ્વારા એ બાબતને સંભાર્યા કરાઈ કે 2004નું વર્ષ પુષ્પાબહેન મહેતાનું શતાબ્દી વર્ષ હોવાથી તેમજ 1955માં સૌરાષ્ટ્ર સરકારે કરાવેલા ગુજરાતમાં આત્મહત્યાના પહેલા સર્વેક્ષણની શરૂઆતને 50 વર્ષ પૂરાં થતાં હોવાથી 50 વર્ષના સમયગાળા પછી પુષ્પાબહેન મહેતાએ આપેલા વારસાની સ્મૃતિમાં

ગુજરાતમાં આત્મહત્યાની સમસ્યાનો અભ્યાસ કરવાનું 'અવાજે' નક્કી કર્યું હતું.

મસીહી, પાઠક અને ત્રિવેદી (2011)નો અભ્યાસ એ આત્મહત્યા જેવી જટિલ ઘટનાને વિશેષ કરીને ગુજરાતની સ્ત્રીઓની આત્મહત્યાના સંદભર્ને સમજવાનો પ્રયાસ હતો. આ અભ્યાસ 'અમદાવાદ વિમેન્સ ઍક્શન ગ્રૂપ-અવાજ' દ્વારા તેની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓના ભાગ રૂપે તેમજ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે તેમના પિતાના ઘરમાં અને સવિશેષપણે તેમની સાસરીમાં થતા ભેદભાવભર્યા વર્તન વિશેની નિસબતને કારણે કરવામાં આવ્યો હતો. 1964માં ગુજરાત સરકાર દ્વારા લગભગ આવો જ પણ ગુજરાતના બધા જિલ્લાઓને આવરી લેતો વધુ વિસ્તૃત અભ્યાસ એ સમયના અગ્રણી સામાજિક કાર્યકર પુષ્પાબહેન મહેતાના આગ્રહથી કરવામાં આવ્યો હતો. તેમણે કરાવેલા અભ્યાસે વર્તમાન અભ્યાસને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં.

ગુજરાત રાજ્યના બાકીના જિલ્લાઓ કરતાં જ્યાં સ્ત્રીઓની આત્મહત્યાનું પ્રમાણ વધારે હતું એવા અમદાવાદ, સુરત, જૂનાગઢ અને ભાવનગર - એ ચાર જિલ્લાઓની પસંદગી આ અભ્યાસ માટે હેતુપૂર્વક નિદર્શ હતું. આ ચાર જિલ્લાઓની વસ્તી 2001ના સેન્સસ મુજબ ગુજરાત રાજ્યની કુલ વસ્તીના લગભગ 30% જેટલી છે, આ દૃષ્ટિએ પસંદ કરેલા જિલ્લાઓ ઘણે અંશે આખા રાજ્યનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. પસંદગીનો માપદંડ ગુજરાતના સાંસ્કૃતિક પ્રદેશો ન હતા, તેથી ઉત્તર ગુજરાતના પ્રદેશમાંથી એક પણ જિલ્લો અભ્યાસમાં લેવામાં આવ્યો નથી. વધુમાં આ અભ્યાસ માટે નક્કી કરવામાં આવ્યું કે આ ચાર જિલ્લાઓના જે તે પોલીસસ્ટેશનમાંથી 2004 અને 2005નાં વર્ષોમાં સર્વ નોંધાયેલા પુરુષોના અને સ્ત્રીઓના આત્મહત્યાના કેસો અંગે ઉપલબ્ધ માહિતી મેળવવી અને તેનું પૃથક્કરણ કરવું, કે જેથી તેઓ વચ્ચે તુલના કરી આત્મહત્યાની ઘટનાનું સર્વગ્રાહી ચિત્ર મેળવી શકાય.

આ અભ્યાસના સંશોધકોને સૌરાષ્ટ્ર, મુંબઈ અને ગુજરાત રાજ્યના આત્મહત્યા અંગેના અગાઉના અભ્યાસોને જોતાં જણાયું કે, પોલીસ-અધિકારીઓ દ્વારા નોંધાતી માહિતી ઘણી જ અધૂરપવાળી અને અપૂરતી હતી. આથી આ અભ્યાસમાં જેઓએ આત્મહત્યા કરી હતી તેમાંના 41ના સંબંધીઓ પાસેથી સંશોધકોએ માહિતી મેળવી હતી. જેમાં 17 પુરુષો અને 24 સ્ત્રીઓ હતી પરિણીત સ્ત્રીઓના કિસ્સામાં પિયર પક્ષના અને સાસરી પક્ષના એમ બંને તરફનાં સગાંઓને મળીને માહિતી મેળવી હતી. આ આત્મહત્યા કરનાર વ્યક્તિઓએ ઝેરી પદાર્થ / ઍસિડ પીને, ગળે ફાંસો ખાઈને, બળી જઈને, કૂવામાં પડીને, ઊંચાઈ પરથી પડી જઈને, દારૂના વધારે સેવનથી આત્મહત્યા કરી હતી. આ આત્મહત્યાઓના કિસ્સાઓમાં માંદગી અને નબળાઈ, માનસિક બીમારી, કુટુંબના સભ્યો દ્વારા સતામણી, નિઃસંતાનપણું, પ્રેમમાં નિષ્ફળતા, કામના સ્થળે સતામણી, દારૂનું વ્યસન, નાણાં ધીરનાર કે દારૂ ગાળનારાઓની ધમકીઓ, બી.એડ્.માં પ્રવેશ ન મળવો, બેકારી આત્મહત્યાનાં કારણો હતાં. અભ્યાસમાં આ કિસ્સાઓનું ક્રમશઃ વર્ણન કર્યું છે.

એ જ રીતે જેઓએ આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો પણ બચી ગઈ હતી એવી 15 સ્ત્રીઓ પાસેથી માહિતી મેળવવાનું સંશોધકોએ નક્કી કર્યું હતું. આ બધી જ યુવાન પરિણીતાઓ હતી. તેઓ પતિ કે સાસરિયામાંથી પોતાની જાતને બચાવવા માટે આશ્રયગ્રહમાં આવી હતી. આ સ્ત્રીઓના કિસ્સાઓમાં લગ્નનો પ્રકાર, પ્રેમલગ્ન, વય-તફાવત, વંધ્યત્વ / દીકરો ન હોવો, દારૂડિયો પતિ, પતિનો શંકાશીલ સ્વભાવ, સ્ત્રીઓને માતા-પિતા તરફના ટેકાનો અભાવ આત્મહત્યાનો પ્રયત્ન કરવા માટેનાં કારણો હતાં. અભ્યાસમાં આ કિસ્સાઓનું પણ ક્રમશઃ વર્ણન કર્યું છે.

આ રીતે આ અભ્યાસ મુખ્યત્વે પોલીસોની નોંધમાંથી પ્રાપ્ત કરેલી દ્વૈતીયીક માહિતી પર આધારિત હતો અને તેમાં ઉપર દર્શાવેલા બે અલગ - અલગ પ્રકારના ઉત્તરદાતાઓ પાસેથી મેળવેલી પ્રાથમિક માહિતી પણ ઉમેરી હતી. પ્રસ્તુત અભ્યાસ માટેની તમામ માહિતી

પ્રાપ્ત કરવામાં લગભગ બે વર્ષનો સમય લાગ્યો હતો. અભ્યાસના નક્કી કરેલા ચાર જિલ્લાનાં પોલીસ-સ્ટેશનોમાંથી 3150 કિસ્સાઓની માહિતી એકત્રિત કરી હતી.

આ અભ્યાસમાં સંશોધકોએ 2004-2005 અને 1960-1964ના અભ્યાસ પ્રમાણે આત્મહત્યાના કિસ્સાઓનું વૈવાહિક દરજ્જા, વય, શિક્ષણ, ધર્મ, જ્ઞાતિ / કોમ તેમજ લિંગ આધારિત વર્ગીકરણો કરી તુલનાત્મક રીતે કોષ્ટકો દર્શાવ્યા છે. આ અભ્યાસમાં આત્મહત્યાના સિદ્ધાંતો, આત્મહત્યાનો દર, આત્મહત્યાને લગતી ગેરસમજ અને આત્મહત્યાના અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ વિશેની માહિતી પણ દર્શાવી છે.

અભ્યાસના સંશોધકોએ ઉપલબ્ધ માહિતીનાં કેટલાંક નિરીક્ષણો પણ દર્શાવ્યાં છે, જેવાં કે (1) પોલીસ વિભાગ કમ્પ્યૂટર, મોબાઈલ, ઈ-મેઇલ વગેરે જેવાં આધુનિક સંચાર-માધ્યમોનો ઉપયોગ કરવા છતાં હજુ પણ તેની જૂનીપુરાણી ઢબે જ માહિતી મેળવે છે. (2) રજિસ્ટરો અને રેકોર્ડમાં વપરાતી ભાષામાં પણ સંસ્કારિતાનો અભાવ જણાયો હતો. જે વ્યક્તિ મૃત્યુ પામી છે તેના માટે ગુજરાતીમાં 'મરણજનાર' જેવા શબ્દનો ઉપયોગ જોઈને સંશોધકોને નવાઈ લાગી હતી. (3) આત્મહત્યા અંગેના કિસ્સાઓની માહિતી જેમાં એકઠી કરવામાં આવી હતી તેનો કોઈ નિશ્ચિત ઢાંચો ન હતો. આ બાબત, ગુના અંગેની તમામ માહિતી અંગે સાચી હતી (2011 : 24).

આ અભ્યાસનાં મુખ્ય તારણો આ પ્રમાણે છે : અભ્યાસનાં મુખ્ય તારણો (2011 : 141-14) : (1) આત્મહત્યાના કુલ 3150 કિસ્સાઓમાં પુરુષોના 60.4% (2/3થી થોડા ઓછા) અને સ્ત્રીઓના 39.6% (1/3થી થોડા વધારે) કિસ્સાઓને અભ્યાસમાં સમાવ્યા હતા. (2) આત્મહત્યાનો ભોગ બનનારાઓમાં હિન્દુઓ ઘણી વધારે સંખ્યામાં (95.1%) હતા, જ્ઞાતિ મુજબની માહિતી પૂરતા પ્રમાણમાં ન હતી. આમ છતાં પણ ઉચ્ચજ્ઞાતિના 34.0% અને અન્ય પછાત જ્ઞાતિના 26.4% હતા. (3) વય મુજબની માહિતી દર્શાવે છે કે 10-24 યુવાન વયજૂથમાં 40.8% સ્ત્રીઓની સામે 24.4 પુરુષોના કિસ્સાઓ હતા. તેની સામે 35-54 વર્ષની પ્રૌઢ વયજૂથમાં સ્ત્રીઓ (20.9%) કરતાં પુરુષો (35.2%) વધારે હતા. (4) પચાસ વર્ષ પહેલાં આત્મહત્યા કરનાર વૃદ્ધો કરતાં આજે ઓછા વૃદ્ધો આત્મહત્યા કરે છે કે જ્યારે જીવનની અપેક્ષિત આયુષ્યમર્યાદા વધી છે. 1964ના અભ્યાસમાં 55-64ની વૃદ્ધ વ્યક્તિઓમાં 12.8%ની સામે વર્તમાન અભ્યાસમાં માત્ર 5.1% કિસ્સા છે (5) પ્રસ્તુત અભ્યાસ દર્શાવે છે કે આત્મહત્યાનો દર શિયાળામાં (6.9%) અને ચોમાસામાં (6.2%) કરતાં ઉનાળામાં ઊંચો (8.13%) હતો. પણ પુરુષો અને સ્ત્રીઓ માટે એ સુસંગત નથી. (6) આત્મહત્યાના 44.3% કિસ્સાઓના સમય અંગેની માહિતી ન હતી. જે કિસ્સાઓની માહિતી પ્રાપ્ય હતી, તેમાં સાંજના સમય કરતાં સવારના સમયે આત્મહત્યા કરવાનું વધારે વ્યક્તિઓ પસંદ કરતી હોવાનું જણાયું છે. જોકે આ માટે કોઈ અર્થપૂર્ણ સમજૂતી આપી શકાય તેમ નથી. (7) આત્મહત્યાની જગ્યા અંગેની માહિતી પણ અપૂરતી હતી. કુલ કિસ્સાના 69.2%માં આ અંગેની માહિતી પ્રાપ્ય ન હતી. જે કિસ્સાઓ અંગે માહિતી પ્રાપ્ય હતી તેમાંથી મોટાભાગનાએ (26.2%) ઘરમાં જ આત્મહત્યા કરી હતી. (8) આત્મહત્યાની રીત અંગેની માહિતી ઘણે અંશે પૂરતી હતી. એવું જોવા મળ્યું છે કે ઝેર પી લેવું (35.3%), ગળે ફાંસો ખાઈ લેવો (30.7%) અને બળી જવું (15.6%) – એ ત્રણ પદ્ધતિનો ઉપયોગ આત્મહત્યાનો ભોગ બનનારાઓએ કર્યો હતો. જોકે બળી મરવું એ પુરુષોમાં (8.9%) સામાન્ય ન હતું જેટલું સ્ત્રીઓમાં (25.8%) હતું. અગાઉના અભ્યાસમાં ડૂબી જવું કે કૂવામાં પડી જવું એ મુખ્ય પદ્ધતિ (47.7%) હતી. (9) આજકાલ નશીલી દવાનું ઈન્જેક્શન લેવું, વીજળીના જીવંત વાયરને અડવું અને એવી અન્ય પદ્ધતિઓ સામાન્ય બની છે. પ્રસ્તુત અભ્યાસના કિસ્સાઓમાં તેનો ઉપયોગ નહિવત જોવા મળ્યો છે.

આત્મહત્યા કરવા માટે કારણો (2011 : 143-146) : (1) માનવ-વર્તણૂક જટિલ છે. એક વ્યક્તિગત

કૃત્ય વ્યક્તિની / સ્ત્રી કે પુરુષની પોતાની ઇચ્છા પર આધારિત છે. છતાં ઘણી વ્યક્તિઓ, જૂથો, પરિબળો / પરિસ્થિતિઓ વ્યક્તિને કોઈ ચોક્કસ રીતે કામ કરવા માટે મદદ કરે, રોકે, લલચાવે, ફરજ પાડે, દબાણ કરે કે મૂર્ખ બનાવે તેવું બને. વ્યક્તિનું વર્તન તત્કાલીન ઉત્તેજનાના પ્રતિભાવ રૂપે હોય અથવા એક લાંબા સમયગાળા દરમિયાન બનેલી ઘટનાઓની હારમાળાના પ્રતિભાવ રૂપે હોઈ શકે છે. (2) જ્યારે પોલીસ-અધિકારીઓ આત્મહત્યાના કિસ્સાઓ અંગેની માહિતી એકઠી કરે છે ત્યારે તેઓએ એ માહિતી માટે આત્મહત્યાનો ભોગ બનનારાં સગાંઓ, મિત્ર, પડોશીઓ, સહકાર્યકરો, માલિક અથવા એ સમયે હાજર હોય તેમણે આપેલી વિગતો અને આત્મહત્યા કરનારે આત્મહત્યા કરતાં પહેલાં લખેલી નોંધ (જો હોય તો) પર આધારિત રહેવું પડે છે. માહિતી આપનારાઓએ પૂરાં પાડેલાં કારણો કે મૃત્યુ પહેલાંની આત્મહત્યાની નોંધ એ તાત્કાલિક માહિતી હોઈ શકે છે, પરંતુ એ મુખ્ય અથવા તો સાચું કારણ ન પણ હોય. આવી મર્યાદાઓ હોવા છતાં આત્મહત્યા કરનાર અંગેની માહિતી મેળવવા માટે પોલીસની નોંધ એ એકમાત્ર ઉપલબ્ધ સ્રોત છે. (3) પોલીસ-સ્ટેશનમાંથી પ્રાપ્ત થયેલી માહિતીમાં કુલ કિસ્સાઓના 43.6%નાં કારણો દર્શાવ્યાં નથી. બાકીના કિસ્સાઓમાંથી 29.6% એ શારીરિક અને માનસિક બીમારીને કારણે આત્મહત્યા કરી હતી. જેમાં ભોગ બનેલા બંને સ્ત્રી અને પુરુષોના પ્રમાણમાં ખાસ તફાવત નથી. પછીનું મહત્ત્વનું કારણ કૌટુંબિક અને લગ્નજીવનને લગતી સમસ્યાઓને આવરી લે છે. આ શ્રેણીમાં સમાવેલાં કારણોને લીધે આત્મહત્યા કરનારાઓમાં પુરુષ (12.3%) કરતાં સ્ત્રીઓ (26.9%) વધારે છે. (4) વય મુજબ જોઈએ તો યુવાન વયજૂથમાં (15-19, 20-24, 25-29 અને 30-34)માં સમાવિસ્ટ સ્ત્રીઓએ મોટેભાગે વૈવાહિક અને કૌટુંબિક જીવન સાથે સંબંધિત કારણોને લઈને આત્મહત્યા કરી છે. આ કારણોને લઈને આત્મહત્યા કરનારા આ વયજૂથમાં આવતા પુરુષોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. વય વધવા સાથે શારીરિક અને માનસિક બીમારીના કિસ્સાઓ વધારે જણાય છે. (5) જિલ્લા મુજબની માહિતીમાં જણાયું છે કે જૂનાગઢ (32.8%) અને ભાવનગરમાં (39.3%) કુટુંબ અને લગ્નજીવનની સમસ્યાને લીધે આત્મહત્યા કરનારી સ્ત્રીઓની સંખ્યા ઘણી વધારે હતી. જ્યારે અમદાવાદ અને સુરત જિલ્લામાં તેમની સંખ્યા અનુક્રમે 26.9% અને 15.3% હતી. (6) સંશોધકોએ પંદર સ્ત્રીઓ અને 41 આત્મહત્યાનો ભોગ બનનારાઓનાં નજીકનાં સગાંઓ પાસેથી મુલાકાત પર આધારિત માહિતી મેળવી ત્યારે એમને જણાયું કે આત્મહત્યા કે આત્મહત્યાના પ્રયત્ન માટેના મુખ્ય કારણ પર અંગુલિનિર્દેશ કરવો મુશ્કેલ હતો. મુલાકાત પર આધારિત માહિતી પણ બતાવતી હતી કે જેણે આત્મહત્યાનો પ્રયત્ન કર્યો કે એ અંગે વિચાર્યું તે સ્ત્રી પોતે જ તેનાં કારણ કે કારણો અંગે સ્પષ્ટ ન હતી કે કોણે તેને આત્મહત્યા અંગે વિચારવા પ્રેરી અથવા તો તે હેતુપૂર્વક કે જાણી જોઈને સાચાં કારણો છુપાવવા ઇચ્છતી હતી. (7) અભ્યાસના લગભગ બધા જ કિસ્સાઓમાં ઘણાંબધાં પરિબળો કે પરિસ્થિતિઓ સંકળાયેલાં હતાં. કેટલાક પશ્ચાદ્ભૂમાં રહેલા હોય તો કેટલાક છેલ્લું કારણ પૂરું પાડવાની ભૂમિકા અદા કરી હોય કે છેલ્લી ચિનગારી ચાંપવાની ભૂમિકા ભજવી હોય. (8) આત્મહત્યા અંગેના આ અભ્યાસમાં એવું પણ જોવામાં આવ્યું હતું કે પુત્રીએ આત્મહત્યા કરી હોય (હકીકતમાં તેનું ખૂન થયું હોય) પણ માતા-પિતા કે ભાઈ શોક પ્રદર્શિત કરતા નથી, કારણ કે પુત્રીએ પ્રેમલગ્ન કર્યું હતું. Honour Killingમાં પંચાયતના આદેશ દ્વારા જ્ઞાતિના ધોરણ વિરુદ્ધ લગ્ન કરનારને મારી નાખે છે ત્યારે માતા-પિતા પણ તેમાં સાથ આપે છે અથવા શાંત રહે છે.

આત્મહત્યાના નિષ્કર્ષાત્મક અવલોકનો (2011 : 146-150) - (1) ગુજરાત અને વિસ્તૃત સ્તરે ભારત પણ જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, પ્રદેશો, સંપ્રદાયો, ભાષા અને ધર્મ પર આધારિત અનેક સામાજિક જૂથોનું બનેલું છે. આ જૂથો જન્મ પર આધારિત હોવાથી વ્યક્તિઓ જે જૂથમાં જન્મી હોય એ જૂથને જીવનપર્યંત છોડી શકતી નથી. જ્ઞાતિજૂથ કોટિક્રમિક છે અને આથી દરજ્જામાં

અસમાન છે. આ જ્ઞાતિ/કોમ/ભાષા આધારિત જૂથો જન્મગત છે. તેઓ ખંડીય હોવાથી સાંસ્કૃતિક રીતે એકબીજાથી અલગ પડે છે. આવાં બંધ સામાજિક જૂથોને લઈને સંમિલિત સમાજ (inclusive society)નો ઉદ્‌ભવ મુશ્કેલ બને છે અને આત્મહત્યા સમેત કોઈ પણ સામાજિક સમસ્યાનો ઉકેલ મુશ્કેલ બને છે, કેમ કે બધી જ સામાજિક સમસ્યાઓ જુદાં જુદાં સામાજિક જૂથોને જુદી જુદી રીતે અસર કરતી હોય છે. ભારતમાં અનેક બંધ સામાજિક જૂથોને લઈને આત્મહત્યા સમેત કોઈ પણ સામાજિક સમસ્યાનો ઉકેલ મુશ્કેલ બને છે. (2) આત્મહત્યા અને આવી બધી સામાજિક સમસ્યાઓ મોટેભાગે સમાજની આંતરિક વ્યવસ્થાની ગતિશીલતાનું પરિણામ છે. આથી અન્ય કોઈ દેશને કે બહારની કોઈ અસરોને સામાજિક સમસ્યાઓ માટે જવાબદાર ઠેરવીને તેના ઉકેલો કે નિવારણ સમાજ-વ્યવસ્થાની બહાર શોધવા એ ખોટું છે. (3) સ્ત્રીઓ તેમજ આત્મહત્યાનો ભોગ બનનારનાં સગાંઓની મુલાકાતમાંથી પ્રાપ્ત થયેલી માહિતીને આધારે આત્મહત્યાના કિસ્સાઓને વ્યાપક રીતે બે પ્રકારમાં વહેંચી શકાય : (અ) અન્ય કોઈ વ્યક્તિઓ, જૂથો, સામાજિક ધોરણો કે વ્યવહારના દબાણને કારણે આત્મહત્યા કરી હોય તેવી વ્યક્તિઓ અને (બ) પોતાની જ અસમર્થતા કે નિષ્ફળતાનો ભોગ બની હોય અને આત્મહત્યા કરી હોય તેવી વ્યક્તિઓ. આ બે પ્રકાર જે તે સમાજની તેના સભ્યોને અપાતી / ન અપાતી સાપેક્ષ સ્વતંત્રતા પર આધાર રાખે છે. જે સમાજ પ્રમાણમાં વધારે અસમાન અને બંધ જૂથોનો બનેલો હોય તે સમાજ તેના સભ્યોને ઘણી ઓછી સ્વતંત્રતા આપે છે. આવો સમાજ વ્યક્તિઓના ભોગે જૂથોને સર્વોપરીતા આપે છે. (4) કુટુંબના સભ્યો સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા યુવાનોને એવી રીતે કેળવે છે કે જેથી તેઓમાંના ઘણાખરા તેઓના વડીલોએ કરેલા નિર્ણયોને સ્વીકારે છે અને ફરિયાદ નથી કરતા, પણ કેટલાક માટે સમસ્યા ઊભી થાય છે અને તેમના સંદર્ભમાં તેમના વડીલોના નિર્ણયો સારી રીતે કારગત નથી નીવડતા. આવું છોકરીઓના કિસ્સામાં બનવાની શક્યતા વધારે છે, કારણ કે જો થોડીઘણી પણ સ્વતંત્રતા આપવામાં આવે છે તો એ છોકરાઓને આપવામાં આવે છે, છોકરીઓને નહીં. આથી સંશોધકોએ જોયું કે ઘણી નાની વયે થતા વૈવાહિક વિખવાદને લીધે છોકરાઓ કરતાં છોકરીઓ વધારે આત્મહત્યા કરે છે. (5) ભૌતિક સંસ્કૃતિ (મોબાઈલ, લૅપટૉપ, ઈ-મેઈલ)નો જે ઝડપથી સ્વીકાર થાય છે એ ઝડપથી સ્વતંત્રતા, સમાનતા, બિનસાંપ્રદાયિકતા, આધુનિક સમાજની શિસ્ત, વ્યક્તિગત જવાબદારી વગેરે મૂલ્યોનો સ્વીકાર થતો નથી. (6) સામાન્ય રીતે અનેક દાખલાઓમાં સ્વતંત્રતા અને સમાનતા જેવાં મૂલ્યો આંશિક રીતે સ્વીકારાય છે અને એ પણ સમસ્યા સર્જે છે. દા.ત., યુવાન છોકરાઓ અને છોકરીઓને સ્વતંત્રતા માણવી ગમે છે પણ તેની સાથે સંકળાયેલી જવાબદારીઓ ઉપાડવી ગમતી નથી. (7) વર્તમાન સમયમાં સામાજિક જીવનની વધતી જતી જટિલતાઓ સાથે વ્યક્તિઓ વધુ ને વધુ કર્મકાંડો/વિધિવિધાનો અને સામાજિક ઘટનાઓની અબૌદ્ધિક સમજૂતી પર આધાર રાખવા લાગી છે. આથી સામાજિક સમસ્યાનો સામનો કરવા માટેની શક્ય પ્રયુક્તિઓને શોધવામાં નિષ્ફળ જાય છે. જે ખરેખર તો અસ્તિત્વમાં રહેલી સામાજિક વાસ્તવિકતાની નીપજ હોય છે. (8) માનસિક દર્દીઓ માટે ભૂવા, સાધુ, ફકીરો દ્વારા મળતી ચમત્કાર / દૈવી સારવાર આજે પણ ઘણી સામાન્ય બાબત છે. પરિણામે આવા દર્દીઓ સાજા થતા નથી અને કેટલાક આત્મહત્યા કરે છે. (9) લગ્નમાં જીવનસાથીની પસંદગીની બાબતમાં મહત્ત્વનો નિર્ણય લેવા માટે સ્વતંત્રતા પૂરી પાડવા અંગે અગાઉના સર્વેક્ષણ (1966 : 58)ના લેખકોએ પણ સૂચન કર્યું હતું. આમ છતાં પચાસ વર્ષ પછી પણ આ અભ્યાસના સંશોધકોએ જાણ્યું કે પરિસ્થિતિમાં ખાસ સુધારો થયો નથી. તેનાથી વિપરીત આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નોનો સંગઠિત પ્રતિકાર વધ્યો છે. હિન્દુ અને મુસ્લિમ કોમ લગ્નવાંચ્છુ યુગલોને તેમની પસંદગીનાં લગ્ન કરતા અટકાવે છે, ત્યારે રાજકીય પક્ષો, પોલીસો અને નાગરિક સમાજ મૂક પ્રેક્ષકો બની રહે છે. (10) લગ્ન, કુટુંબ, નોકરી / કારકિર્દી, દર્દીઓ, કાનૂની સેવા વગેરે માટેના સલાહકારોએ, વિશેષજ્ઞો/તજ્જ્ઞો તેમજ

સ્વૈચ્છિક સંસ્થાઓ કે જેઓ તેમના ક્ષેત્રમાં વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે તેઓએ તેમનું કામ, તેમની પાસે આવનારાઓ માટે નિષ્ઠા, જવાબદારી, સહાનુભૂતિ અને કરુણા સાથે સતત કરતાં રહેવું જોઈએ.

આ અભ્યાસનો ઉદ્દેશ અગાઉ થયેલા અભ્યાસને અનુસરવાનો હતો. આ અભ્યાસમાં આત્મહત્યા કરનાર સ્ત્રી-પુરુષની સંખ્યા અને તેમના વિશે ઝીણવટભરી માહિતી રજૂ થઈ છે. તેની વિગતોનું સમાજશાસ્ત્રીય પદ્ધતિએ પૃથક્કરણ થયું છે અને અનેક કારણો તરફ નિર્દેશ થયો છે. આમ છતાં 20થી 35 વર્ષની વયજૂથનાં સ્ત્રી-પુરુષોને તેમનાં મૃત્યુ તરફ ધકેલતાં સવિશેષ તત્ત્વો સામે આંગળી ચીંધાઈ નથી તેવું આ અભ્યાસના લેખકોને લાગ્યું છે. આત્મહત્યા કરનાર 41 વ્યક્તિઓનાં સગાંઓની મુલાકાતને સૂક્ષ્મતાથી તપાસવાની જરૂર તેમણે જણાઈ હતી.

આત્મહત્યા સહિત આપણી સામાજિક સમસ્યાઓની આલોચનાત્મક સમજૂતીમાં એક મહત્ત્વની મુશ્કેલી એ છે કે આપણે આપણી ભૂતકાલીન સંસ્કૃતિની વધારે પડતી પ્રશંસા કરીએ છીએ. સૌરાષ્ટ્રની યુવાન પરિણીતાઓ તરફ અમાનવીય વર્તન વ્યવહારના ઘણા કિસ્સાઓથી પુષ્પાબહેન મહેતા વ્યથિત થયાં હતાં. ત્યારે તેમણે 'પંથભૂલ્યાં' પુસ્તકમાં પોતાના વિચારો રજૂ કરતાં લખ્યું હતું, ''ઘણી વાર વિચાર થાય છે કે જે દેશનો ભૂતકાળ ભવ્ય હતો, જેની સંસ્કૃતિએ બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણને સર્જ્યા, જેના સાહિત્યનો અને ફિલસૂફીનો જોટો નથી, એ રાષ્ટ્રે, એ સંસ્કૃતિએ, એ ફિલસૂફીએ સ્ત્રીને આટલી નીચી કેમ ગણી ?'' (મહેતા : 2005 : 42). પુષ્પાબહેન મહેતાના વિચારોએ સમયની પ્રચલિત વિચારસરણી અને રીત-રિવાજોથી અસર પામેલા હતા, પણ આવી વિચારોની આપવડાઈ (self-adulatory)ની પ્રક્રિયામાંથી બહાર આવવું અને આપણી સમસ્યાઓનો સમતોલપણે અને હિંમતપૂર્વક સામનો કરવો એ આપણા માટે જરૂરી છે.

**નિષ્કર્ષ**

ભારતમાં ઘરેલુ હિંસા પ્રચલિત હોવાનાં કેટલાંક કારણો આ પ્રમાણે છે : (1) કુટુંબમાં હિંસાને પૂરતા પ્રમાણમાં અનુમોદન આપવામાં અને સહન કરવામાં આવે છે. (2) પત્ની સાથે મારઝૂડ કરવી એની સામાજિક સ્વીકૃતિ અને (3) કુટુંબની અંદર હિંસા એ સમાજમાં હિંસક વ્યવહારના વ્યાપક ધોરણોનું પ્રતિબિંબ છે.

મોટાભાગે ઘરેલુ હિંસા પર થયેલા અભ્યાસો નાના ગુણાત્મક અભ્યાસો પર અથવા નાના નિદર્શ કદના સંખ્યાત્મક અભ્યાસો પણ આધારિત છે. માત્ર ભારત સરકારના ગૃહમંત્રાલયના રાષ્ટ્રીય અપરાધ રેકૉર્ડ બ્યુરો દ્વારા મોટા સ્તરે સ્ત્રીઓ પર હિંસાના અભ્યાસો થયા છે. આ બ્યૂરોના રેકોર્ડ્સ પ્રમાણે 1991થી 1995ના સમયગાળામાં 71.5 ટકા દહેજ મૃત્યુ અને સ્ત્રીઓ પર કરાતા ત્રાસના બનાવોમાં આઘાતજનક વધારો થયો હતો. 1995માં નોંધાયેલા બધા કેસોમાંથી સ્ત્રીઓ પર થયેલા અનેક અપરાધોમાં ત્રાસનું પ્રમાણ 29.2 ટકા હતું.

1998-1999માં ભારતમાં એન. એફ. એચ. એસ.-2 સર્વેક્ષણ કરવામાં આવ્યો. આ સર્વેક્ષણ એક મોટા પાયાનો અભ્યાસ હતો. તે મુજબ 61 ટકા સ્ત્રીઓ તેમના પતિ તેમને મારે છે એ બાબત યોગ્ય માનતી હતી. આ બાબતથી ફલિત થાય છે કે ભારતીય કુટુંબોમાં પુરુષની સત્તાને સ્વીકારવામાં આવે છે. જેનાથી મારઝૂડને અભ્યાસની મહિલાઓ યોગ્ય માનતી હતી. મારઝૂડ, ધક્કો-મારામારી વગેરે સામાજિક બનાવોનાં કારણોને અટકાવવા માટે તેનાં કારણો સમજવાં જરૂરી છે.

સ્ત્રીઓ પર થતી હિંસાને સમજવા માટે અનેક અભ્યાસો તો થાય છે, પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ તેનાં સ્પષ્ટ કારણો સમજવા માટે પ્રાપ્ત કારણો પૂરતાં નથી. અમુક સ્ત્રીઓ હિંસાની કેમ વધુ ભોગ બને છે તે સમજવા માટે કોઈ ચોક્કસ વ્યક્તિગત કે મનોભાવ સંબંધિત લાક્ષણિકતાઓ ઓળખી શકવું શક્ય નથી. (નૅશનલ રિસર્ચ કાઉન્સિલ, 1996).

સામાન્ય ભારતીય સ્ત્રીનું જીવન રીવાજો, પૂર્વગ્રહો, ટેવો, ધોરણો, મૂલ્યો અને અલિખિત આચારસંહિતા દ્વારા સંચાલિત થાય છે. કાયદાકીય જટિલતાની સાથે સાથે

આવી સામાજિક વાસ્તવિકતા એક સામાન્ય સ્ત્રીના જીવનને અસુરક્ષિત અને લાચાર બનાવી દે છે.

સામાન્ય રીતે પુરુષો તેઓની પોતાની નિષ્ફળતાઓ / મર્યાદાઓ (જેવી કે પ્રેમ, લગ્ન, ધંધો, નોકરી મેળવવામાં નિષ્ફળતા, દેવું ભરપાઈ કરવાની અસમર્થતા વગેરે)ને લીધે આત્મહત્યા કરે છે, જ્યારે સ્ત્રીઓ અપૂરતું દહેજ (સાસરિયાંની દૃષ્ટિએ), બાળકો ન હોવાં, દીકરાને જન્મ ન આપી શકવું, પતિ કે સાસરિયાંઓ તરફથી થતા સતત ત્રાસને સહન કરવાની અસમર્થતા જેવી કૌટુંબિક સમસ્યાઓને લીધે આત્મહત્યા કરે છે અથવા તો કેટલાક કિસ્સાઓમાં તેમને આત્મહત્યા કરવી જ પડે છે.

જુદી જુદી હિંસાના કૃત્યને દંડિત કરવા માટે ભારતીય સંસદે 23 જૂન 2005માં 'પ્રોટેક્ટિંગ ઑફ ડોમેસ્ટિક વાયોલન્સ ઍક્ટ' ઘડ્યો છે. આ કાયદા મુજબ સ્ત્રીઓને કોઈ પણ પ્રકારની હિંસાથી સુરક્ષા આપવામાં આવે છે. તેમાં ખાસ કરીને દહેજ ઉત્પીડનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પણ શારીરિક જાતીય, મૌખિક, લાગણીજનય અથવા આર્થિક, જેમાં દહેજ સંબંધિત ત્રાસ અંગેની ધમકીને કાયદામાં અપરાધ ગણવામાં આવે છે. પરંતુ દહેજ અને ઘરેલુ હિંસાને આજે પણ સમાજ તરફથી અલિખિત સ્વીકૃતિ છે.

'સ્ત્રીઓના અધિકાર માનવ અધિકાર છે.' એવું સ્ત્રીઓના સશક્તિકરણ માટે બીજીંગમાં આયોજિત મહિલા આંતરરાષ્ટ્રીય સંમેલનમાં સ્વીકારવામાં આવ્યું હતું. માનવ અધિકારો, કાયદાઓ, સૈદ્ધાંતિક રીતે અનેક પ્રકારના માપદંડો, ભારત સરકાર દ્વારા અનેક નીતિઓની ઘોષણા બંધારણીય બાંહેધરીના આધારે સ્ત્રીઓની સુરક્ષા અને અટકાયતી પગલાંની જાહેરાત કરવામાં આવે છે. જેનાથી સ્ત્રીઓને સમાન અધિકાર અને ઊંચો દરજ્જો મળી શકે, પરંતુ વાસ્તવમાં કુટુંબ અને સમાજમાં સ્ત્રીઓને ઉપરોક્ત બધી સગવડો આપવા છતાં પણ મહિલાઓના અધિકારોનું રક્ષણ અને સલામતી અસરકારક પુરવાર થઈ નથી. સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, સમાનતા અને આત્મગૌરવની ભારતીય બંધારણ દ્વારા બાંહેધરી આપવા છતાં ભારતમાં લાખો સ્ત્રીઓ જાતીય હિંસા અને અન્ય પ્રકારની હિંસાની રોજબરોજ ભોગ બને છે. સ્ત્રીઓ પુરુષ જાતિ દ્વારા પીડિત થાય છે, જેમાં પતિ, સગાં અથવા મિત્રોનો સમાવેશ થાય છે (ચૌહાણ : 2017).

સંયુક્ત રાષ્ટ્રોનો અહેવાલ જણાવે છે કે, સ્ત્રીઓ વિશ્વની અડધી વસ્તી ધરાવે છે, બે તૃતીયાંશ જેટલો સમય તેણી કામ કરે છે, તેમ છતાં તેઓ વિશ્વની દશમા ભાગની મિલકત મેળવે છે અને વિશ્વની મિલકતનો સોમો ભાગ ધરાવે છે.

યોગેન્દ્ર સિંગ (1973) ભારપૂર્વક કહે છે કે એક વિભાગ તરીકે સ્ત્રીઓ ભારતીય સમાજમાં વંચિત અને ભેદભાવનો ભોગ બની છે. હકીકતમાં આપણી વાતચીતમાં આપણે એવો ઉલ્લેખ કરીએ છીએ કે સ્ત્રીઓની અસ્મિતા છે જ નહિ અને પુરુષોમાં જ એ સમાઈ જાય છે. પુરુષપ્રધાન શબ્દકોશમાં સ્ત્રીઓ ક્યાંય નથી.

ઇંદુ પ્રકાશ સિંહ (1988, 1989 અને 1990) નોંધે છે કે ભારતીય સમાજમાં સ્ત્રી એક બંધનમાં છે, જે સંસ્થાઓ તેમના જીવન અને હિતની સુરક્ષા કરે છે, એ જ સંસ્થાઓએ તેમને કેદ કર્યાં છે. આ સંસ્થાઓ છે : કુટુંબ, લગ્ન, ધર્મ, શૈક્ષણિક સંસ્થાઓ, રોજગાર આપતાં સંગઠનો, મોટાં રાજકીય માળખાંઓ, કાનૂની કાર્યવાહી વગેરે. સર્વ પ્રકારના જુલ્મનાં સ્વરૂપો જેવાં કે બાળલગ્ન, બાળમૃત્યુ, જન્મ પૂર્વે મૃત્યુ, પત્ની પર દમન, સતિ, વૈધવ્ય, બહુપત્નીત્વ, જાતીયતાની પજવણી, શારીરિક કષ્ટ અથવા જુલ્મ, માનસિક ત્રાસ, બળાત્કાર, વેશ્યાવૃત્તિ, આપઘાત વગેરે સ્ત્રીને પુરુષપ્રધાન સમાજમાં દુઃખી કરે છે અને પુરુષોને વધુ સત્તા આપે છે.

માર્ગારેટ મીડ (1971) એના ઉપસંહારમાં જણાવે છે કે આ તફાવત માટે જીવવિજ્ઞાન નહિ પરંતુ સામાજિક સ્થિતિ જવાબદાર છે. જાતીયતા (પુરુષ અને સ્ત્રી) એ શારીરિક વિભિન્નતાઓ છે. લિંગ (પુરુષત્વ/નારીત્વ) એ સામાજિક અને સાંસ્કૃતિક છે.

વર્તમાન સમયમાં કુટુંબની અંદર સ્ત્રીઓની સાથે થતો શારીરિક-માનસિક ત્રાસ, ઘરમાંથી કાઢી મૂકવાની ઘટના, દહેજ, પતિ-પત્નીના ઝઘડા, કંકાસ, છૂટાછેડા, બાળકોનો કબજો, ભરણપોષણના પ્રશ્નો,

દામ્પત્યજીવનની પુનઃસ્થાપના, આર્થિક સમસ્યા વગેરે પ્રશ્નોનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે. (ચૌહાણ : 2019)

સેક્સ (Sex) એ બાયૉલૉજિકલી છે જ્યારે જેંડર (Gender)ની રચના સામાજિક રીતે કરવામાં આવી છે. આપણા ત્યાં જેંડર અસમાનતા સમાજમાં નિમ્નસ્વરૂપે જોવા મળે છે : પહેલું, સરખી રીતે યોગ્યતાવાળી વ્યક્તિઓ માટે સ્ત્રીઓને સ્થાને પુરુષોને પસંદ કરવામાં આવે છે. બીજું, પુરુષો અને સ્ત્રીઓમાં જુદી જુદી શારીરિક, ભાવનાત્મક અને માનસિક ક્ષમતાઓ હોવાનું માનવામાં આવે છે. ત્રીજું, ભારતમાં શિક્ષિત મધ્યમવર્ગમાં દહેજપ્રથામાં વધારો થયો છે. ચોથું, 'દહેજના કારણે મૃત્યુ'ની સમસ્યા ભારતમાં ઊભરતા શહેરી મધ્યમવર્ગમાં સામાન્ય રીતે પ્રચલિત છે, તેનું કારણ ભારતમાં વારસાનો કાયદો (The Law of Inheritance) મહિલાઓ સાથે ભેદભાવપૂર્ણ છે. પાંચમું, આપણા દેશમાં વિભિન્ન કારણોથી ઉચ્ચ સ્ત્રી મૃત્યુદરનો સંખ્યાત્મક પ્રભાવ 'મિસિંગ વુમેન' સ્વરૂપે જોઈ શકાય છે. (આ વિભાવના નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને આપી છે.)

સામાજિક નારીવાદીઓના તર્ક છે કે જેંડર અસમાનતા સ્ત્રીઓને ઘરની જવાબદારી એટલે કે 'અવેતન ઘરગથ્થું પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની વ્યસ્તતા' સાથે આદર્શ સ્વરૂપે જોડાયેલી છે. જ્યારે સ્ત્રીને પોતાની પસંદગી મુજબનું જીવન જીવવાની સ્વતંત્રતા હોવી જોઈએ, તેવો મત ઉદારમતવાદી નારીવાદીઓનો છે. ઉદાર નારીવાદીઓનો દૃષ્ટિકોણ 'રાજ્ય' વિશે વધુ સ્પષ્ટ છે. તેમના મતે પુરુષોએ રાજ્યને પોતાના વશમાં કરી લીધું છે. રાજ્ય સંભવિત સ્વરૂપે તટસ્થ મધ્યસ્થ (arbiter) છે અને તેની પોતાની સ્ત્રીઓ વિશે કોઈ વિચારધારા નથી. તેથી સ્ત્રીઓએ રાજ્ય પર પોતાનો પ્રભાવ પાડવા કૂટનીતિ ઘડવી જોઈએ.

અહીં નારીવાદ વિશે એક નોંધવાની બાબત એ છે કે ભારતમાં આજના અનુ-આધુનિક યુગમાં નારીવાદ એની ચરમસીમાએ છે. છતાં અધિકાંશ સ્ત્રીઓનું સ્થાન પુરુષોની એડી હેઠળ છે.

ગુજરાતમાં છેલ્લા સાત દાયકાઓથી નારી-સંગઠનો અને તેના મહિલા-કર્મશીલોએ આત્મહત્યાના અભ્યાસો કરી આ દિશામાં સમગ્ર સ્ત્રીઓ તરફી આંદોલન શરૂ કર્યું છે, સ્ત્રીઓ સામેની હિંસા પ્રત્યે જાગૃતિ પેદા કરી છે અને લોકમત ઊભો કર્યો છે અને ગુનેગારોને દંડિત કરવા માટેની પ્રક્રિયામાં મહત્ત્વનાં પરિવર્તનો કર્યા છે.

આ નારીવાદી સંગઠનો અને એના અગ્રણીઓએ કરેલાં કાર્યો અને અભ્યાસોથી ગુજરાતની સ્ત્રીઓ તરફી આંદોલનની શરૂઆત અને વર્તમાનનું કાર્યક્ષેત્ર વધુ ખુલ્લાં પડે છે. ખરેખર આ ધ્યેયો માત્ર નારી સંગઠનોના જ નહીં પરંતુ સમગ્ર સમાજના અને રાજ્ય એટલે કે સરકારના હોવાં જોઈએ.

આ નારી-સંગઠનોનો સામાન્ય માણસથી લઈને સમાજના પ્રબુદ્ધ વર્ગ સુધીનાથી સવાલ છે કે જ્યારે સ્ત્રીને કુદરતી, આર્થિક અને સંસ્કૃતિના છેલ્લા ક્રમે બેસાડવામાં આવી હોય ત્યારે દેશમાં એક સમાનતાવાદી સમાજની રચના કેવી રીતે કરી શકાય છે ? જો સમાજની અડધી વસ્તી કાયમી ધોરણે ચિંતાતુર રહેશે, તો ભેદભાવનો ભોગ બનશે. પોતાના શારીરિક બાંધાને કારણે તેનું શોષણ થશે તો તે સમાજનો તંદુરસ્ત વિકાસ કેવી રીતે શક્ય છે ?

આ બધાં દૃશ્યો પિતૃસત્તાના બેવડા માપદંડ અને તેના આદર્શોની ઘુઘવટ દર્શાવે છે. આવી માર્મિક પરિસ્થિતિમાં સ્ત્રી પર થતા જુલમ અટકે પણ કેવી રીતે ? છેવટે, સામાજિકીકરણ અને કુટુંબના નિર્માણમાં, તેનું ગળું પુરુષના પંજામાં અટવાઈ ગયું છે. જેમાં પુરુષ માલિક છે અને સ્ત્રી ગુલામ છે, તેમાં ફક્ત પુરુષો જ નહીં પણ પિતૃસત્તાને કાંધ આપતી ઘરની અંદર બેઠેલી સાસુ અને નણંદના સંબંધમાં તેમની સત્તાના ગુરૂરમાં આછકલાઈ સ્ત્રીઓનું જૂથ પણ સંકળાયેલું છે.

હવે નારીવાદી આંદોલનો 50 ટકા અનામત, વ્યાવસાયિક શિક્ષણ, વારસાનો હક્ક, સામાજિક સુરક્ષા, આર્થિક આત્મનિર્ભરતા અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદારી મહિલાઓના સશક્તીકરણ માટે થવાં જોઈએ.

હવે આપણી અપેક્ષાઓ યુવાજૂથ તરફથી છે, જે તેમની માતા, બહેન, પત્ની અને પુત્રીનું સન્માન તેમના ઘરે પણ કરશે. આશા એવી દીકરીઓથી પણ રાખવામાં આવે છે કે જેમણે માતાનું નવું પદ ગ્રહણ કર્યું છે, જે નાનપણથી જ તેમના પુત્રોના કાનમાં સમાનતાનો મંત્ર ફૂંકશે અને બદલાયેલા આ પુરુષજૂથને સહકર્મી અને સાથીની જેમ દીકરીઓની સમાંતર ઊભા કરવાના તેમના પ્રયત્નોમાં સફળ થશે. ●

**સંદર્ભસૂચિ :**


1. આપઘાત તપાસ સમિતિનો અહેવાલ, મે 1960 - એપ્રિલ 1964. (ઑગસ્ટ 1966), સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ
2. Mead, Margaret, 9171), 'Sex and Temperament in Three Primitive Societies', New York : Dell.
3. Singh, Yogendra (1980), 'Social Stratification and Change in India', New Delhi : Manohar.
4. Guha, Ranjit (Ed.) (1982), 'Subaltem Studies : Writings on South Asian History and Society.' New Delhi : Oxford University Press India.
5. Raval, R. L. (1987), 'Socio-Religious Movements in Gujarat during the Nineteenth Century', New Delhi : ESS ESS Publication.
6. Singh Indu Prakash (1988), 'Women's Oppression, Men Responsible', Delhi : Renaissance Publishing House.
7. Singh Indu Prakash (1989), 'Women, Law and Social Changea in India', New Delhi : Radiant Publishers; London : Sangam Books.
8. Singh Indu Prakash (1990), 'Indian Women : The Captured Beings', New Delhi : Intellectual Publishing House.
9. પાઠક ઇલા (2001), 'સ્ત્રી વિરુદ્ધ કુટુંબમાં થતા અત્યાચારને પરિણામે : ગુજરાતમાં ફોજદારી ન્યાયિક પ્રક્રિયાનું પદ્ધતિસરનું સંશોધન અને વિશ્લેષણ', અવાજ, અવાજ-કુંજ, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ.
10. મહેતા, પુષ્પાબહેન (2005), 'પંથભૂલ્યાં : આપઘાતની સમસ્યા વિશે સર્વગ્રાહી ચિંતન', વિકાસ વિદ્યાલય, વઢવાણ સિટી, જિ. સુરેન્દ્રનગર.
11. મસીહી, એડવિન; પાઠક, ઇલા અને ત્રિવેદી, નલિની (2011), 'ઓલવાયેલા દીવા ગુજરાતમાં આત્મહત્યાનો અભ્યાસ', અવાજ, અમદાવાદ.
12. મસીહી, એડવિન (જાન્યુઆરી 2013), 'ગુજરાતમાં કુટુંબવ્યવસ્થા : સામાજિક સંસ્થાઓના સંદર્ભમાં', સમાજકારણ, વર્ષ-6, અક-3.
13. ચૌહાણ, પરેશ (જુલાઈ 2017), 'માનવ અધિકારો અને ભારતીય સ્ત્રીઓ', સમાજકારણ, વર્ષ-11, અક-2.
14. ચૌહાણ, પરેશ (2018), 'ગુજરાતની ફૅમિલી કોર્ટ્સના કિસ્સાઓ', અપ્રકાશિત પીએચ.ડી. શોધનિબંધ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
15. ચૌહાણ, પરેશ (જુલાઈ 2019), 'કુટુંબ સલાહ કેન્દ્રો અને સામાજિક કાર્યકરો', સમાજકારણ, વર્ષ-13, અંક-2.


મેં વારંવાર જાહેર કર્યું કે દુનિયા જે ભૂંડા દૂષણોથી ત્રાસ પામી રહી છે તેનું કારણ દુષ્ટોની તાકાત નથી. પરંતુ સજ્જનોની નબળાઈ છે, અને આ જે નબળાઈ છે તે મોટે ભાગે ઈચ્છાશક્તિની સુસ્તી, સ્વતંત્ર મત, પ્રદર્શનનો ભય અને નીતિવિષયમાં બાયલાપણું એને આભારી છે. **– રોમાં રોલાં**

## સ્ત્રી-સશક્તીકરણનાં સમર્થક - શ્રી વસુબહેન

– ડૉ. ચંદ્રિકા રાવલ*

નારીશક્તિ સમાજજીવનની સૌથી મોટી તાકાત છે. ગુજરાતની નારીશક્તિ અને સામર્થ્યનો ઇતિહાસ ઉજ્જવળ અને પ્રગતિશીલ રહ્યો છે. સમાજજીવનમાં વિવિધ ક્ષેત્રમાં યશસ્વી મહિલાપ્રતિભામાં 'વસુબહેન'નો સમાવેશ થાય. છેલ્લા ચાર દાયકાથી એમની સાથે કામ કરતાં જે અનુભવ્યું, જે નિરીક્ષણ કર્યું એમાંથી જરૂર ફલિત થાય કે તે પુરુષવિરોધી નહીં, પરંતુ સ્ત્રીઓનાં ગૌરવ, સ્વમાન અને સન્માનનાં ચાહક રહ્યાં. આકાશવાણી કેન્દ્રના ગુજરાતનાં પ્રથમ મહિલા નિયામક, ગુજરાત સ્ત્રીકેળવણી મંડળના પ્રમુખ, સમાજકલ્યાણ બોર્ડ અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં નેતૃત્વ અને માર્ગદર્શન પૂરું પાડનાર, આગવું વ્યક્તિત્વ ધરાવતાં વસુબહેન સ્ત્રી-સશક્તીકરણના મિસાલરૂપ બની રહ્યાં.

પ્રસ્તુત લેખ ગૌણ માહિતી આધારિત છે. સ્ત્રી-સશક્તીકરણની વિશેષતા અને વિવિધ પાસાંને વસુબહેનના વ્યક્તિત્વ સાથે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓના વિચાર અને વર્તનમાં જોવા મળતી નીડરતા અને ખુમારીએ ગુજરાતમાં મોટો ચાહકવર્ગ ઊભો કર્યો. એમનાં કાર્યો અને જીવન સ્ત્રી-સશક્તીકરણ સાથે કેવી રીતે સંબંધિત છે, એ આ લેખનું કેન્દ્રબિંદુ છે.

**ચાવીરૂપ શબ્દો** : વસુબહેન, સ્ત્રી-સશક્તીકરણ, કર્મશીલ.

**પ્રસ્તાવના :**

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ''વિશ્વના કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહીં ત્યાં સુધી વિકાસની કાંઈ તક મળી શકશે નહીં. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે.''

મહિલાઓની સ્થિતિ સુધારી, એને સશક્તીકરણ તરફ લઈ જવા અનેક સ્ત્રી-પુરુષની ભૂમિકા પ્રશંસનીય રહી છે. ગુજરાતમાં પણ વિવિધ ક્ષેત્રો વેપાર, વાણિજ્ય, રાજકારણ, સાહિત્ય, રમત-ગમત, સમાજસેવા, શિક્ષણ વગેરેમાં અનેક સ્ત્રીઓએ દેશને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતની આ નારીપ્રતિભામાં 'વસુબહેન'નો સમાવેશ પણ ખૂબ જ સન્માનજનક રીતે થાય છે.

**જીવનઝરમર :**

વસુબહેન એટલે પોતાના પ્રથમ નામથી ઓળખાતું અનેરું વાત્સલ્યસભર વ્યક્તિત્વ. તેમનો જન્મ 23 માર્ચ, 1924માં વડોદરામાં થયો. નાનપણમાં માતા સરસ્વતીબહેનની છત્રછાયા ગુમાવી. પિતા રામપ્રસાદ શાસ્ત્રી સયાજીરાવ ગાયકવાડના પોલિટિકલ સેક્રેટરી હતા. પરિવારમાં વસુબહેનનો પાંચમો ક્રમ. વડોદરામાં શાળાકીય શિક્ષણ પૂરું કરી, બી.એ. સમકક્ષ ગણાતી ગૃહિતા ગમા (જી.એ.)ની ડિગ્રી મહર્ષિ કર્વેએ સ્થાપેલી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંલગ્ન પ્રથમ મહિલા કૉલેજ એસ.એલ.યુ. કૉલેજમાંથી લીધી. તે સમયે એસ.એલ.યુ.માં એક વિભાગ તરીકે બી.એડ્.નો અભ્યાસ થતો, તેના એ વિદ્યાર્થિની. ખંત, મહેનત, ધગશથી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં અગ્રણી ક્રમ પણ પ્રાપ્ત કરેલો. 1975થી આ વિભાગ એસ.એલ.યુ. કૉલેજ કૅમ્પસમાં જ શ્રી એમ.એન.કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન તરીકે કાર્યરત છે.

અમદાવાદની રાવ મગનભાઈ કરમચંદ સ્કૂલમાં શિક્ષિકા બની વ્યવસાય ક્ષેત્રે પગરવ માંડ્યાં. પરંતુ એમનો સ્વભાવ જાહેરજીવનમાં નવું કરવાનો હતો, એટલે 1949માં આકાશવાણી કેન્દ્રમાં જોડાયાં. વડોદરા, રાજકોટ અને મુંબઈમાં વિવિધ પદ પર કામ કરી, છેલ્લે અમદાવાદ રેડિયોસ્ટેશનના પ્રથમ મહિલાડિરેક્ટરનો હોદ્દો સંભાળી, ગુજરાતના આકાશવાણી કેન્દ્રના પ્રથમ મહિલાનિયામક

* પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. માનદમંત્રી - ગુજરાતી સ્ત્રીકેળવણી મંડળ, અમદાવાદ)

તરીકે આરૂઢ થયાં ને વૈવિધ્યસભર કાર્યક્રમોના ઘડતર અમલમાં માર્ગદર્શકરૂપ ભૂમિકા ભજવી, વય-મર્યાદાથી નિવૃત્ત થયેલાં. નિવૃત્તિ પછી તેઓ ગુજરાત સરકાર દ્વારા સમાજકલ્યાણ સલાહકાર બોર્ડના અધ્યક્ષપદે નિયુક્ત થયેલાં. આજીવન ગુજરાત સ્ત્રી-કેળવણી મંડળનાં પ્રમુખ રહ્યાં.

વસુબહેન વિશે એવું લખાયું છે કે, ગુજરાતી સાહિત્ય અને મીડિયા જગતમાં એક એવું નામ છે, જે માત્ર નામથી ઓળખાય છે. કોઈ અટક કે ઉપનામ તખલ્લુસ - મને લાગુ પડતું નથી. માત્ર 'વસુબહેન' - શક્તિનું સરનામું, સ્વમાન, સન્માન - સ્ત્રીસશક્તીકરણનો ત્રિવેણીસંગમ. 100 વર્ષના આયુષ્યની ખેવના કરનાર વસુબહેનનું 13 ડિસેમ્બર, 2020ના રોજ 96 વર્ષની વયે અવસાન થયું.

**સ્ત્રીસશક્તીકરણ :**

સશક્તીકરણની પ્રક્રિયા સર્વગ્રાહી છે. પોતાની જાત, સાધનો પર, વિચાસરણી પર અને સત્તા નિર્ધારિત કરતાં પરિબળો પર નિયંત્રણ મેળવવાની પ્રક્રિયાને સશક્તીકરણ કહેવાય.

સશક્તીકરણ એ અધિકાર પ્રાપ્ત કરવાની, આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવાની તથા સ્વયં નિર્ણય લેવાની પ્રક્રિયા છે.

સ્ત્રીસશક્તીકરણ એવી પ્રક્રિયાઓને સૂચિત કરે છે, જેના દ્વારા સ્ત્રીઓની સ્વ-સંગઠનની શક્તિ વધે છે અને દૃઢ બને છે. સ્ત્રીઓ સમાજ અને કુટુંબમાં સામાજિક દરજ્જો અને ભૂમિકાની બાબતમાં પુરુષોની તાબેદારીમાંથી બહાર નીકળીને આત્મનિર્ભર બનવાની શક્તિ વિકસાવે છે. સ્ત્રીઓનું સશક્તીકરણ પસંદગીયુક્ત સ્વાતંત્ર્ય ભોગવવા, સંસાધનોનું નિયંત્રણ ધરાવવા અને કુટુંબ તથા સમુદાયમાં સહભાગી સંબંધો ધરાવતી શક્તિને આવરી લે છે. સ્ત્રીઓનું સશક્તીકરણ રાજ્ય વહીવટીતંત્ર, કુટુંબ, સગપણ સંબંધો, કાર્યસ્થળ અને તેનું સંગઠન, સંસ્કૃતિ અને જ્ઞાનનું સર્જન કરતી સંસ્થાઓ કે રાજકારણ અને સત્તાક્ષેત્રે સ્ત્રીના વિકાસના માર્ગો પરના અવરોધો દૂર કરવાની, સામાજિક ચળવળોને સંગઠિત કરવાની શક્તિનો નિર્દેશ કરે છે.

ઉપર્યુક્ત સંદર્ભમાં 'વસુબહેન'નાં વ્યક્તિત્વ અને કાર્યો તથા સામાજિક દાયિત્વનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો છે.

**સભાનતા જાળવણી :**

સ્ત્રીસશક્તીકરણની વિશેષતા છે દરેક સ્તરે સભાનતા. મુખ્ય સત્તામાં નિર્ણયાત્મક ભૂમિકામાં સભાનતાપૂર્વક ભાગ લેવો અને ઊંચા દરજ્જામાં એક-સમાન ભાગીદારી જાળવવી.

આકાશવાણી, અમદાવાદ કેન્દ્રનાં પ્રથમ મહિલા-નિયામક તરીકે એમણે ઘણા પડકારોનો સામનો કરી, કારકિર્દીને મક્કમતાપૂર્વક આગળ વધારી. પ્રોગ્રામ ઍક્ઝિક્યૂટિવ તરીકે આકાશવાણીમાં નવા નવા કાર્યક્રમો કર્યા. સ્ટેશનનિયામક તરીકે નિયુક્ત થઈ અનેક નવતર પ્રયોગો હાથ ધર્યા. 'રંગ રંગ વાદળિયાં' બાળકાર્યક્રમથી બાળકોમાં પ્રિય રહ્યા. અમદાવાદ, વડોદરા, રાજકોટ વગેરેમાં રેડિયોના માધ્યમથી નાટક, મહિલા અને બાળ-સાહિત્ય તથા સંગીતના કાર્યક્રમો દ્વારા સમાજમાં સંસ્કાર અને સિંચન તથા જાગૃતિ અને સભાનતાનું બેનમૂન કાર્ય કરી લોકચાહના મેળવી.

વસુબહેને રેડિયોના માધ્યમથી ઘણા પ્રકારની લોક-સભાનતા કેળવવાના પ્રયત્નો કર્યા. આવા કલાત્મક કાર્યક્રમો માટે વસુબહેનને 1978માં રાષ્ટ્રીય કક્ષાનો આકાશવાણીનો દિલ્હીનો ઍવૉર્ડ એનાયત થયેલો.

પુરુષપ્રધાન સમાજમાં જ્યારે કોઈ સ્ત્રી ઉપરી હોદ્દા પર હોય અને સમગ્ર નિર્ણય લેવાના હોય ત્યારે પોતાની ભૂમિકા, સજ્જતા અને સભાનતા જરૂરી બને છે. વસુબહેને આ ભૂમિકા નિયામક, પ્રમુખ કે અન્ય હોદ્દા માટે ખૂબ જવાબદારીપૂર્વક નિભાવી.

**અજોડતા મેળવવી :**

સ્ત્રીસશક્તીકરણ એ સક્રિય બહુપરિમાણીય પ્રક્રિયા છે. જે સ્ત્રીઓને તેમની સંપૂર્ણ ઓળખ અને જીવનના દરેક સ્તરે સત્તાનો અહેસાસ કરવા સક્ષમ બનાવે છે. (Pillai - 1995).

વસુબહેનનું વ્યક્તિત્વ નાળિયેર જેવું હતું. બહારથી દમદાર પણ અંદરથી બધાનાં હિતેચ્છુ. તેઓ માટે વિનોદ ભટ્ટે 'વિનોદની નજરે'માં વસુબહેનને પરિચય આપતાં શરૂઆત આ રીતે કરી છે : નામ : વસુબહેન, ઉપનામ : વસુબહેન, અટક : વસુબહેન, પિતા અગર પતિનું નામ : વસુબહેન. તો બીનીત મોદી (માર્ચ 23,2012)માં નોંધે છે તે મુજબ, ''વસુબહેન : નામ નહીં, સર્વ નામ સર્વે જણ માટે એક જ નામ''.

ખંત, ચીવટ, સમયપાલન, નિર્ભીકપણું, પહેલ કરવાની સાહસવૃત્તિ, નવું કરવાની જિજ્ઞાસા, નવી પેઢી પર અતૂટ વિશ્વાસ, મક્કમ મનોબળ, શિસ્તનાં આગ્રહી, પ્રસન્ન મન અને વ્યક્તિત્વ, ગૌરવશીલ, સંસ્કૃતિમાન્ય, વ્યક્તિત્વ જેવી લાક્ષણિકતા એ વસુબહેનને એમને બીજા કરતાં અજોડ બનાવ્યાં. એમનો ઠસ્સો, સુઘડતા, સુંદર વસ્ત્ર-પરિધાન એટલું જ નહીં, આગવો મિજાજ અને આત્મસૂઝ - આ બધાંને લીધે કોઈ પણ વ્યક્તિ એમના 'દોસ્ત' બનતા. એમની ઓળખ એ સંસ્થાની ઓળખ બની જતી. એ વ્યક્તિ નહીં પણ સંસ્થા હતાં. સત્તા ભોગવવી અને પોતાની સત્તાનો બીજાને અહેસાસ કરાવવો એ પ્રકારની સક્ષમતા તે ધરાવતાં એ સંદર્ભમાં સશક્તીકરણનાં પ્રહરી રહ્યાં.

**હક્કોની અનુભૂતિ :**

સશક્તીકરણનાં લક્ષણોના સંદર્ભમાં (Rahman-1997) નોંધે છે કે, સશક્તીકરણમાં યોગ્ય હોય તેવા હક્કો મેળવવા જરૂરી છે. જમીન, જંગલ, નાણાકીય મિલકત, ધન, જ્ઞાન, માહિતી અને વિચારો જેવા અધિકારો પર હક્કોની સંપૂર્ણ સિદ્ધિ છે.

આ લક્ષણને વસુબહેને અસરકારક રીતે સાર્થક કર્યું. પોતાની ઇચ્છા મુજબ જીવન જીવ્યાં, પોતાની શરતો સાથે જીવન જીવ્યા, પોતાના હક્કો ભોગવ્યા. વળી, બીજાને હક્કો અને ન્યાય મળે માટે ઝઝૂમતાં રહ્યાં. એમનાં વિશેના અનેક લખાણો અને પ્રસંગોમાં એ અભિવ્યક્ત થાય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી વખતે ઉમેદવારીપત્રમાં પોતાના આખા નામમાં માત્ર 'વસુબહેન' લખેલું, કાર્યાલયે આ ઉમેદવારીપત્ર અધૂરું ગણીને એમનું નૉમિનેશન રદ કરેલું, ત્યારબાદ જ્યારે કોર્ટમાંયે પોતાનું આ જ નામનું રજિસ્ટ્રેશન થયેલું છે એ પુરવાર કરી બતાવ્યું ત્યારે એમને કૉ-ઓપ્ટ કરવાની ફરજ પડી.

એમને પોતાની ઓળખ એક વ્યક્તિ તરીકે ઊભી કરી. એમનાં લગ્ન થયાં, પરંતુ એમના કહ્યા મુજબ, ''અમારાં લગ્ન તૂટ્યાં નહીં અને ટક્યાં પણ નહીં, પતિ જનાર્દનભાઈમાં જેંડર ઇક્વાલિટીની ખાનદાનીને લીધે અમે બંને મિત્રો તરીકે રહ્યાં.''

વસુબહેન બોલ્ડ અને બિંદાસ હતાં. આધુનિકતાની સાથે ભારતીય સંસ્કૃતિરૂપ સ્વચ્છ ચારિત્ર્ય અને શીલવાન વ્યક્તિત્વ ધરાવતાં. એમના ઘણા પુરુષમિત્રો હતા. એ નારીવાદી હતા પણ પુરુષવિરોધી ન હતાં. તકવાદીઓને ઓળખવાની એમની આગવી શક્તિ હતી.

ગુજરાત સ્ત્રીકેળવણી મંડળની શિક્ષણ અને સામાજિક સેવાની પ્રવૃત્તિ હોય, જ્યોતિસંઘ, અવાજ, મહિલા ફેડરેશન, સમાજકલ્યાણ બોર્ડ કે સાહિત્યજગત બધામાં કામ કરતાં લોકોને વિશ્વાસ હતો કે વસુબહેન અન્યાય નહીં થવા દે. સ્ત્રી હોય કે પુરુષ પણ પોતાના હક્કો ભોગવવાનો સંપૂર્ણ અધિકાર છે એવું માનતાં. આ માટે તેઓ નાનામાં નાના કર્મચારીની દરકાર રાખતાં. કોઈ અન્યાયી બાબત હોય તો સાહસભર્યું કદમ ઉઠાવતાં, ડરતાં નહીં.

**સમાજસુધારણા અને સ્ત્રીસલામતી :**

સમાજસુધારણા અને સ્ત્રીસલામતીનાં અનેકવિધ

કાર્યોમાં વસુબહેને નેતૃત્વ પૂરું પાડ્યું છે. ગુજરાતમાં કસ્તુરબા, અનસુયાબહેન સારાભાઈ, કુમુદબહેન, મેડમ કામા, ચારુમતી યોદ્ધા, વિનોદિની નીલકંઠ, શારદાબહેન મહેતા, મણિબહેન પટેલ, જમનાબાઈ પંડિતા, પુષ્પાબહેન મહેતા, અરુણાબહેન દેસાઈ, પૂર્ણિમાબહેન પકવાસા, લીલાવતી મુનશી, વીરબાળાબહેન નાગરવાડિયા, મૃણાલિની સારાભાઈ, સરોજબહેન પટેલ, પદ્માબહેન જયકૃષ્ણ વગેરેની સાથે મળી એમણે સમાજસુધારણાનાં અનેકવિધ કાર્યો કર્યાં.

ચારુમતીબહેન યોદ્ધાના નેતૃત્વ નીચે વસુબહેન, ધ્રુમનબહેન દીવાનજી, સોહિણીબહેન ધ્રુ વગેરેએ સમાજ-સુધારણાનાં કાર્યો હિંમતભેર કર્યાં. બાળલગ્ન થતાં હોય ત્યાં જીપ લઈ આ જૂથ જાય અને બંધ કરાવે, કજોડા લગ્ન અટકાવે, ઘરેલુ હિંસાની ભોગ બનેલી સ્ત્રીઓના ઘરે જઈને તેના હક્કો અપાવે. ખાસ કરીને જ્યારે સ્ત્રીઓના ઉચ્ચશિક્ષણની સમસ્યા હતી, પિતૃસત્તાક વ્યવસ્થામાં વૈધવ્યની સમસ્યા ગંભીર બનતી જતી હતી, પરંપરાગત રૂઢિઓ અને રિવાજોથી સ્ત્રીઓ પર નિયંત્રણો લાદવામાં આવતાં, વૈધવ્ય અશુભ છે, અપનુશકનિયાળ છે એમ કહી સ્ત્રીને કલંકિત ગણવામાં આવતી અને પતિના મૃત્યુ પછી સૌભાગ્યચિહ્નો ઉતારી લેવાના રિવાજો હતા, ત્યારે ઉપર્યુક્ત ક્રાંતિકારી જૂથે સક્રિય કર્મશીલની ભૂમિકા ભજવી સ્ત્રીશિક્ષણ પ્રત્યે જાગૃતિ આણી, વૈધવ્યની યાતનામાંથી ઘણી સ્ત્રીઓને મુક્તિ અપાવી. ધીમે ધીમે એમના આ વૈચારિક પ્રવાહો નારી ચળવળ માટે મહત્ત્વના બન્યા. સમાજમાં બનતી હિંસા, અન્યાય કે બળાત્કાર જેવી ઘટના બને ત્યારે નેતૃત્વ લઈ, બધી સંસ્થાઓને એક કરી, સ્ત્રીશક્તિની તાકાતનો પરિચય કરાવ્યો. ઢોંગી સાધુ, અંધશ્રદ્ધા, રૂઢિચુસ્ત વલણ વગેરે સમાજમાંથી દૂર થવાં જોઈએ એવું તેઓ અને સાથી મિત્રો દઢપણે માનતાં.

**સશક્તીકરણનાં માપદંડો :**

સશક્તિકરણની પ્રક્રિયા વિકસતી સંકલ્પના છે. આ માટે ઉષા ઠક્કર (2006 : 63) ત્રણ મુદ્દાને મહત્ત્વના ગણે છે : (1) અનુભવ, (2) વિચાર, (3) વર્તન

મહિલા સશક્તીકરણના આ માપદંડ વસુબહેને બરાબર પચાવ્યા હતા. તેમની વાક્છટા, વહીવટી સૂઝ અને સમાજજીવનનો અનુભવ, ક્રાંતિકારી વિચારો અને એ પ્રમાણે વર્તવાનો આગ્રહ આ બધાં પાંસાંએ એમને વધુ શક્તિમાન બનાવ્યાં. પુરુષો સાથે કામ કરવાનો એમનો આગવો અનુભવ હતો. 'પ્રભુ', 'દોસ્ત' કહી બધાની સાથે હાથ મિલાવે, પરંતુ એ પુરુષના માનસપટમાં શું છે એ હાથ મિલાવતી વખતે પારખી જતાં. તેઓનું વર્તન હંમેશાં સંસ્કૃતિ અનુરૂપ રહ્યું, તેઓ કહેતાં, ''આપણે કોઈ પણ જગ્યાએ પ્રવેશીએ એ પહેલાં આપણું ગૌરવ પ્રવેશવું જોઈએ.'' આ વિચારસરણી, આત્મસાત્ પણ કરેલી. સમયપાલન અને શિસ્તના ચુસ્ત આગ્રહી, મિનિટ નહીં, સેકન્ડમાં એમનાં કાર્યક્રમો, મિટિંગ અને પ્રવૃત્તિઓનું આયોજન થતું. નિમંત્રિત મહેમાનો પણ આ અંગે વાકેફ હતા.

એમના વિચારો આધુનિક હતા. જીવનશૈલી આધુનિક હતી. મક્કમ મનોબળ હતું. પોતાનાં ઇચ્છિત કામ સમયસર ન થાય તો ગુસ્સો પણ વ્યક્ત કરતાં. એમના બહોળા મિત્રવર્તુળમાં એમની આગવી ભાત હતી. નેતૃત્વ પ્રશંસનીય હતું, જન્મદિવસ, લગ્નતિથિએ શુભેચ્છા પાઠવવી, ઉપરાંત પ્રવાસ કર્યો હોય, તો રસપૂર્વક માહિતી પ્રાપ્ત કરતાં, નાનામાં નાની વ્યક્તિથી માંડી અધ્યાપક કે આચાર્ય કે કર્મચારીની સિદ્ધિઓને બિરદાવતાં. કોઈનું અવસાન થાય તો સંવેદનાયુક્ત શોકસંદેશ મોકલતાં. વસુબહેન માનતાં હતાં કે, 'સ્ત્રીઓ દુર્બળ જન્મતી નથી પરંતુ પુરુષપ્રધાન સમાજે ઘડેલા આદર્શો, નિયમો અને રૂઢિઓ એને દુર્બળ બનાવે છે.' આવા પરંપરાવાળા સામાજિક સાંસ્કૃતિક માળખામાં સ્ત્રી રાજીખુશીથી એ જાળમાં ફસાતી નથી, પરંતુ એના બીબાઢાળ (Steryotype) આદર્શોમાં સ્ત્રી પોતાનું વ્યક્તિત્વ ગુમાવે છે. સ્ત્રીઓની આગળ કોઈ સંબોધનો કુમારિકા, અ.સૌ. કે ગંગા સ્વરૂપની જરૂર નથી. માત્ર નામ પૂરતું છે.

એટલે જ પોતાનું નામ માત્ર 'વસુબહેન' કહેતાં/લખતાં/ નોંધાવતાં.

વિશેષમાં, તેઓ જાહેરમાં કહેતાં કે, 'સ્ત્રીઓને ત્યાગમૂર્તિ, આદર્શમૂર્તિ, શક્તિ, દૈવી એવાં બિરુદ આપવા કરતાં એનો સ્વતંત્ર રીતે વ્યક્તિ તરીકે સ્વીકાર કરો અને એ મુજબ વર્તો તો જેન્ડર અસમાનતા આપોઆપ દૂર થશે. સ્ત્રીને સ્વતંત્ર રીતે જીવવાનો અધિકાર છે.' એ પોતે જિંદગીની પ્રત્યેક ક્ષણો આનંદ અને ઉત્સાહથી જીવ્યાં.

ડૉ. સ્મિતા ત્રિવેદી (2020) હૃદયાંજલિ આપતાં જણાવે છે કે, 'વસુબહેન એક વ્યક્તિવિશેષ કરતાં વિરાટ ચેતના સ્વરૂપ હતાં. સ્વતંત્ર વ્યક્તિત્વ અને આગવા મિજાજનો પર્યાય એટલે વસુબહેન. સર્જનશીલતા, આત્મસૂઝ તેમજ નવીનીકરણ થકી પરંપરાને જાળવી રાખવાની આગવી શૈલી ધરાવતું આનંદસભર જીવંત વ્યક્તિત્વ.' પ્રિ. ડૉ. સિરાલી મહેતા (2020) જણાવે છે કે, 'વસુબહેન વિરાટ વ્યક્તિત્વ ધરાવતાં. એક વસુબહેનમાં અનેક વ્યક્તિત્વ સમાયેલાં. સ્ત્રીઓએ પછાત ન રહેતાં આધુનિક બની નવી વૈચારિક ક્રાંતિ લાવવી જોઈએ એમ માનતાં. એ માધ્યમોનાં માણસ હતાં. એમના સંબંધો થકી સંસ્થામાં સંત, કેળવણીકાર, નેતા, સાહિત્યકાર અને કલાકારો, મંત્રીઓ વગેરેનું આગમન થતું. આનંદપ્રદ કોઈ પણ કાર્યક્રમો વાજતેગાજતે થવા જ જોઈએ એનાં આગ્રહી પણ ખરાં.' ડૉ. શૈલજા ધ્રુવ (2020) જણાવે છે કે, ''બાહોશ અને પ્રેમાળ વ્યક્તિત્વનો સંગમ એટલે વસુબહેન. **'બહારથી એ દમામ કે પાસે આવવા ન દે, ને અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે'** એ ઉક્તિ વસુબહેનના વ્યક્તિત્વ સાથે એકદમ બંધ બેસે.''

સશક્તીકરણ વ્યક્તિની આત્મછબી (Self Image) સાથે સામાજિક છબી (Social Image) ઊભી કરે છે. અન્યાયને પડકારી પરિવર્તન લાવવાની બાબતમાં વસુબહેન દૃઢતાપૂર્વકનાં કર્મશીલ રહ્યાં. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના બંધારણ અને આદર્શોને વળગી રહી, પુરુષોના હાથમાં સત્તા ન જાય સાથે સંસ્થાના વિકાસ માટે કાર્યદક્ષ પુરુષોનો અનાદર ન થાય એ માટે હંમેશાં સજાગ પણ રહેતા. નિર્ભય રીતે પુરુષોની પરંપરાવાદી વિચારસરણી પર નિયંત્રણ રાખતાં. આમ, 'પુરુષત્વ' નહીં, 'સ્ત્રીત્વ'થી છલકાતું એમનું વ્યક્તિત્વ બહુઆયામી હતું.

**સશક્તીકરણનાં સૂચકોનાં સમર્થક :**

સ્ત્રીસશક્તીકરણનાં સૂચકો મહત્ત્વનાં છે. વસુબહેને સ્ત્રીસશક્તીકરણના સૂચકો - મહિલાઓના સવાલ ઉઠાવવા, પોતાની આસપાસના સમાજજીવનના ઉત્થાન માટે હંમેશાં સમર્થન આપવું, સમાજમાં મહિલાઓ સાથે સંબંધિત ભ્રામક માન્યતા અને વિચારોનો પરિત્યાગ કરવો, સ્ત્રીઓના સંગઠનમાં કામ કરી એને વધુ મજબૂત બનાવવી, ઘર અને ઘર બહાર સ્ત્રીઓ પર દબાણ કે હિંસા કરનારાઓનો સામનો કરવો અને સમાજમાં જેન્ડર ઈક્વાલિટી પ્રસ્થાપિત થાય એ માટે આત્મવિશ્વાસપૂર્વક પ્રયત્નો કરવા - પર ભાર મૂક્યો.

વસુબહેને કલાકાર મિત્રોના સહયોગથી અનેક નાટકો, શેરીનાટકો, સાહિત્યસર્જન, જાહેર કાર્યક્રમો, શિબિર વગેરે દ્વારા સમાજમાં સ્ત્રીસશક્તીકરણનું કાર્ય કર્યું. સ્ત્રીઓનું આત્મગૌરવ અને આત્મવિશ્વાસ વધારવામાં એમની ભૂમિકા પ્રસંશનીય રહી.

**શિક્ષણ, સાહિત્ય અને જાહેરજીવન :**

શિક્ષણ દ્વારા સામર્થ્ય મેળવીને સ્ત્રીઓએ સમાજમાં આગવી ઓળખ ઊભી કરી છે. સ્ત્રીઓમાં સ્વનિર્ભરતા અને આત્મવિશ્વાસ વધ્યાં છે. શિક્ષિત સ્ત્રીઓ આર્થિક સ્વાતંત્ર્ય, આધુનિક મૂલ્યો, જ્ઞાનની નવી દિશા પ્રાપ્ત કરી, પોતાનો દરજ્જો ઊંચો લઈ જવા પ્રયત્નશીલ રહી છે.

અંગ્રેજોના આગમન પહેલાં ગુજરાતમાં કેળવણી માત્ર ઉપલી જ્ઞાતિ માટે જ હતી. સ્ત્રીશિક્ષણની વાતો ગણ્યાગાંઠ્યા લોકોમાં થતી. સ્ત્રીકેળવણીના અનેક

અવરોધો વચ્ચે ગુજરાતના અમદાવાદમાં સ્ત્રીશિક્ષણની શરૂઆત થઈ. 20મી સદી સુધી તો એનું પ્રમાણ નહિવત્ હતું. આઝાદી પછી સ્ત્રીશિક્ષણ માટે આયોજિત પ્રયત્નો થયા. સ્ત્રીકેળવણીની આવશ્યકતા પર ભાર મુકાયો. અમદાવાદમાં 30 ઑગસ્ટ, 1920ના રોજ પ્રથમ મહિલા કૉલેજ - એસ. એલ. યુ. કૉલેજની શરૂઆત થઈ. આ કૉલેજને આ વર્ષે 2020માં સ્થાપનાનાં 100 વર્ષ પૂરાં થયાં. શ્રી વસુબહેને 1986થી આ કૉલેજના સંચાલક મંડળ : ગુજરાત સ્ત્રીકેળવણી મંડળમાં નેતૃત્વ સંભાળ્યું. આજદિન સુધી સેંકડો સ્ત્રીઓ આ સંસ્થા અંતર્ગતની કૉલેજોમાંથી ઉચ્ચશિક્ષણ મેળવી, સમાજમાં જુદા જુદા ક્ષેત્રે અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. વસુબહેન એસ. એલ. યુ.નાં વિદ્યાર્થિની વળી, ગુજરાત સ્ત્રીકેળવણી મંડળનાં કુશળ વહીવટકાર અને જીવનપર્યંત પ્રમુખ રહ્યાં. એમના નેતૃત્વ નીચે કૉલેજીસમાં સ્ત્રીશિક્ષણની સાથે સમાજસેવાનાં અનેક કાર્યો થયાં. કોમી હુલ્લડ વખતે એખલાસ સર્જવામાં એમનું નેતૃત્વ પ્રેરણાદાયી રહ્યું. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ જેવી કુદરતી આફતો કે માનવસર્જિત આપત્તિ સમયે સંચાલક મંડળના હોદ્દેદારો, સભ્યો, વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો અને આચાર્યો, વહીવટી કર્મચારીઓ તેમજ સંસ્થા અંતર્ગતના સામાજિક વિભાગ - કુટુંબ સલાહ કેન્દ્ર, કાનૂની સહાય કેન્દ્ર, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કાર્યકરોની સાથે રહી સમાજસેવામાં યોગદાન આપ્યું. પ્રસિદ્ધ લેખકો, સાહિત્યકાર, કવિઓ, શ્રેષ્ઠીઓ, કલાકાર, વક્તા વગેરે સાથેના વસુબહેનના વ્યક્તિગત સંબંધ શિક્ષણ તેમજ શિક્ષણસંલગ્ન પ્રવૃત્તિઓમાં જ્ઞાનવર્ધક રહ્યા. 'ઉત્તમ કામ કરો, શ્રેષ્ઠતા દેખાડો, ઊંચું નિશાન રાખો, બેનમૂન આયોજન કરો' એ વિચારધારા ચરિતાર્થ કરવા હંમેશાં કટિબદ્ધ રહેતાં ને રાખતાં.

વસુબહેન નિવૃત્ત થયાં પછી પણ સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યક્ષેત્રે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં રહ્યાં. આકાશવાણી ઉપરાંત સમાજ કલ્યાણ બોર્ડનાં અધ્યક્ષ, ગુજરાત સ્ત્રીકેળવણી મંડળીનાં પ્રમુખ, ગુજરાત મહિલા ફેડરેશનનાં આદ્યસ્થાપક એવાં વસુબહેન અનેક સ્વૈચ્છિક સંસ્થાઓમાં હંમેશા પ્રેરણાત્મક અને પ્રોત્સાહક બની રહ્યાં.

**ગુજરાતની વિશિષ્ટ બહુમુખી પ્રતિભા ધરાવતાં મહિલા - વસુબહેન પ્રતિભાવંત મહિલા :**

- મહિલા ગૌરવ ઍવૉર્ડ
- અમદાવાદનો ગૌરવ ઍવૉર્ડ
- નાનુભાઈ સુરતી સાંસ્કૃતિક ગૌરવ ઍવૉર્ડ
- સમાજકલ્યાણ બોર્ડ તરફથી ઉત્તમ કાર્યકર ઍવૉર્ડ
- વર્ષ 2002નો 'ધ ગ્રેટ ડોટર ઑફ સોઇલ રાષ્ટ્રીય પુરસ્કાર'
- 2003માં પુષ્પાબહેન મહેતા ઍવૉર્ડ
- 2010-2011માં લાડલી મીડિયા તરફથી 'લાઇફટાઇમ એચીવમેન્ટ' ઍવૉર્ડ એનાયત થયા.

વસુબહેન કહેતાં, 'શિક્ષણ અને સામાજિક કાર્યમાંથી મને આનંદ અને બળ મળે છે.' તેઓ જાહેર જીવનમાં ઉમદા અને સ્વચ્છ ચારિત્ર્ય ધરાવનાર કર્મશીલ હતાં.

વસુબહેન એક જાણીતા અને સફળ લેખિકા રહ્યાં. તેમના નવલકથા અને નવલિકાસંગ્રહો મળી આઠ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં. 'રતનબાઈ ઠમકો કરો - એ વસુબહેને લખેલું, પોતે જ ભજવેલું, એકપાત્રીય ચિર સ્મરણીય નાટક છે. તેઓનું પુસ્તક 'પાંદડે પાંદડે મોતી' નવલિકાસંગ્રહને ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી 'ભગિની નિવેદિતા પુરસ્કાર' અને 'યોગાનુંયોગ'ને 'કાકાસાહેબ કાલેલકર રેખાચિત્ર ઍવૉર્ડ' પ્રાપ્ત થયો છે. મીડિયા અને સોશિયલ મીડિયાના ચાહકોના હૃદયમાં વસુબેને સન્માનનીય દરજ્જો પ્રાપ્ત કરેલો. તેઓ રેડિયો અને થિયેટરનાં જીવંત વ્યક્તિ હતાં, એટલું જ નહીં નિર્ભયપણે પોતાનો મત રજૂ કરવાની કલા પણ તેમનામાં હતી.

આમ, સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક અને જાહેરજીવનના ક્ષેત્રે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં એવાં

વસુબહેન સ્ત્રીઓના સન્માન, ગૌરવ અને અધિકાર માટે ઝઝૂમતા રહ્યાં. શિક્ષણ અને સમાજસેવામાં જીવન સમર્પિત કરી કુનેહપૂર્વકનું સબળ નેતૃત્વ પૂરું પાડ્યું.

વસુબહેનના જીવનવૃત્તાંત પરથી ચોક્કસ કહી શકાય કે, 'વાત્સલ્યસભર, યુવાહૃદય ધરાવનાર વસુબહેન સાચા અર્થમાં સ્ત્રીસશક્તીકરણનાં પ્રહરી રહ્યાં, સમર્થક રહ્યાં.'

**સંદર્ભસૂચિ :**


1. Desai Neera, Thakkar Usha (2001) : Women in Indian Society, National Book Trust, New Delhi
2. Modi Binit (23 April, 2017) : 'વસુબહેન' નામ નહીં 'સર્વ જણ' માટે એક જ નામ.
3. National Policy for the Empowerment of Women - 2001, Govt. of India, New Delhi, National Institution of Public Coperation and child development.
4. અકિલા ન્યૂઝ (http://www.akilanews.com), 14 Dec-2020
5. ગુજરાતની મહિલાશક્તિ સામર્થ્યનું સ્મરણ (2011) : મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
6. ડૉ. ચંદ્રિકા રાવલ (2020) : ભારતમાં જેન્ડર વિકાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
7. વ્યાસ નિરૂપમા (1997) : મહાનગરમાં રહેતી હિન્દુ ઉજળિયાત જ્ઞાતિઓમાં વિધવાઓના જીવનમાં આવી રહેલું પરિવર્તન - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ - અર્થાત્, જાન્યુઆરી-માર્ચ (1997:16:1)
8. વિનોદ ભટ્ટ (2001) : વિનોદની નજરે - ગૂર્જર પ્રકાશન, અમદાવાદ
9. વસુબહેન વિશેનાં લખાણો અને શ્રદ્ધાંજલિ ડૉ. સ્મિતા ત્રિવેદી, ડૉ. ચંદ્રિકા રાવલ, ડૉ. સિરાલી મહેતા, ડૉ. શૈલજા ધ્રુવ


•

ઈંગ્લૅન્ડની એક શાળામાં રાજા મુલાકાતે આવે છે. એક શિક્ષક વર્ગમાં તલ્લીનતાથી ભણાવે છે. રાજા વર્ગ પાસેથી પસાર થાય છે ત્યારે પણ તે ભણાવવાનું ચાલુ રાખે છે. પીરિયડ પૂરો થયા બાદ તે રાજા પાસે જાય છે અને કહે છે, ''આપ નામદારનું હું અભિવાદન કરું છું. આપ પસાર થયા ત્યારે મેં ભણાવવાનું કાર્ય અટકાવી અભિવાદન કર્યુંન હતું. તેમાં મારો કશો અવિનય ન હતો, પરંતુ હું મારા વિદ્યાર્થીઓની પાસે ખોટા આદર્શ મૂકવા માગતો ન હતો. વર્ગખંડમાં શિક્ષકથી મોટું કોઈ નથી. — રાજા પણ નહીં. રાજા પણ આ વાત સાંભળી પ્રસન્ન થયા અને શિક્ષકની પીઠ થાબડી. આ જ છે શિક્ષકનું પોત - શિક્ષકત્વ. આજે એ પોત આપણે બતાવવાની જરૂર છે.

•

જગતમાં મોટામાં મોટી મુશ્કેલી એ છે કે મૂર્ખ લોકોનો આત્મવિશ્વાસ કદી પણ ડગતો નથી અને બુદ્ધિશાળી લોકો પોતાના સંદેહો કદી છોડતા નથી.

•

(1) સિદ્ધાંત વિહોણી રાજનીતિ, (2) શ્રમવિહીન સંપત્તિ, (3) નીતિવિહીન વ્યાપાર, (4) ચારિત્રવિહીન શિક્ષણ, (5) વિવેકવિહીન આનંદ, (6) માનવતાવિહીન વિશ્રામ, (7) ત્યાગવિહીન પૂજા - આ સાત સામાજિક પાપ છે.

## 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે પૂર્વસમીક્ષિત (Referred) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને નવું લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. 100/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ

A/c No. : 200210100002590

બૅંકનું નામ : Bank Of India

શાખા : Ashram Road Branch, Ahmedabad

IFC Code BKID0002000

બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

અહિંસા મારા જીવન સાથે જોડાયેલી વસ્તુ છે. હું એને કદી છોડી ન શકું. અહિંસા પરની મારી શ્રદ્ધા દિવસે દિવસે વધતી જ જાય છે અને એની સફળતાનો પ્રત્યક્ષ અનુભવ પણ મને થતો રહ્યો છે. મારી ધરપકડ પછી લોકોએ શું કરવું જોઈએ એ વિશે મેં જે કંઈ કહ્યું હતું તે આનાથી બિલકુલ ઊલટું જ છે. અર્થાત્ મેં તો એમ કહ્યું હતું કે જો એ પ્રસંગે લોકો હિંસક પ્રવૃત્તિ ઉપાડે તો અહિંસાવાદીઓ એને રોકવાનો પ્રયત્ન કરે. ગુલામી વિશે તો મેં એમ કહ્યું હતું કે જો મારે ગુલામીના અથવા હિંસાકાંડના સાક્ષી બનવું જ પડે તો જરૂર હું હિંસાકાંડના સાક્ષી બનવાનું પસંદ કરું. મારા કથનમાં અને છાપામાં જે છપાયું છે તેમાં મોટો ફરક છે. મેં જે કહ્યું છે તેમાં હિંસા કરવાની તો કોઈ વાત જ નથી. આપણે સૌ હિંસા વગેરે અનિષ્ટ કૃત્યોના સાક્ષી, પછી ભલે ને તે અનિચ્છાએ હોય, હમેશાં રહેતા આવ્યા છીએ અને રહેવું પડશે.

**-'ગાંધીજીનો અક્ષરદેહ'** ૪૨ : પૃષ્ઠ ૪૨૯

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) અન્યત્ર પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોનનંબર તેમજ Email ID અને શક્ય હોય તો સામાજિક સેવામંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯

(૧૧) જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો–સમાચાર–પ્રવૃત્તિ–નોંધ મોકલી દેવા વિનંતી છે.

• • •

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
**વર્ષ : ૧૫, જાન્યુઆરી ૨૦૨૧, અંક : ૧**
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯